જૂનાગઢ શહેરમાં બે દશકા પહેલા રેલવે લાઈન શહેરના છેવાડાના વિસ્તારમાં નાખવામાં આવી હતી જેથી કોઈને નડતરરૂપ ન બને. દરમ્યાન છેલ્લા બે દશકામાં જૂનાગઢ શહેર અને આસપાસનો ખુબજ વિકાસ થયો છે. જેના કારણે ગામના છેવાડે જે તે વખતે નખાયેલી રેલવે લાઈન આજે ગામની વચ્ચોવચ આવી ગઈ છે. રેલવે સ્ટેશનથી વિસાવદર, દેલવાડા, ધારી જતી ટ્રેન જોષીપરા, વૈભવ ફાટક, તળાવ દરવાજા, જલારામ સોસાયટી, ભુતનાથ ફાટક, ગાંધીગ્રામ સહિતના વિસ્તારોને આવરી લે છે. જ્યારે વેરાવળ સોમનાથ જતી રેલવે લાઈન બસ સ્ટેન્ડ, જોષીપરા ફાટકને આવરી લે છે. આમ જોવા જઈએ તો રેલવે સ્ટેશનથી શરૂ થતાં રેલવે ફાટકો લગભગ દરેક સોસાયટી વિસ્તારના રહીશોને નડે છે. કારણ કે વિવિધ કામગીરી માટે અવર-જવર કરતા લોકોને ખાસ કરીને ઉપરોકત ફાટક પરથી પસાર થતી વખતે જો ટ્રેનનો સમય થઈ ગયો હોય તો ૧૫ મિનિટ, અડધો કલાક જેટલો સમયનો વ્યય થતો હોય છે. ટ્રેન પસાર થવાની હોય તેના પંદરેક મિનિટ પહેલા ફાટક બંધ કરી દેવામા આવે છે અને ટ્રેન નીકળી જાય પછી ફાટક ખોલવામાં આવતી હોય છે. આમ વચ્ચેના ૧૫થી ૨૦ મિનિટના સમયગાળામાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે અને ટ્રાફિક ક્લીયર થતાં વાર લાગતી હોય છે. ટ્રાફિકમાં ફસાયેલા લોકોને ટ્રાફિકમાંથી બહાર નીકળતા સમય લાગી જાય છે. ઘણી વખત તો એવું બને છે કે, અગત્યનાં કામો ખોરવાઈ જતાં હોય છે. આ સમસ્યા વર્ષો જૂની છે જે અંગેની લોકોની રજૂઆતને ધ્યાને લઈ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સમયકાળમાં જૂનાગઢ સહિતના મહાનગરોને ફાટકલેશ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ આગળ કોઈ કાર્યવાહી થઈ નથી.

દરમ્યાન અચાનક ફરી એકવાર જૂનાગઢ શહેરને ફાટક મુક્ત બનાવવાનો મુદ્દો ગુંજી ઉઠ્યો જેના કારણમાં એવું જાણવા મળે છે કે, થોડા સમય પહેલા શહેરમાંથી ફાટક મુક્ત યોજના માટેના પ્લાન એસ્ટીમેટ તૈયાર થયા હતા જે નવી માર્ગરેખા ઘડાઈ તેમાં રેલવે સ્ટેશનથી લઈ ગાંધીગ્રામ સુધીમાં જ્યાં ફાટક આવે ત્યાં ઓવરબ્રીજ બનાવવામાં આવશે. તે અંગેના પ્લાન, નક્શા પણ મૂકાયા અને તેની સાથે ભારે વિરોધ થયો, ફાટકલેશની યોજના આગળ વધે તે પહેલા જૂનાગઢ શહેર ગરનાળામાં ફેરવાઈ જશેનો નારો ગુંજી ઉઠ્યો. ચારેબાજુ ગરનાળા, ગરનાળાનો મુદ્દો ગાજવા લાગ્યો તેમજ ગાંધીગ્રામ, ગ્રોફેડ નજીક રેલવે સ્ટેશન ખસેડવા અંગેની દરખાસ્ત, રજૂઆત પણ આવવા લાગી તેની સામે પણ વિરોધ થયો. જૂનાગઢ શહેરમાં વચ્ચોવચ્ચ હાલ કાર્યરત રેલવે લાઈનને કારણે વચ્ચે આવતા રેલવે ફાટકોની સમસ્યા અને મુશ્કેલી બાબતે કોઈ આગળની કાર્યવાહી ન થઈ અને આ મુદ્દો જ પડતો મૂકાઈ ગયો જેને લઈને ફરી એકવાર લોકો ફાટકની સમસ્યામાં ફસાયેલા રહ્યા. લોકો તો એટલે સુધી બોલે છે કે, ફાટકલેશનો મુદ્દો ગરનાળાના વિરોધમાં છવાઈ ગયો છે. જૂનાગઢ શહેરમાં હાલ આવી સ્થિતિ પ્રવર્તી રહી છે. ત્યારે જૂનાગઢ શહેર ફાટક મુક્ત ક્યારે બનશે તેનો છે કોઈ પાસે જવાબ ?

ગરનાળાનો વિરોધ થતાં ફાટકલેસનો મુદ્દો ભૂલાઈ ગયો !

કોંગ્રેસ પાર્ટીનું મ્યુનિ. કમિશનરને આવેદન

જામનગરનો નવો ફલાય ઓવરબ્રિજ ખુલ્લો નહીં મૂકાય તો ૩૦મીએ જનતાના હસ્તે લોકાર્પણ થશે

નવા ફલાય ઓવરબ્રિજને પૂર્વ રાજવી જામ રણજીતસિંહનું નામ આપવાની માગણી

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૨૦

જામનગર શહેરની મધ્યમાં નવા તૈયાર થયેલા ફલાય ઓવર બ્રિજના ઉદ્ઘાટનની મુદત પડી છે અને લોકો માટે ખુલ્લો મૂકવામાં વિલંબ થયો છે. ત્યારે કોંગ્રેસ પાર્ટી દ્વારા જામનગરના કમિશનરને આવેદનપત્ર પાઠવીને જણાવ્યું છે, કે આગામી ૩૦ તારીખ સુધીમાં જો બ્રિજનું લોકાર્પણ નહીં થાય, તો જાહેર જનતાને સાથે રાખીને બ્રિજ ખુલ્લો મૂકી દેવામાં આવશે. ઉપરાંત નવા બ્રીજનું નામ માજી રાજવી જામ રણજીતસિંહજી પણ જાહેર કરવા માગણી કરવામાં આવી છે. જામનગર શહેરમાં નવો ફલાય ઓવર બનાવવાનું કામ ગણા લાંબા સમયથી ચાલુ રહેવાને કારણે વર્ષ ૨૦૨૧થી નગરજનો હાલાકી ભોગવી રહયા છે. ત્યારે તા.૨૧ના ગુરૂવારે મુખ્યમંત્રીના હસ્તે આ ફલાય ઓવરનું થનારૂં લોકાર્પણ પાછું ઠેલાયા બાદ હવે આ બ્રિજ નજીકના ભવિષ્યમાં ખુલ્લો નહીં મૂકાય તો આગામી તા.૩૦ના રોજ જામનગરની જનતાને સાથે રાખીને ફલાય ઓવર ખુલ્લો મૂકી દેવામાં આવશે. તેવી મ્યુ. કમિશનરને પત્ર પાઠવીને રજુઆત કરવામાં આવી છે. ઉપરાંત ફલાયઓવર બ્રિજને જામ રણજીતસિંહજીનું નામ આપવા પણ માગણી કરી છે. નવા ફલાય ઓવરની કામગીરી સો ટકા પુરી થઈ ગઈ છે. તેને પણ મહિના જેટલો સમય થવા આવ્યો છે. છેલ્લે તા.૨૧મીએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે ફલાય ઓવરનું લોકાર્પણ કરવા માટેનું જાહર કર્યું હતું પરંતુ બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારના શપથવિધિમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહયા હોવાથી જામનગરના કાર્યક્રમને મોકૂફ રખાયો છે. હવે આ ફલાય ઓવર બ્રિજ ક્યારે ખુલ્લો મૂકાશે, તે અધ્ધરતાલ છે. આવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જામનગર શહેર કોંગ્રેસના પ્રમુખ દિગુભા જાડેજાએ મ્યુનિ કમિશનરને પત્ર પાઠવી આગામી ૩૦ તારીખ સુધીમાં તેનું ઉદ્ઘાટન નહીં કરવામાં આવે, તો પ્રજાને સાથે રાખીને તેનું ઓપનિંગ કરી લેવામાં આવશે. ઉપરાંત બ્રિજનું માજી રાજવીના નામથી લોકાર્પણ કરવાની પણ છે પત્રમાં માગણી કરી છે.

વડોદરામાં ભરૂચના યુવકની પ્રેમિકાનું અપહરણ કરનાર ઈસમ અને જેલ સિપાઈની ધરપકડ : છ દિવસના રિમાન્ડ મંજૂર

૫૦ લાખની માગણી કરવામાં આવી હતી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૨૦

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીથી કારમાં ભરૂચ જવા નીકળેલા યુવક યુવતીને સુસેન સર્કલ નજીક આંતરીને પોલીસની ખોટી ઓળખ આપીને અપહરણ કરવાના બનાવમાં સંડોવાયેલા બે આરોપીને માંજલપુર પોલીસે ઝડપી પાડયા બાદ આજે બન્ને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરવામાં આવતા જયુ.મેજિ.એ બન્ને આરોપીના તા.૨૫ નવેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ગઈકાલે ભરૂચ શેરપુરા રોડ પર મદીના પાર્ક સોસાયટીમાં રહેતા અફાન ઉસ્માનભાઈ કાનીએ ફરિયાદ નોંધાવી હતી કે, ગત ૧૨મી તારીખે બપોરે હું તથા મારી પ્રેમિકાને કારમાં વડોદરા એમ.એસ. યુનિવર્સિટીથી ભરૂચ જતા હતા ત્યારે આર્મી કેમ્પ આગળ સ્કોર્પિયો કારના ચાલકે તેમની કારને આંતરી હતી.

આ શખ્સોએ પોલીસની ઓળખ આપી હતી અને તેમણે ફરિયાદીની પ્રેમિકાને કારમાંથી ઉતારી તેઓની કારમાં બેસાડીને લઈ ગયા હતા. જ્યારે અન્ય બે આરોપીઓ ફરિયાદીને તથા તેના ડ્રાઈવરને બળજબરીથી કારમાં બેસાડી અમદાવાદ લઈ ગયા હતા અને સાડા ચાર લાખ રૂપિયા પડાવ્યા હતા. પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી યાજ્ઞિક રમણભાઈ ચાવડા (રહે.જેલ સ્ટાફ ક્વાર્ટર) અને આફતાબ નઈમ પઠાણ (રહે.તાંદલજા)ની ઝડપી લીધા હતા.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી યાજ્ઞિક જેલ પોલીસ (સિપાઈ) તરીકે વડોદરા સેન્ટ્રલ જેલમાં ફરજ બજાવે છે અને આરોપી આફતાબ તેનો મિત્ર છે. અમદાવાદ જતી વખતે બન્ને આરોપીએ ફરિયાદીને તારે ૫૦ લાખ આપવા પડશે નહી તો ખોટા કેસમાં ફસાવી દઈશુ અને પીઆઈ તને ઉંધો લટકાવીને મારશે તેવી ધમકી આપતા ફરિયાદીએ તેના ભાઈને ફોન કરી ચાર લાખ આપ્યા હતા. આ કેસમાં ગુનામાં ઉપયોગમાં લેવાયેલી સ્કોર્પિયો કાર કબજે કરવાની બાકી હોઈ તેમજ ચાર લાખની રોકડ અને મોબાઈલ ફોન કબજે કરવાના બાકી હોઈ બન્ને આરોપીને કોર્ટમાં રજૂ કરી પોલીસે રિમાન્ડની માગણી કરતા જયુ.મેજિ.એ બન્ને આરોપીના છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ફરિયાદી પાસેથી ચાર લાખ લીધા બાદ આરોપીઓએ બીજા દિવસે પણ પૈસાની માગણી કરી હતી અને એક લાખ અકોટામાં આવેલા પાનના ગલ્લા પર આપી જવા જણાવ્યું હતું. પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે આ ગલ્લો બંધ રહે છે અને જે વ્યક્તિ પૈસા લેવા માટે આવ્યો હતો તેણે ફરિયાદીના ભાઈને તમે કેમ પૈસા આપો છો? તેમ પૂછતા ફરિયાદીના ભાઈએ આ શખ્સને તમામ વિગતો જણાવતા આ શખ્સે જણાવ્યું હતું કે, આફતાબ તેમજ અન્ય શખ્સ ચિટર છે એટલે ફરિયાદીને આરોપીઓના નામની જાણ થઈ હતી.

વાલોડના માર્ગનું રિસરફેસિંગ શરૂ ૧૧ હજારથી વધુ વસ્તીને લાભ

(સંવાદદાતા દ્વારા)

નવસારી, તા.૨૦

તાપી જિલ્લાના પંચાયત (માર્ગ અને મકાન) વિભાગ દ્વારા વાલોડ તાલુકાના વાલોડ ગામના મહત્વના માર્ગના રીસર્ફેસીંગના કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજય સરકારની મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના-૨૦૨૪/૨૫ હેઠળ મંજૂર થયેલ રૂા.૪૮.૫૦ લાખના ખર્ચે વાલોડ નવા ફળીયાથી હરીજનવાસ સુધીના ૧.૫૦ કિમી લાંબા એપ્રોચ રોડનું પુનઃ નિર્માણ કાર્ય શરૂ થયું છે. આ માર્ગનો ઉપયોગ કરતી આશરે ૧૧,૦૦૦થી વધુ વસ્તીને તેનો સીધો લાભ મળશે. વાલોડ ગામને રાષ્ટ્રીય ધોરીમાર્ગ તેમજ જિલ્લા અને તાલુકા મથક સાથે જોડતો આ માર્ગ પૂર્ણ થતાં વાહન વ્યવહાર વધુ સુગમ અને સલામત બનશે.

પંચાયત માર્ગ અને મકાન વિભાગ, તાપી દ્વારા જણાવ્યા મુજબ, આ માર્ગનું કામ પૂર્ણ થતાં જ ક્રમશ : અન્ય મંજૂર કરાયેલા માર્ગોના સમારકામ અને સુધારાના કાર્યો પણ ઝડપથી હાથ ધરાશે. સ્થાનિકોમાં માર્ગ કાર્યની શરૂઆતને લઈને પ્રસન્નતા વ્યાપી રહી છે.

સુરેન્દ્રનગરના નવા સર્કિટ હાઉસનો રસ્તો આજથી બંધ

સુરેન્દ્રનગર, તા.૨૦

સુરેન્દ્રનગરના જિલ્લા પંચાયત કોઝવે અને નવા સર્કિટ હાઉસ સુધીનો રસ્તો બીસમાર બની ગયો હતો. છેલ્લા થોડા દિવસથી ધુળ ખુબ ઉડે છે. ત્યારે ચોમાસા બાદ રસ્તાના નવીનીકરણની કામગીરીમાં આ રોડનો સમાવેશ કરાયો છે. આ રસ્તો આરસીસી રોડ બનાવવાની કામગીરીનો આજે તા.૨૦ નવેમ્બરથી આરંભ કરવામાં આવનાર છે. આથી જિલ્લા અધીક કલેકટરે આ રોડ પર વાહન વ્યવહાર માટે કામ પુરૂ ન થાય ત્યાં સુધી સંપૂર્ણ પ્રતીબંધ મુકતુ જાહેરનામુ બહાર પાડયુ છે. જાહેરનામામાં વૈકલ્પીક રસ્તા તરીકે રાજકોટથી ધ્રાંગધ્રા અને ધ્રાંગધ્રાથી રાજકોટ તરફ જતા વાહનોએ અજરામર ટાવરથી મોરબીના પુલ ઉપર થઈને મેકસન સર્કલવાળા રસ્તાનો ઉપયોગ કરવા જણાવાયુ છે.

ધ્રાંગધ્રાના ગાજણવાવ ગામે બાઈકની અડફેટે આધેડનું મોત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૦

ધ્રાંગધ્રા તાલુકાના ગાજણવાવ ગામે બપોરે એક માર્ગ અકસ્માતમાં ૫૫ વર્ષીય આધેડનું મોત થયું છે. વાડીએ ચાલીને જઈ રહેલા આધેડને અજાણ્યા બાઈક ચાલકે ટક્કર મારતા તેઓ નર્મદા કેનાલમાં પટકાયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગાજણવાવ ગામના રહેવાસી કેશાભાઈ ઉકાભાઈ પરમાર (ઉ.વ.૫૫) પોતાની વાડી તરફ જઈ રહ્યા હતા. ત્યારે નર્મદા કેનાલ પાસેથી પસાર થતી વખતે સામેથી આવતા એક અજાણ્યા બાઈકચાલકે તેમને ટક્કર મારી હતી. જેથી કેશાભાઈ કેનાલમાં પડી ગયા હતા. આજુબાજુના ખેતરોમાં કામ કરતા મજૂરો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તેમને કેનાલમાંથી બહાર કાઢ્યા હતા. ગંભીર હાલતમાં તેમને ધ્રાંગધ્રાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનાની જાણ થતા મૃતકના પરિવારજનો હોસ્પિટલ પહોંચ્યા હતા. ધ્રાંગધ્રા પોલીસે હાલ અકસ્માત મૃત્યુનો ગુનો નોંધી અજાણ્યા બાઈકચાલકની શોધખોળ શરૂ કરી છે.

ખનીજ માફિયાઓમાં ફફડાટ

સુરેન્દ્રનગરના ખજેલી ગામમાંથી ગેરકાયદેસર રેતીનો વોશપ્લાન્ટ ઝડપાયો

૫૦ લાખથી વધુનો મુદ્દામાલ કરાયો જપ્ત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૦

સુરેન્દ્રનગર જિલ્લામાં બેફામ ખનીજ ચોરી ચાલી રહી હોવાની ફરિયાદ વારંવાર ઊઠે છે. ત્યારે હવે ખનીજ માફીયાઓ દ્વારા રેતી ચોરી શરૂ કરવામાં આવી છે અને ગેરકાયદેસર રીતે રેતીના પ્લાન્ટ બનાવી અને બેફામ રીતે રેતી ચોરી કરી અને વોશ કરીને તેનું વેચાણ કરવામાં આવી રહ્યું છે ત્યારે સુરેન્દ્રનગર ખાણ ખનીજ વિભાગ અને પોલીસ વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ખજેલી ગામે ગેરકાયદેસર વોશ પ્લાન્ટ ઉપર દરોડા પાડીને વઢવાણ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. વઢવાણ પોલીસ મથકના અધિકારીઓને ખજેલી ગામે ગેરકાયદેસર વોશ પ્લાન્ટ ચાલતા હોય અને રેતીની બેફામ રીતે ચોરી



કરવામાં આવતી હોવાની બાતમી મળી હતી આ આધારે ચેકિંગ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ખાણ ખનીજ વિભાગને અંધારામાં રાખી અને વઢવાણ પોલીસ દ્વારા દરોડા પાડી ગેરકાયદેસર રીતે ચાલતો રેતીનો વોશ પ્લાન્ટ ઝડપી પાડવામાં આવ્યો છે સાથોસાથ ડમ્પર લોડર મશીન અને આખો પ્લાન જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. વઢવાણ પોલીસ દ્વારા અંદાજિત ૫૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને ખનીજ માફિયાઓ સામે ગુનો દાખલ કરવા અંગેની તજવીજ હાથ ધરવામાં આવી છે સુરેન્દ્રનગર જિલ્લામાં ખનીજ ખોદકામમાં કોલસા બાદ હવે રેતી ખોદકામ અને વોશ પ્લાન્ટ તરફની ખનીજ માફિયાઓએ કવાયત શરૂ કરી છે ત્યારે ખાણ ખનીજ વિભાગ દ્વારા દરોડા પાડવામાં નથી આવતા એટલે હવે પોલીસ વિભાગ દ્વારા દરોડા પાડવાની શરૂઆત કરી દેવામાં આવી છે. વઢવાણ પોલીસે પહેલા કેરાળા ગામે દરોડા પાડ્યા હતા અને ત્યારબાદ ખજેલીમાં રેતી ચોરીનો

જામનગર હાઈવે રોડ પર જુદા જુદા ત્રણ હિટ એન્ડ રનના બનાવમાં ત્રણ વ્યક્તિનાં મોત

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૨૦

જામનગર જિલ્લાના ખંભાળિયા ધોરી માર્ગે કાલાવડ રોડ પર જુદા-જુદા ત્રણ વાહન અકસ્માતોમાં ત્રણ વ્યક્તિ કાળનો કોળીયો બની છે અને પોતાના જીવ ગુમાવ્યા છે. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. અકસ્માતનો પ્રથમ બનાવ જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર જોગવડ ગામના પાટીયા પાસે બન્યો હતો. ત્યાંથી રસ્તો ઓળંગી રહેલા મૂળ ઉત્તર પ્રદેશના વતીની અને હાલ લાલપુર પંથકમાં રહેતા ગંગાસિંહ પાંખીસિંહ યાદવ (ઉમર વર્ષ ૫૩)ને જી.જે.૧૭ એક્સ.એક્સ. ૦૬૯૩ નંબરના ટેમ્પોના ચાલકે હડફેટમાં લઈ કચડી નાખતાં ગંભીર ઈજા થવાથી તેનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. પોલીસે ટેમ્પોચાલક સામે ગુનો નોંધ્યો છે અકસ્માતનો બીજો બનાવ જામનગર કાલાવડ રોડ પર મોડપર ગામના પાટીયા પાસે બન્યો હતો. ત્યાંથી પગપાળા ચાલીને જઈ રહેલા વલ્લભભાઈ પ્રેમજીભાઈ ભંડેરી નામના ૬૭ વર્ષના ખેડૂતને જી.જે.૧૦ ઈ.બી.૮૬૫૧ નંબરના બાઈકના ચાલકે ઠોકરે ચડાવી હેમરેજ સહિતની ઈજા પહોંચાડતાં તેઓનું મૃત્યુ નિપજ્યું છે. આ અકસ્માતના બનાવ અંગે મૃતકના પુત્ર કિશોરભાઈ વલ્લભભાઈ ભંડેરીએ પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકમાં બાઈકના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. અકસ્માતનો ત્રીજો બનાવ જામનગર-ખંભાળિયા ધોરી માર્ગ પર ગોરધનપર ગામના પાટીયા પાસે બન્યો હતો. ત્યાંથી ચાલીને જઈ રહેલા ૪૦ વર્ષની વયના રસ્તે રઝળતા ભટકતા એક અજ્ઞાત યુવાનને કોઈ અજાણ્યા વાહનના ચાલકે હડફેટમાં લઈ કચડી નાખ્યો હોવાથી તેનું મૃત્યુ નિપજ્યું છે. પોલીસે તેને કચડી નાખનાર અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધ્યો છે, અને તેની શોધખોળ હાથ ધરી છે.

રાણપુરના તળાવમાંથી આધેડની લાશ મળી

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢના રાણપુરમાં તળાવમાંથી આધેડનો મૃતદેહ મળ્યો છે. ૪૫ વર્ષીય મનોજભાઈ મારૂનું મોત થતાં પોલીસે તપાસ હાથ ધરી છે. મૃતક મગન ઉર્ફે મનોજ જેઠાભાઈ મારૂનો તેમના જ ગામ રાણપુરના લાલજી સરોવરમાંથી વહેલી સવારે મૃતદેહ મળ્યો હતો. મૃતક મનોજ મારૂને ત્રણ સંતાનો છે. મનોજ મારૂ રેતીનું ડમ્પર ચલાવી મજૂરી કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આ સમગ્ર મામલે મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે અને પોલીસે સમગ્ર બાબતને લઈ તપાસ હાથ ધરી છે.

જામનગરના વિભાપર ગામથી ઈંગ્લિશ દારૂ સાથે બે શખ્સો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) જામનગર, તા.૨૦

જામનગર તાલુકાના વિભાપર ગામ વિસ્તારમાંથી એલસીબી પોલીસે પૂર્વ બાતમીના આધારે બે શખ્સોને ઈંગ્લિશ દારૂની નાની મોટી ૩૮૧ બોટલ સાથે ઝડપી લઈ મોબાઈલ સહિત રૂા. ૨.૦૩,૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે, જ્યારે બે શખ્સોની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન મોડી રાત્રે તે પૈકીના એક આરોપીને કાર અને દારૂ સાથે ઝડપી લીધો છે. વિભાપર ગામે મધુરમ સોસાયટીમાં રહેણાંક મકાનમાં ઈંગ્લિશ દારૂનો જથ્થો વેંચાણ અર્થે રાખી છૂટકમાં વેંચાણ કરતા હોવાની બાતમી ગઈકાલે એલસીબીના સ્ટાફને મળતાં તેઓએ પી.આઈ. વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ સી.એમ. કાંટેલીયા અને પી.એન. મોરીની સૂચનાથી દરોડો પાડી ઈંગ્લિશ દારૂની નાની મોટી ૩૮૧ બોટલ કિમંત રૂા.૧,૯૩,૭૦૦ તથા બે મોબાઈલ મળી કુલ રૂા.૨,૦૩,૭૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા છે.જેઓની પૂછપરછ દરમિયાન તેઓને ઉપરોક્ત દારૂ ન જથ્થો નાઘેડીમાં રહેતા રામભાઈ ભરવાડ તેમજ રામભાઈ મેર દ્વારા સપ્લાય કરાયો હોવાનું કબૂલના તે બંનેને ફરારી જાહેર કરાયા છે. દરમિયાન નાઘેડી વિસ્તારમાંથી રામભાઈને પોલીસે એક કારમાં જતાં ઝડપી લીધો હતો. જે કારની તલાસી લેતા તેમાંથી વધુ ૨૩ નંગ ઈંગ્લિશ દારૂની વાટલી મળી આવી હતી.

મેંદરડાના આધેડના રૂા.૧.૮૪ લાખના દાગીનાની ચોરી

જૂનાગઢ, તા.૨૦

મેંદરડાના ખોડીયાર ગામે રહેતા આધેડના રૂા.૧.૮૪ લાખના રોડ દાગીનાની ચોરીમાં અજાણ્યા સામે ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે ગીરીશભાઈ રામભાઈ જાદવ રહે.અમદાવાદએ અજાણ્યા ચોર શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં કે, કોઈ અજાણ્યા શખ્સે ગત તા.૨૬-૧૦થી તા.૨૮-૧૦-૨૫ના રોજ દરમ્યાન ફરિયાદીના સસરાના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ફરિયાદીના થેલામાં કપડા નીચે રાખેલ પર્સમાંથી સોનાનો હાર અને બુટ્ટી, રોડક સહિત કુલ રૂા.૧,૮૪,૦૪૦ની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જેતપુરની મહિલાનો સેલફોસના ટીકડા ખાઈ આપઘાત

જૂનાગઢ, તા.૨૦

જેતપુરની મહિલાએ સેલફોસના ટીકડા ખાઈ જતા જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાંથી વધુ સારવાર અર્થે ખસેડાયેલ મહિલાનું રસ્તામાં જ મોત નિપજયાનું જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે મોઈન અલાનભાઈ મતવાએ જાહેર કરેલ કે મૃતક આસ્તાનાબેન વસીમભાઈ શેખ (ઉ.વ.૨૭) રહે. જેતપુરએ કોઈપણ અગમ્ય કારણોસર સેલફોસના ટીકડા ખાઈ જતા જૂનાગઢ સરકારી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે રાજકોટ લઈ જતા ધોરાજી પહોંચતા સરકારી હોસ્પિટલના ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

જામનગરમાં સૈયદના સાહેબનું સ્વાગત

જામનગર, તા.૨૦

દાઉદી વ્હોરા સમાજને જેમના આગમનનો ઈન્તેજાર હોય છે. તેવા સર્વોચ્ચ ધર્મગુરૂ સૈયદના મુફદ્દલ સાહેબની જામનગરમાં બે વર્ષે પધરામણી થતાં હજારો વ્હોરા ભાઈઓ-બહેનો તેમની એક ઝલક મેળવવા વ્હોરાના હજીરા ખાતે પહોંચી ગયા હતા. જ્યાં અનુયાયીઓને મળીને બે કલાકના આરામ બાદ ધર્મગુરૂ સૌરાષ્ટ્ર યાત્રાએ પરત નીકળી ગયા હતા. મુંબઈથી સૈયદના સાહેબ જામનગર એરપોર્ટ પર આવી પહોંચતાં અનુયાયીઓ અને વ્હોરા સમાજના આમીલ તથા હોદેદારોએ અને અગ્રણીઓએ તેઓનું ભાવભર્યું સ્વાગત કર્યા બાદ મોટર કાફલો વ્હોરા સમાજના યાત્રાધામો પૈકીના એક બદરી મઝારવાળા વ્હોરાના હજીરા તરીકે ઓળખાતા સ્થળે આવ્યો હતો. જ્યાં તેઓ અનુયાયીઓને મળ્યા હતા. જાહેર કાર્યક્રમ મુજબ જામનગરથી તેઓ મોટર માર્ગે પડધરી તરફ રવાના થયા હતા. વ્હોરા સમાજમાં ધાર્મિક ઉમંગ વ્યાપ્યો હતો.

વડોદરામાં પામોલીન-સરસિયું તેલ રિફીલ પેક કરીને બજારમાં ધકેલવાનું કૌભાંડ, વીડિયો વાયરલ થતાં ખળબળાટ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૦

વડોદરા શહેરના મોટાભાગના વિસ્તારોમાં ખાદ્યતેલ સાથે અખાદ્ય તેલનો જથ્થો મિક્સ કરીને વેપારીઓ સહિત ફરસાણવાળાને પધરાવી લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરાઈ રહ્યા છે. જુદી જુદી બ્રાન્ડના જૂના તેલના ડબ્બા ભંગારના ભાવે ખરીદીને જૂના ડબ્બામાં ખાદ્યતેલ સાથે સોયાબીન અને પામોલીન તેલ મિક્સ કરવાનો વેપલો શહેરના કેટલાક વિસ્તારમાં ચાલી રહ્યો છે. આવી પ્રવૃત્તિ તદ્દન ગેરકાયદે અને સરાસર નિયમ વિરૂદ્ધ છે. આમ છતાં તંત્ર દ્વારા આવા વેપારીને માત્ર નોટિસ આપીને તેલના જૂના ડબ્બા નાશ કરીને નવા ડબ્બાને સ્ટીકર લગાવી વેચાણ કરવા બાબતે માત્ર નોટિસ ફટકારીને સંતોષ માની સમગ્ર કૌભાંડ પર આશીર્વાદ રૂપી પડદો પાડી દેવામાં આવ્યો હોવાનો વીડિયો વાયરલ થયો છે. ટેન્કરમાં હલકી કક્ષાના તેલ મંગાવીને સ્ટીકરવાળા તેલના જૂના ડબ્બામાં ભરી છૂટક ૫-૧૦ તેલના ડબ્બા ખરીદનારને આ પ્રકારનું અખાદ્ય તેલ પધરાવી દેવામાં આવતો હોવાનો એકરાર પણ ખુદ વેપારીએ કર્યો હોવાના વાયરલ વીડિયોથી પાલિકા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. ઉલ્લેખનીય છે કે શહેરના ન્યુ વીઆઈપી રોડ પર આવેલા ખોડીયાર નગર વિસ્તારની એક દુકાનમાં ભંગારીયાઓ તેલના સ્ટીકર લગાવેલા તેલના જૂના ડબ્બા આપી જાય છે. આ વેપારીને ત્યાં ટેન્કરમાં સોયાબીન તેલ અને પામોલીન તેલ મોટા પ્રમાણમાં છે. ત્યારબાદ વેપારી દ્વારા જુદી જુદી કંપનીના સ્ટીકર લગાવાયેલા જૂના તેલના ડબ્બામાં પામોલીન અને સોયાબીન તેલ મિક્સ કરીને ૫-૧૦ ડબ્બા ખરીદનાર ફરસાણવાળા તથા કેટલાક નાના દુકાનદારોને પધરાવી દેવાય છે. આ કૌભાંડ ઝડપાઈ જતા ખુદ તેલના વેપારીએ કબૂલાત કરી છે કે બ્રાન્ડેડ કંપનીના સ્ટીકરવાળા જૂના તેલના ડબ્બામાં પામોલીન અને સરસીયુ તેલ રિફીલ પેક કરીને વેચાણ કરીએ છીએ. જો કે, આ અંગે પાલિકા તંત્ર દ્વારા કોઈ મંજૂરી લેવામાં નહીં આવી હોવાનો પણ ખુલાસો વેપારીએ કર્યો હતો. ઉપરાંત વેપારીએ એમ પણ કબુલાત કરી હતી કે, આવી જરીતે શહેરના કેટલાય વિસ્તારમાં કેટલાક તેલના વેપારીઓ દ્વારા રિફીલ પેક કરવામાં આવે છે અને જ્યારે ફરસાણવાળા કે પછી નાના તેલના વેપારીઓ તેલના ડબ્બાની માંગણી કરે ત્યારે આમ રિફીલ કરેલ જૂના ડબ્બામાં તેલ પધરાવી દેવાની કબુલાત કરતો વીડિયો વાયરલ થયો છે.

કેશરપુરાની ઈરમફાતેમાની સ્પેસ એપ્લિકેશન સેન્ટરમાં ટ્રેનિંગ માટે પસંદગી

(સંવાદદાતા દ્વારા)

કેશરપુરા, તા.૨૦

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ ટેક્નોલોજી એન્ડ ઈસરો સ્પેસ એપ્લિકેશન સેન્ટરના સહયોગથી ભાવિ વૈજ્ઞાનિક તૈયાર કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જે પ્રોગ્રામ તા. ૨૩ નવેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે. જેમાં ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાના શિક્ષકો સાથે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ઈસરોના મુખ્ય વૈજ્ઞાનિકો સાથેનું સત્ર રહેશે. જેમાં તેઓ વિદ્યાર્થીઓને અવકાશ સંશોધન અને ભારતીય અવકાશ વિશેનું વિશેષ માર્ગદર્શન આપશે. SACના ડાયરેક્ટર નિલેશ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓ માંથી એકસો જેટલા વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા છે. જેમને એક અઠવાડિયા માટે સ્પેસ એપ્લિકેશન અંતરીક્ષ સેન્ટર ખાતે ટ્રેનિંગ માટે મોકલવામાં આવશે. એક જાતની એજયુટેન્મેન્ટ એટલે કે એજયુકેશનની સાથે એન્ટરટેન્મેન્ટ

સ્પેસ સાયન્સની જાણકારી મળે એવા અમારા પ્રયત્નો છે. ગુજરાત ગવર્મેન્ટની આ સારી પહેલ છે. મળેલ જાણકારી મુજબ સાબરકાંઠા જિલ્લાના ત્રણ વિદ્યાર્થીઓ પૈકી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કેશરપુરાના ઝહીર અબ્બાસ અબ્દુલરઝાક મસીની દીકરી ઈરમફાતેમા મસીની પસંદગી થઈ છે. એમના પિતાએ જણાવ્યુ હતું કે, ગુજરાતમાંથી આ એકજ મુસ્લિમ પસંદ થયેલ છે. જેથી મુસ્લિમ સમાજ અને એમના માબાપ તથા કેશરપુરા ગામ માટે ગૌરવની વાત છે.

હિંમતનગર ખાતે 'સરદાર @ 150' નિમિત્તે ભવ્ય યુનિટી માર્ચ યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૦

ભારતની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની રાષ્ટ્રીય ઉજવણીના ભાગરૂપે આજે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે જિલ્લા કક્ષાની ભવ્ય યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આ યુનિટી માર્ચ માત્ર પ્રતીકાત્મક પગલું નથી, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના નિર્માણની દિશામાં એક મજબૂત સંકલ્પ છે. સાંસદ શોભનાબેન બારૈયાએ અખંડ ભારતના નિર્માણમાં સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનને યાદ કરી, સૌને એક ભારત શ્રેષ્ઠ ભારત તેમજ આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ભાગીદાર થવા આહ્વાન કર્યું હતું. ધારાસભ્ય વી.ડી. ઝાલાએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. મુખ્ય વક્તા કનુભાઈ રવજીભાઈ પટેલે જણાવ્યું કે, સરદારે પોતાની કુનેહથી દેશને એકતા અને અખંડિતતા સાથે જોડ્યો. આપણે સૌએ આત્મનિર્ભર બનવું એ સમયની માંગ છે. આ યુનિટી માર્ચનો પ્રારંભ સરદાર

(તસવીર : ઈસ્હાક શેઠ, હિંમતનગર)

પટેલ સ્ટેચ્યુ, ટાવર ચોકથી થયો હતો અને ત્યાંથી સિવિલ સર્કલ, બસ સ્ટેશન, મોતીપુરા ઓવરબ્રિજ, GIDC મોતીપુરા થઈને સાબર ડેરી ખાતે યાત્રાનું સમાપન થયું હતું. હિંમતનગર ટાવર ચોક ખાતે સરદાર પટેલની પ્રતિમાને મંત્રીએ સુતરની આંટી અર્પણ કરી પદયાત્રાની શરૂઆત કરાવી હતી. આ સાથે પદયાત્રાના રૂટમાં આવતી બાબા સાહેબ આંબેડકર અને મહાત્મા ગાંધીજીની પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. માર્ગમાં વિવિધ સ્થળો પર યાત્રાનું પુષ્પવર્ષાથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે યુવા આઈકન, સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર્સ અને રમતવીરોને સન્માનિત કરવામાં આવ્યા હતા મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ સાબર ડેરી ખાતે વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ એકતા યાત્રામાં સાબરકાંઠા કો.ઓપરેટીવ બેંક, સાબર ડેરી સહિત વિવિધ સંસ્થાઓ, મંડળો સહભાગી બન્યા હતા. સરદારની ૧૫૦મી જન્મ જયંતિની આ યુનિટી માર્ચમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભારતીબેન પટેલ, ઈડર ધારાસભ્ય રમણલાલ વોરા, પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, નગરપાલિકા પ્રમુખ વિમલભાઈ ઉપાધ્યાય, જિલ્લા કલેક્ટરર લલિત નારાયણ સિંઘ સાંદુ તેમજ સાબરકાંઠાના અગ્રણીઓ, મોટી સંખ્યામાં નગરજનો સહભાગી થયા હતા.

વાવના કુંભારડીમાં મામાના ઘરમાંથી રૂા.૨૨.૪૮ લાખની ચોરી કરનાર ભાણો ઝબ્બે

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૦

વાવ તાલુકાના કુંભારડી ગામમાં ઘરમાંથી થયેલી રૂા.૨૨.૪૮ લાખની ઘરફોડ ચોરીનો ભેદ થરાદ પોલીસે ઉકેલી લીધો છે. મામાના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના ચોરી કર્યા બાદ બાઈક લઈને તેને વેચવા નીકળેલા ભાણાને પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. થરાદ પોલીસ પેટ્રોલિંગમાં હતી. ત્યારે પોલીસે ખાનગી રાહે મળેલ બાતમીના આધારે દાગીના વેચવા થરાદ જઈ રહેલા કાળુ ઉર્ફે હિતેષભાઈ મેઘરાજભાઈ રબારી (રહે .પીલુડા, તા.થરાદ)ને બાઈક નંબર જીજે-૦૮-ડીઆર-૭૧૧૦ સાથે થરાદના ટોડાની પાળ નજીકથી ઝડપી પાડ્યો હતો.

તેની પાસે રહેલા થેલામાં તપાસ કરતા થેલામાંથી સોના-ચાંદીના દાગીના મળતાં તે બાબતે પૂછપરછ કરતા આરોપી

(તસવીર : જમીલ મેમણ, ડીસા)

હિતેષભાઈ મેઘરાજભાઈ રબારીએ કબૂલ્યું હતું કે, તેણે ૧૭ નવેમ્બર ૨૦૨૫ની રાત્રે પોતાના મામા રાણાભાઈ જગમાલભાઈ રબારી (રહે.કુંભારડી, તા. ધરણીધર)ના ઘરમાંથી ચોરી કરી હતી. પોલીસે રૂા.૨૨.૪૮ લાખના દાગીના સહિત રૂા.૨૩.૦૩ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટને પગલે જેતલપુર બ્રિજ અને ગરનાળું ૧૫ દિવસ માટે બંધ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૦

વડોદરા શહેરમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી માટે અવારનવાર રસ્તા બંધ કરી વાહન વ્યવહાર બીજે ડાયવર્ટ કરવામાં આવતો હોય છે. જે દરમિયાન પ્રિય લક્ષ્મી મિલના ગરનાળા પછી હવે જેતલપુર ગરનાળુ બંધ કરવામાં આવ્યું છે. વડોદરાના રેલવે સ્ટેશનથી પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડવા માટે અલકાપુરી તેમજ જેતલપુર ગરનાળા મુખ્ય છે. જે પૈકી જેતલપુર ગરનાળા પાસે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી ચાલતી હોવાથી ૧૫ દિવસ માટે અહીંથી અવરજવર બંધ કરવામાં આવી છે. આ માટે બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં રેસકોર્સ ચકલી સર્કલથી સયાજી હોસ્પિટલ તરફ આવવા માટે તેમજ જવા માટે ઉપયોગમાં લેવામાં આવતા બ્રિજ તેમજ અંડરપાસમાંથી વાહન વ્યવહાર બંધ રહેશે. આ માટે વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં વાહન ચાલકોએ અલકાપુરી ગરનાળા તેમજ અકોટા બ્રિજનો ઉપયોગ કરવાનો રહેશે.

અરવલ્લી : LCBએ ધુળેટામાં બુટલેગરના ઘરેથી વિદેશી દારૂ ઝડપ્યો

મોડાસા પોલીસે બુટલેગર રાજુ વાઘેલાને તડીપાર કર્યો

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૨૦

અરવલ્લી જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ બુટલેગરો સામે તવાઈ બોલાવી છે. જિલ્લા એલસીબી પોલીસે ધુળેટા ગામમાં ધમધમતા વિદેશી દારૂના અડ્ડા પર ત્રાટકી બુટલેગરના ઘરેથી ૯૬ હજાર રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી લીધો હતો. બુટલેગર અરવિંદ પુજા ભગોરાને રેડની ગંધ આવી જતા ફરાર થઈ ગયો હતો. એલસીબીએ ફરાર બુટલેગર સામે શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ઝડપી પાડવા ચક્રોગતિમાં કર્યા હતા. LCBએ ધુળેટા ગામમાં ઘરમાં ધમધમતા વિદેશી દારૂના અડ્ડાનો પર્દાફાશ કરી શામળાજી પોલીસનું નાક વાઢી નાખ્યું હતું.

મોડાસા શહેરના ૪૨૦ બંગલામાં રહેતા કુખ્યાત બુટલેગર રાજુ ઉદા વાઘેલા સામે અનેકવાર પ્રોહિબિશનના ગુના નોંધાયેલ હોવા છતાં દારૂનો વેપલો બંધ નહીં કરતા નામચીન બુટલેગર રાજુ વાઘેલાને ટાઉન પોલીસે અટકાયત કરી હતી. તેના તડીપાર માટે દરખાસ્ત તૈયાર કરી સબડિવિઝનલ મેજિસ્ટ્રેટને મોકલી આપતી હતી. ગુનાઓની ગંભીરતા સમજીને તાડીપાર કરવાનો હુકમ કરતા ટાઉન પોલીસે કુખ્યાત બુટલેગર રાજુ વાઘેલાને તડીપાર કરી દીધો હતો.

વડોદરામાં સ્માર્ટ મીટર નહીં લગાવો તો વીજ કનેક્શન કાપી નાખવાની ધમકીથી લોકો વિફર્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૦

સ્માર્ટ સિટી વડોદરા શહેરમાં ફરી એક વખત સ્માર્ટ વીજ મીટરનું ભૂત ફરી ધૂણ્યું છે. એમજીવીસીએલ દ્વારા જ્યારથી નવા સ્માર્ટ વીજ મીટર લગાવવાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી શહેરના અલગ અલગ વિસ્તારો માંથી વિરોધના વંટોળ ઊભા થયા હતા. બમણા બિલ આવતા હોવાની ફરિયાદ સાથે એમજીવીસીએલની કચેરીઓ ખાતે લોકોના મોરચા મંડાયા હતા. સ્માર્ટ ૨૦ મીટર નાખવાની સામે લોકોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. જે બાદ સ્માર્ટ વીજ મીટર લગાવવાની કામગીરીને સ્થગિત કરી દેવામાં આવી હતી. જોકે ફરીવાર કેટલાક વિસ્તારોમાં સ્માર્ટ ૨૦ મીટર લગાવવાની કામગીરી પુનઃ શરૂ કરવામાં આવતા વિસ્તારના લોકો દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે આજે શહેરના દક્ષિણ વિસ્તારમાં તરસાલી બંસલ મોલની સામે ભવ્ય દર્શન સોસાયટીમાં વીજ કંપનીના કર્મચારીઓ સ્માર્ટ વીજ મીટર લગાવવા માટે પહોંચ્યા હતા. જેનો સ્થાનિક લોકોએ વિરોધ કર્યો હતો. કામગીરી અટકાવતા મીટર નાખવા આવેલા કર્મચારીઓએ રહીશોને જો વીજ મીટર લગાવવામાં નહીં આવે તો તમારું વીજ કનેક્શન કાપી નાખવામાં આવશે તેવી ધમકી આપી હોવાના આક્ષેપ પણ સ્થાનિક લોકોએ કર્યા હતા. સ્થાનિક લોકોએ જો વીજ મીટર લગાવવામાં આવશે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. સ્થાનિક લોકોએ જણવાયુ હતું કે, અમને જાણ કર્યા વગર સ્માર્ટ મીટર નાખવા માટે આવ્યા, અમારા મીટર બધાના સારા જ ચાલે છે. પછી સ્માર્ટ મીટર નાખવાની જરૂર જ નથી. અમે એનો વિરોધ કર્યો કે અમારે નથી નાખવામાં તો ધમકી આપી કે નહીં નખાવો તો તમારું કનેક્શન કાપી નાખીશું. અમારા માણસોની ગેરહાજરીમાં આવું કહી જાય એ યોગ્ય નથી.

હિંમતનગર : વૉટરપાર્કના સંચાલક પાસે પાંચ કરોડની ખંડણી માંગવાના કેસમાં ઝડપાયેલા આરોપીઓને જામીન મળ્યા

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૦

હિંમતનગરમાં વોટરપાર્કના સંચાલકને ૧૨/૧૧/૨૫થી અજાણ્યા શખ્સો વારંવાર મોબાઈલ ઉપર ખંડણી માંગી ધાક ધમકી આપતા હતા. જેની ફરિયાદ હિંમતનગર બી ડિવિઝનમાં થતાં વોટરપાર્કના સંચાલકને પાંચ કરોડની ખંડણી માંગી મારી નાખવાની ધમકી આપનાર નોમાન પઠાણ અને તાહિર મેમણને સાબરકાંઠા પોલીસે ગણતરીના કલાકોમાં પકડી જેલ હવાલે કરી દીધા હતા અને આજ રોજ એડિશનલ જ્યુડીશ્યલ કોર્ટમાં રિમાન્ડ માંગતા રિમાન્ડ ના મંજૂર થયેલ એટલું જ નહીં આરોપીઓ તરફથી જામીન અરજી મુકવામાં આવતા અરજદાર બીન આમીન દાઉદભાઈ વિજાપુરાએ વાંધા અરજી મૂકી જામીન ના મંજૂર કરવા જણાવેલ કેમ કે, આરોપીઓના મળતીયાઓ તરફથી સતત ધાક ધમકી આપવાનું ચાલુ રાખ્યું હોવાથી અરજદારની સલામતી સામે ગંભીર ખતરો હોવાને લીધે વાંધો ઉઠાવેલ આ વાંધા અરજી એડિશનલ ચીફ જ્યુડીશ્યલ જજ એ.બી. મામાતોરાએ ફગાવી દીધી હતી. કેમ કે, આ સાત વર્ષથી ઓછી સજાનો કેસ હોવાથી અને આરોપીઓએ પ્રથમ દર્શનીય ગુન્હો કર્યો હોવાને લીધે પંદર હજારના શરતી જામીન મંજૂર કર્યા હતા, જેમાં પહેલી શરત એ કે આ કામના શખ્સોએ અરજદારને ધાક ધમકી અને ઈજા પહોંચાડવી નહીં, તેમજ ગુજરાત બહાર જવું નહીં તેવી શરતે જામીન મંજૂર કર્યા હતા. અત્રે નોંધનીય છે કે, એક આરોપીના ઘરે લગ્ન હોવાથી પૈસાની સખ્ત જરૂરત હોવાને લીધે મજબૂરીમાં આ કૃત્ય આચર્યું હોવાનું કબુલ્યું હતું, આ ગુન્હામાં સામેલ અન્ય ચાર ઈસમોને પકડી તપાસ કરવાની બાકી છે. જેઓ રાજસ્થાન વિજાપુર અને અમદાવાદના વતની હોવાનું જાણવા મળેલ છે.

ડીસા ધાનેરા રોડ પરથી રેતી ભરેલા છ ડમ્પર ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૦

બનાસકાંઠા ભૂસ્તર વિભાગની ટીમ વહેલી સવારે ડીસાથી ધાનેરા રોડ ઉપર ખાનગી વાહનના ચેકિંગમાં હતા. જેદરમિયાન ધાનેરા રોડ ઉપરથી છ સાદી રેતી ભરેલા ડમ્પરો પસાર થઈ રહ્યા હતા. જે ડમ્પરોને રોકાવી ડમ્પરોના ચાલકો પાસે પાસ પરમિટની માંગણી કરતા એક પણ ડમ્પર ચાલક પાસે પાસ પરમિટ કે રોયલ્ટી મળી આવેલ નહીં. જેથી ભૂસ્તર વિભાગની ટીમે તમામ છ ડમ્પરને વજન કાંટા પર લઈ જઈ દંડની કાર્યવાહી હાથ ધરી રૂા.૩ કરોડનો મુદ્દા માલ કબજે કરેલ જોકે વહેલી સવારે ખાનગી રહે ચેકિંગમાં છ ડમ્પરો ઝડપાતા ખનીજ ચોરી કરતાં માફિયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. આ બાબતે ભૂસ્તર શાસ્ત્રી ગબુરૂમીતસિંહ સારસ્વાએ જણાવ્યું હતું કે, બનાસકાંઠામાં થતી ખનીજ ચોરીને અટકાવવા અમારી ટીમ તત્પર છે. જિલ્લાના તમામ માર્ગો પર સઘન ચેકિંગ હાથ કરવામાં આવી રહ્યું છે.

યુવક મંડળ હાઈસ્કૂલ મનુબરમાં કારકિર્દી માર્ગદર્શન અને વાલી મીટિંગ યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

જંબુસર, તા.૨૦

યુવક મંડળ હાઈસ્કૂલ મનુબરમાં કારકિર્દી માર્ગદર્શન અને વાલી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આનિ પાકથી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય જાકીરભાઈ એમ. પટેલે શાબ્દિક સ્વાગતમાં જણાવ્યું હતું કે આજના આધુનિક યુગમાં શિક્ષણનું ખૂબ જ મહત્ત્વ છે. શિક્ષણ આપણામાં હશે તો દુનિયાના કોઈપણ ખૂણામાં આપણે આજીવિકા પ્રાપ્ત કરી શકીશું અને સુંદર જીવન જીવી શકીશું. નિવૃત શિક્ષક અને સમાજના હિત કાર્યો માટે સદા અગ્રેસર રહેનાર શિક્ષક રફિકભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજના બાળકોમાં સર્વાંગી વિકાસ થાય અને વધુ પ્રગતિ કરી સમાજ અને ગામનું નામ રોશન કરે એ માટે વિદ્યાર્થીઓને વધુ મહેનત કરી બોર્ડની પરીક્ષાનું પરિણામ સારૂં લાવવાની વાત વહેતી મૂકી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન અને સની શાહે (સી.એ.) કારકિર્દી સંબંધિત વિવિધ ક્ષેત્રોની માહિતીઓ, પરીક્ષાની તૈયારી, અભ્યાસ પદ્ધતિ તથા યોગ્ય દિશા પસંદગી અંગે ઊંડાણસભર અને ઉપયોગી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ અમરીન ગલવા (બી.એસ.સી નર્સિંગ) આતિફ નાથા (હોટલ મેનેજમેન્ટ) આકીબ દિવાન (ફાયર સેફટી ઓફિસર) જેવા વિદ્યાર્થીઓએ શાળાના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપ્યું હતું. તદુપરાંત વાલી મીટિંગ દરમિયાન ધોરણ ૯ અને ૧૨ના વિદ્યાર્થીઓને પ્રથમ કસોટીનું પરિણામ આપી વિદ્યાર્થીઓમાં રહેલ જે તે વિષયમાં કચાશ દૂર થાય એ માટે વાલીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંડળના પ્રમુખ ફારૂકભાઈ બુમલિયા, ઉપપ્રમુખ મુબારક ભાઈ અંગા, શાળાના આચાર્ય ઝાકીરભાઈ એમ પટેલ તેમજ શિક્ષકગણ, વાલીગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સુંદર બનાવ્યો હતો.

વડોદરામાં સરકારી નોકરી અને આવાસ અપાવવાના બહાને રૂા.૧૬.૧૨ લાખની ઠગાઈ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૦

ગોત્રી વિસ્તારમાં આવેલી ગૃહમંત્રી આવાસના મકાનમાં રહેતી ઠગ મહિલાએ દંપતીને પોલીસ તથા રેલવેમાં નોકરી અપાવવાના બહાને રૂા.૭ લાખ તથા ત્રણ મહિલાઓને આવાસાના મકાનો અપાવવાનું કહીને રૂા.૯.૧૨ લાખ મળી કુલ ૧૬.૧૨ લાખ પડાવી લીધા હતા. પરંતુ કોઈ સરકારી નોકરી કે આવાસનું મકાન નહી અપાવતા મહિલા સામે ઠગાઈની ફરિયાદ નોંધાવવામાં આવી છે. વડદોરા શહેરના નજીક આવેલી બિલ કેનાલ રોડ પર આવેલી દેવેશ એમ્પેરિયામાં રહેતા પિયુશ પરષોતમભાઈ ચાવડાની પત્ની ઈશાબેને વર્ષ ૨૦૨૪માં પોલીસની ભરતી ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. પરંતુ અમદાવાદ ખાતે દોડની પ્રેક્ટિલમાં તેઓ નાપાસ થયા હતા. દરમિયાન તેમના પિતરાઈ અરવિંદભાઈએ ઓળખીતા મિત્તલબેન કાર્તિકની સારી એવી ઓળખાણો છે. તે તારા પત્નીને પરીક્ષા પાસ માટે સેટિંગ કરી આપશે તેમ કહ્યું હતું. જેની વાત અરવિંદભાઈએ મિતલબેનને વાત કરતા તેઓએ ૩ લાખ રૂપિયામાં ઈશાનું પોલીસમાં સેટીંગ કરી આપશે તેમ કહ્યું હતું. ત્યારે આ મિત્તલેબેને યુવકની પત્ની ઈશાનો પોલીસ ભરતીની પ્રેકટીકલ પરીક્ષાનો કોલ લેટર તેમજ આધારકાર્ડની નકલ મોકલવા માટે કહ્યુ હતું. કોલ લેટર જોયા બાદ મિત્તલબેન અરવિંદભાઈને તમારૂ કામ થઈ જશે પરંતુ તમારે અડધુ પેમેન્ટ કરવું પડશે તેમ જણાવ્યું હતું. ત્યારબાગ આ મહિલો પિયુશ ચાવડાને પણ રેલવેમાં કાયમી નોકરી અપાવવાની લાલચ આપી હતી. જેથી દંપતીને મહિલા પર વિશ્વાસ આવી જતા તેઓએ મહિલાના રૂપિયા ૭ લાખ ચુકવી દીધા હતા. પરંતુ મહિલાઓ કોઈ સરકારી નોકરી અપાવી ન હતી. ઉપરાંત ઠગ મહિલાએ જયોતિબેન અરવિંદભાઈ કાછેલ, પ્રિયંકાબેન તથા ઉર્વશીબેન પરમારને ને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન આપવાનું કહ્યું હતું અને તેમની પાસેથી જયોતિબેન પાસેથી ૬.૧૨ લાખ, રૂપિયા ૨ લાખ તથા ઉર્વશીબેન પરમાર પાસેથી રૂપિયા ૧ લાખ મળી કુલ રૂપિયા ૧૬.૧૨ લાખ જેટલી માતબર રકમ પડાવી હતી. પરતું ઠગ મહિલા મિત્તલ સાધુએ કોઈ સરકારી નોકરી અપાવી ન હતી કે આવાસના મકાનો નહી અપાવીને તેમની સાથે ઠગાઈ આચરી હતી. જેથી બિલ વિસ્તારમાં રહેતા યુવકે મિત્તલ સામે ઠગાઈની ફરિયાદ જેપી રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

નડિયાદની ખુશ્બુ હાઈસ્કૂલનો વધુ એક વિદ્યાર્થી રમતગમતમાં મોખરે

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૨૦

નડિયાદ ખુશ્બુ હાઈસ્કૂલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતો વિદ્યાર્થી લિંગડાવાળા સુહાન મુસ્તાકભાઈએ રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, નડિયાદ ખાતે યોજાયેલી જિલ્લા સ્તરની જૂડો સ્પર્ધામાં તેમણે ૬૬ કિ.ગ્રા. વેઈટ કેટેગરી તથા ઓપન એજ કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં દ્વિતીય ક્રમ હાંસલ કર્યો હતો. આ સફળતા બદલ તેમને રૂા. ૩૦૦૦/-નું રોકડ ઈનામ આપવામાં આવ્યું છે. શાળાનાં સંચાલકમંડળ, પ્રિન્સિપાલ સાજીદભાઈ વહોરા

તથા P.T. શિક્ષક નઈમભાઈ તેમજ સ્ટાફ તરફથી સુહાન મુસ્તાકભાઈની સિદ્ધિને બિરદાવી હતી.

નેત્રંગ તાલુકાના વિવિધ ડેમોની મુલાકાત લેતાં મંત્રી ઈશ્વરસિંહ પટેલ

અંતરિયાળ ગામો સુધી સિંચાઈના પાણી કેનાલ મારફતે પહોંચશે તેવો આપ્યો સધિયારો

(તસવીર :- મુનીર શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૨૦

રાજ્યના નવનિયુક્ત પાણી પુરવઠા અને જળ સંપતિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે આજે ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં આવેલા વિવિધ ડેમોની સત્તાવાર મુલાકાત લીધી હતી. આદિવાસી પટ્ટાના અંતરિયાળ ગામો સુધી સિંચાઈના પાણી કેનાલ મારફતે પહોંચી શકે તે દિશામાં સ્થાનિક અગ્રણીઓ તેમજ અધિકારીઓ સાથે વિચાર વિમર્શ કર્યો હતો. તાજેતરમાં જ અંકલેશ્વર હાંસોટના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલને મંત્રી તરીકે પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગનો સ્વતંત્ર હવાલો સોપાયા બાદ આજે તેઓએ નેત્રંગ તાલુકાની સત્તાવાર મુલાકાત લીધી હતી. તેઓએ નેત્રંગ તાલુકામાં આવેલા દોલતપુર ડેમ, બલદેવા ડેમ, પીંગોટ ડેમ તેમજ ઘાંટા ડેમ, રાજપરા ગામની મુલાકાત લીધી હતી અને સ્થાનિક ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને ખેતી સંબંધિત સિંચાઈનું પાણી કેનાલ મારફતે મોકલાય છે તેનું નિરીક્ષણ કર્યું હતું જે વિસ્તારોમાં કેનાલ નથી ત્યાં આગામી સમયમાં તેનું નિર્માણ કરી આંતરિયાળ વિસ્તાર સુધી પાણીનો પુરવઠો પહોંચે તે માટે ચર્ચા વિચારણા કરી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. ખાસ કરીને ઉચ્છલ તેમજ નિર્જર સુધી આગામી સમયમાં કેનાલ મારફતે પાણી પહોંચે તેવો આશાવાદ આપ્યો હતો. આ મુલાકાત દરમ્યાન ઝગડીયાના ધારાસભ્ય રિતેશ વસાવા, ખેડૂત અગ્રણી બળદેવ ગોહિલ સહિત અગ્રણીઓ પણ જોડાયા હતા.

પર્યાવરણને નુકસાન કરનારા ખનીજ માફિયાઓ સામે કોર્ટે કરી લાલ આંખ

પાલનપુરની એડિશનલ સેસન્સ કોર્ટનો દાખલારૂપ ચુકાદો ખનીજ માફિયાનો મુદ્દામાલ રાજ્યસાત કરવાનો હુકમ

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૨૦

બન

શહેરમાં મહિલાઓની સલામતી માટે પોલીસની ૩૦ દિવસીય નાઈટ ડ્રાઈવ

સતત પેટ્રોલિંગ કરી અસામાજિક તત્ત્વો અને રોમિયો સામે કડક કાર્યવાહી કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

અમદાવાદમાં મહિલાઓની સુરક્ષા વધુ મજબૂત બનાવવા અને મોડી રાત્રિના મહિલાઓને સુરક્ષિત હોવાની અનુભુતી કરાવવા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના મહિલા સેલ દ્વારા શહેરના મહત્ત્વના વિસ્તારોમાં ખાસ ૩૦ દિવસની ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. મહિલાઓની અવરજવર વધુ હોય તેવા વિસ્તારમાં પોલીસ રાત્રિ દરમિયાન સતત પેટ્રોલિંગ કરશે અને મહિલાઓની સલામતી માટે ખાસ પ્રયાસ કરવામાં આવશે. આ ઉપરાંત અસામાજિક તત્વો અને રોમિયો સામે કડક કાર્યવાહી કરાશે. મહિલાઓ ક્રાઈમના એસીપી હિમાલા જોશીએ જણાવ્યું હતું કે, શહેરમાં મહિલાઓની સુરક્ષા વધુ મજબૂત બનાવવા અને મોડી રાતના સુરક્ષિત હોવાની અનુભુતી કરાવવા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની મહિલા સેલ દ્વારા શહેરના મહત્વના વિસ્તારોમાં વિશેષ ૩૦ દિવસીય ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. મહિલાઓની અવરજવર વધુ હોય તેવા વિસ્તારમાં પોલીસ રાત્રિ દરમિયાન સતત પેટ્રોલિંગ કરીને મહિલાઓની સલામતી માટે ખાસ પ્રયાસ કરવામાં આવશે. આ ઉપરાંત ભિક્ષાવૃતિ અટકાવવા પણ પોલીસ કામ કરશે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા નાગરિકોને ખાસ અપીલ કરાઈ છે કે, આ ડ્રાઈવ દરમિયાન સહકાર આપે અને કોઈપણ પ્રકારની હેરાનગતિ, ઉપદ્રવ કે શંકાસ્પદ પ્રવૃત્તિ જણાય તો તરત જ નજીકના પોલીસ હેલ્પલાઈન કે કંટ્રોલ રૂમમાં જાણ કરે. ૩૦ દિવસની ડ્રાઈવ દરમિયાન મહિલાઓની સુરક્ષા મજબૂત બનાવવાનો, જવાબદાર જાહેર વર્તન પ્રોત્સાહિત કરવાનો અને રાત્રિના સમયમાં શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાય તેવો પ્રયાસ કરવામાં આવશે.

હાટકેશ્વરમાં ૧૦૫ મકાનો-દુકાનો પર બુલડોઝર ફર્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

શહેરમાં હાટકેશ્વરબ્રિજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવી રહી છે, ત્યારે ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે હાટકેશ્વર AMTS બસ સ્ટેન્ડ નજીક આવેલી રાધાકૃષ્ણ પાર્ક સોસાયટીમાંથી પસાર થતાં ટીપી રોડને ખોલવામાં આવ્યો છે. ટીપી રોડ પર આવતા સોસાયટીના ૧૦૦ જેટલા રહેણાંક મકાન અને પાંચ કોમર્શિયલ મકાન તોડવાની કામગીરી પૂર્વ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા કરવામાં આવી છે. શહેરના ભાઈપુરા-હાટકેશ્વર વોર્ડ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાને લઈને ટીપી રોડ ખોલવાની કામગીરી કરવામાં આવી રહી છે. હાટકેશ્વર બ્રિજ તોડવાની કામગીરીના કારણે રોડ બંધ કરવામાં આવ્યો છે, ત્યારે સીટીએમથી હાટકેશ્વર તરફ જતા ટ્રાફિક સતત વધી રહ્યો છે. એક જ વૈકલ્પિક માર્ગ હોવાના કારણે ત્યાં ટ્રાફિક થાય છે. હાટકેશ્વર AMTS બસ સ્ટેન્ડ નજીક સબ ઝોનલ ઓફિસ પાસે ટીપી સ્કીમ નં.૨૫ (ખોખરા-મહેમદાવાદ)માં રાધાકૃષ્ણ પાર્ક સોસાયટીમાંથી પસાર થતા ટીપી રોડને ખોલવાની કામગીરી પૂર્વ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા કરવામાં આવી છે. ટીપી રોડમાં આવતા આશરે ૧૦૦ જેટલા રહેણાંક તેમજ ૫ જેટલા કોમર્શિયલ પ્રકારના બાંધકામોને એસ્ટેટ વિભાગના સ્ટાફ, ખોખરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ, દબાણ વાન, ખાનગી મજૂરો, જે.સી.બી. બ્રેકર મશીન દ્વારા ડિમોલિશન કરવામાં આવ્યા છે. રહેણાંક અને કોમર્શિયલ મિલકતો તોડીને ૧૨ મીટર પહોળાઈનો ટીપી રોડ જાહેર જનતાની અવરજવર માટે ખુલ્લો કરવામાં આવ્યો છે. સ્થાનિકોને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૮ મહિના અગાઉ નોટિસ આપવામાં આવી હતી અને વૈકલ્પિક મકાન માટે ડોક્યુમેન્ટ માંગવામાં આવ્યા હતાં. જોકે, તેઓ દ્વારા ડોક્યુમેન્ટ જમા કરાવવામાં ન આવતા હજી વૈકલ્પિક મકાનો આપવામાં આવ્યા નથી.

મહિલા કોંગ્રેસની તાલીમ શિબિરમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અલકા લાંબાની જાહેરાત

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦ ટકા મહિલાઓને ઉતારવાની તૈયારી

SIRની કામગીરીનો સખત વિરોધ જારી રાખવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગુજરાત મહિલા કોંગ્રેસ દ્વારા બે દિવસની નેતૃત્વ સૃજન શિબિર યોજવામાં આવી છે. આજે અને આવીતકાલે એમ બે દિવસ ગુજરાત મહિલા કોંગ્રેસ દ્વારા મહિલાઓને તૈયાર કરવા માટે અને સંગઠન મજબૂત કરવા માટે તાલીમ શિબિરનું આયોજન કર્યું છે. જેનું આજે મહિલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અલકા લાંબા દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. બે દિવસ તાલીમ શિબિરમાં સંગઠન, ટીમ બિલ્ડીંગ, વિવિધ માધ્યમનો સહયોગ, સંવિધાન, લોકતંત્ર સહિતના વિષયો પર રાષ્ટ્રીય નેતાઓ તાલીમ આપવાના છે. તેમજ આગામી સમયમાં મહિલાઓ માટે અલગ અલગ આંદોલન કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. આજે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરી સહિતના નેતાઓ તાલીમ શિબિરમાં હાજર રહ્યા હતા. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા મહિલા સંગઠનને મજબૂત કરવા માટે, લોકતંત્રમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે, બુથ પર જઈને કઈ રીતે કામગીરી કરવી, સોશિયલ મીડિયાનો ઉપયોગ કઈ રીતે કરવો, SIRની કામગીરીમાં કોઈ ગોટાળા ના થાય તે જોવા માટેની પણ તાલીમ શિબિરમાં આપવામાં આવી હતી.

મહિલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અલકા લાંબાએ જણાવ્યું હતું કે, દેશમાં જે માહોલ છે તે માહોલમાં મહિલાઓને તૈયાર કરવામાં આવશે. ચૂંટણી કંઈ રીતે લડી શકાય તે માટે મહિલાઓને તૈયાર કરવામાં આવી રહી છે. ૨૦૨૭માં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી જીતવાની તૈયારી કરી રહ્યા છીએ. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦ ટકા મહિલાઓને ચૂંટણી મેદાને ઉતારવાની તૈયારી કરી રહ્યા છીએ. સંસદના સત્ર દરમિયાન દેશભરની મહિલાઓ સંસદનો ઘેરાવ કરી મહિલા આરક્ષણ મુદ્દે વિરોધ નોંધાવશે. SIR વિરૂદ્ધ લાલ કિલ્લા પર ઉગ્ર આંદોલન કરવામાં આવશે. માત્ર એક જ વર્ષમાં ઓનલાઈન ૫.૫૦ લાખ મહિલાઓને કોંગ્રેસ સાથે જોડવામાં આવી છે. મહિલાઓને રાષ્ટ્રીય સ્તર પર પ્રતિનિત્વ આપવામાં આવી રહ્યું છે. SIRની કામગીરી શરૂ થઈ ત્યારથી જ અમે તેનો વિરોધ કરી રહ્યા છીએ.

વધુમાં અલકા લાંબાએ જણાવ્યું હતું કે, વોટ ચોરીના માધ્યમથી સત્તા હાંસલ કરવામાં આવી રહી છે. બેરોજગારી, મોંઘવારી આ તમામ મુદ્દાઓને લઈને લોકોમાં ભારે રોષ છે, જેથી લોકો હવે બદલાવ ઈચ્છી રહ્યા છે. ચૂંટણી આયોગ ચૂંટણી સમયે મૂકદર્શક બની જાય છે. રાષ્ટ્રીય ચૂંટણી આયોગનો પણ વિરોધ કરી ઘેરાવ કરીશું. તેમજ રાજ્ય ચૂંટણી આયોગનો પણ ઘેરાવ કરવામાં આવશે. બિહાર ચૂંટણી બાદ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ બેઠક કરી હતી. જેમાં નક્કી થયું છે કે, SIRની કામગીરીનો સખત વિરોધ કરવામાં આવે. સંસદની અંદર અને સંસદની બહાર કોંગ્રેસ ઉગ્ર વિરોધ નોંધાવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મોટી સંખ્યામાં મહિલાઓને ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવશે.

વાર્ષિક ૧૦.૪૨ લાખ મે.ટન મત્સ્ય ઉત્પાદન સાથે બ્લૂ ઈકોનોમી ક્ષેત્રે દેશમાં અગ્રેસર

ગુજરાત દરિયાઈ મત્સ્ય ઉત્પાદનમાં દેશમાં બીજા ક્રમે; કુલ ઉત્પાદનમાં છઠ્ઠું

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૦

દર વર્ષે ૨૧ નવેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ મત્સ્ય ઉદ્યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારત જેવા વિશાળ દરિયાઈ સીમા ધરાવતા દેશ માટે આ દિવસનું વિશેષ મહત્વ છે, અને તેમાંય જ્યારે વાત ગુજરાતની હોય, ત્યારે આ ઉજવણી વધુ ગૌરવપૂર્ણ બની જાય છે. દેશનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતું રાજ્ય હોવાથી ગુજરાતને ભારતના મત્સ્ય ઉદ્યોગનું પાવરહાઉસ માનવામાં આવે છે. મત્સ્ય ઉત્પાદનના ક્ષેત્રે ગુજરાત આજે દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. દરિયાઈ માછલીના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે છે, જ્યારે કુલ માછલી ઉત્પાદનમાં છઠ્ઠું સ્થાન ધરાવે છે. આટલું જ નહીં, ગુજરાતની ફ્રોઝન શ્રિમ્પ (ઝીંગા), રિબન ફિશ, કટલ ફિશ અને સ્ક્વિડની માંગ ચીન, યુરોપ, અમેરિકા અને જાપાન જેવા દેશોમાં પુષ્કળ છે. જેથી રાજ્યના મત્સ્ય ઉદ્યોગે વિદેશી હૂંડિયામણ કમાવવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. પરિણામે, ગુજરાતનો દરિયાકાંઠો આજે રાજ્યની આર્થિક સમૃદ્ધિનો પ્રવેશદ્વાર બન્યો છે. તાજેતરના આંકડાઓ મુજબ, ગત વર્ષ ૨૦૨૪-૨૫માં દરિયાઈ માછલીનું ઉત્પાદન ૭.૬૪ લાખ મેટ્રિક ટન અને અંતર્દેશીય માછલીનું ઉત્પાદન ૨.૭૮ લાખ મેટ્રિક ટન મળીને ગુજરાતમાં કુલ ૧૦.૪૨ લાખ મેટ્રિક ટનથી પણ વધુ મત્સ્ય ઉત્પાદન નોંધાયું હતું. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યનું કુલ મત્સ્ય ઉત્પાદન વધીને ૧૧ લાખ મેટ્રિક ટનથી વધુ થવાનો પ્રાથમિક અંદાજ છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યનું કુલ મત્સ્ય ઉત્પાદન વાર્ષિક સરેરાશ ૯.૩૦ લાખ મેટ્રિક ટનથી વધુ નોંધાયું છે, જે રાજ્યની જળસંપત્તિની તાકાત દર્શાવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સહિયારા પ્રયાસોથી ગુજરાતમાં 'બ્લૂ ક્રાંતિ' સાકાર થઈ રહી છે. ગુજરાતની બ્લૂ ઈકોનોમી માત્ર રાજ્ય માટે જ નહીં, પણ આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવા માટેનું પણ એક મજબૂત એન્જિન બની છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે પણ માછીમારી સમુદાયોના સામાજિક-આર્થિક કલ્યાણને સુનિશ્ચિત કરવા તેમજ મત્સ્યોદ્યોગ ક્ષેત્રે આધુનિકીકરણ, ટ્રેસેબિલિટીમાં સુધારો અને મજબૂત મત્સ્યપાલન વ્યવસ્થાપન પ્રણાલીનું નિર્માણ કરવા પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અમલમાં મૂકી છે.

કેશરપુરાની ઈરમફાતેમાની સ્પેસ એપ્લિકેશન સેન્ટરમાં ટ્રેનિંગ માટે પસંદગી

(સંવાદદાતા દ્વારા)

કેશરપુરા, તા.૨૦

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ ટેક્નોલોજી એન્ડ ઈસરો સ્પેસ એપ્લિકેશન સેન્ટરના સહયોગથી ભાવિ વૈજ્ઞાનિક તૈયાર કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જે પ્રોગ્રામ તા. ૨૩ નવેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે. જેમાં ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાના શિક્ષકો સાથે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ઈસરોના મુખ્ય વૈજ્ઞાનિકો સાથેનું સત્ર રહેશે. જેમાં તેઓ વિદ્યાર્થીઓને અવકાશ સંશોધન અને ભારતીય અવકાશ વિશેનું વિશેષ માર્ગદર્શન આપશે. SACના ડાયરેક્ટર નિલેશ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાંથી એકસો જેટલા વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા છે. જેમને એક અઠવાડિયા માટે સ્પેસ એપ્લિકેશન અંતરીક્ષ સેન્ટર ખાતે ટ્રેનિંગ માટે મોકલવામાં આવશે. એક જાતની એજ્યુટેન્મેન્ટ એટલે કે એજ્યુકેશનની સાથે એન્ટરટેન્મેન્ટ સ્પેસ સાયન્સની જાણકારી મળે એવા અભારા પ્રયત્નો છે. ગુજરાત ગવર્મેન્ટની આ સારી પહેલ છે. મળેલ જાણકારી મુજબ સાબરકાંઠા જિલ્લાના ત્રણ વિદ્યાર્થીઓ પૈકી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કેશરપુરાના ઝહીર અબ્બાસ અબ્દુલરઝાક મસીની દીકરી ઈરમફાતેમા મસીની પસંદગી થઈ છે. એમના પિતાએ જણાવ્યુ હતું કે, ગુજરાતમાંથી આ એકજ મુસ્લિમ પસંદ થયેલ છે. જેથી મુસ્લિમ સમાજ અને એમના માબાપ તથા કેશરપુરા ગામ માટે ગૌરવની વાત છે.

૨૦૨૫ એ ત્રણ મોટા પ્રસંગોનું વર્ષ : ભૂપેન્દ્રસિંહ

ગુજરાત સરકારના પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ૨૦૨૫નું વર્ષ ત્રણ મોટા પ્રસંગોનુ વર્ષ છે. મહામાનવ સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ. બીજા એવાજ મહામાનવ બિરસામુંડાની પણ ૧૫૦મી જન્મજયંતિ. દેશપ્રેમની અભિવ્યક્તિ કરતુ ગીત 'વંદેમાતરમ'ને પણ ૧૫૦ વર્ષ થયા. કેન્દ્ર સરકારે અધિકૃત રીતે આ ત્રણેય પ્રસંગોને ભવ્ય રીતે ઉજવીને સૌ પ્રજાજનોમાં દેશપ્રેમ ઉજાગર કરવાનુ ખૂબ સુંદર આયોજન કર્યું છે. જેના ભાગરૂપે ગુરૂવારે કલોલ વિધાનસભાના નારદીપૂર ગામે કાર્યક્રમમાં ઉપસ્થિતિ રહી હતી. સરદાર પટેલના જીવનના પ્રસંગોને ઉલ્લેખ કરતાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ કે કેન્દ્ર સરકારે સરદાર સાહેબનુ ઋણ અદા કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કર્યુ છે. તેઓના બધા અધૂરા કામો વડાપ્રધાન મોદી પૂરા કરી રહ્યા છે. દા.ત. જમ્મુ કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ દૂર કરી. આજના સમયના આપણે સૌ સાક્ષી બનીને સદ્ભાગી બન્યા છીએ. સાત કિ.મી. લાંબી જાગૃતિ સરદાર યાત્રાને સૌએ ઝંડી બતાવી વિદાય આપી હતી કાર્યક્રમમાં જિલ્લાના પ્રમુખ અનીલભાઈ પટેલ, સ્થાનિક ધારાસભ્ય બકાજી ઠાકોર, જી. વિ. અ. વી.જે. પટેલ સહિત અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

GTUની પરીક્ષામાં ગત વર્ષનું બેઠું પેપર પૂછાયાના મામલાની તપાસ બાદ કમિટીએ રિપોર્ટ રજૂ કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની સિવિલ એન્જિનિયરિંગની પરીક્ષામાં છબરડો થયો હોવાનું સામે આવ્યું હતું. સિવિલ એન્જિનિયરિંગની સેમેસ્ટર ૭ની પરીક્ષામાં ગયા વર્ષનું પેપર બેઠું પૂછી નાખવામાં આવ્યું હતું. જેથી ભારે વિવાદ થયો હતો. જે બાદ GTU દ્વારા તપાસ માટે કમિટી બનાવવામાં આવી હતી. જેથી તપાસ કમિટીએ સમગ્ર બાબતની તપાસ કરીને આજે રિપોર્ટ સબમિટ કર્યો છે. જેમાં પેપરસેટર પ્રોફેસરને કસુરવાર ગણવામાં આવ્યો છે. જેથી તપાસ કમિટીએ GTUને પેપરસેટર સામે

પ્રોફેસરને કસૂરવાર ગણાવ્યા

કડક કાર્યવાહી કરવા ભલામણ કરી હતી. ગયા વર્ષે જે પેપરસેટર પ્રોફેસરે પેપર નીકાળ્યું હતું તે જ પેપરસેટર પ્રોફેસર દ્વારા આ વર્ષે બેઠે બેઠું પેપર કાઢ્યું હતું. જેથી તેને લઈને ભારે વિવાદ થયો હતો. જેથી હવે GTUમાં પેપર છબરડાની તપાસ કમિટીના રિપોર્ટ બાદ એક મિટિંગ બોલાવવામાં આવી હતી. જે મિટિંગમાં પેપરસેટર પ્રોફેસર સામે કડક કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ઘુમા વિસ્તારમાં ચાલુ કન્સ્ટ્રક્શન સાઈટની દીવાલ ધસી પડી

AMCએ ડેવલોપર પાસેથી રૂા.૫૦,૦૦૦નો ચાર્જ વસૂલ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

અમદાવાદના ઘુમા વિસ્તારમાં સાગલ ગ્રુપની ચાલુ કન્સ્ટ્રક્શન સાઈટની દીવાલ ધસી પડી હતી. દીવાલ પડવાના કારણે કન્સ્ટ્રક્શન સાઈટ પર ટેમ્પરરી બનાવવામાં આવેલી ઓફિસો પણ પડી ગઈ હતી. ઘટનામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી. ઓફિસ જે બનાવવામાં આવી હતી તેને નુકસાન થયું હતું. પાણીની લાઈન લીકેજ થઈ હતી અને તેના કારણે માટી ભીની થતાં દીવાલ ધસી પડી હોવાનું જાણવા મળ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગને આ મામલે જાણ કરવામાં આવી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા આ મામલે કન્સ્ટ્રક્શન સાઈટ ડેવલોપર પાસેથી રૂા.૫૦૦૦૦નો વહીવટી ચાર્જ પણ વસૂલ્યો છે.

AMCનો સુપરવાઈઝર અને SRPનો ASI લાંચ લેતા ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગોધરા SRPના કર્મચારી મંડળ માટે SRPના ASIએ ગિફ્ટ મંગાવી હતી. ગિફ્ટ માટેનું ૮.૩૭ લાખ રૂપિયા બિલ બન્યું હતું. જે બિલ પાસ કરવા ગિફ્ટનું કામ કરનાર વેપારી પાસેથી ASIએ ૨.૫૧ લાખ રૂપિયા માંગ્યા હતા. જેમાંથી ૯૭ હજાર અગાઉ આપી દીધા હતા, જ્યારે બાકીના ૧.૪૪ લાખ રૂપિયા આપવાના બાકી હતા. જે રૂપિયા લેવા SRPના ASI રોશન કુમાર ભુરીયા વતી AMCનો સુપરવાઈઝર પ્રિન્સ ડામોર ગયો હતો. ACBએ લાંચ લેતા AMCના સુપરવાઈઝર અને SRPના ASIને ઝડપી લીધા છે.

ગોધરા SRP ગ્રુપ ૫માં ફરજ બજાવતા ASI રોશન કુમાર ભુરીયા કર્મચારી પિરાણ ગ્રાહક સરકારી મંડળીના મંત્રી છે. સપ્ટેમ્બર મહિનામાં રોશન કુમારે પોતાની મંડળીના સભ્યોને વાર્ષિક ભેટ આપવા માટે ૬૭૦ નંગ ગિફ્ટ આર્ટીકલનો ઓર્ડર આપ્યો હતો.ઓર્ડર આપતા સમયે જ રોશન કુમારે થોડો ઘણો વ્યવહાર કરવો પડતો હોય છે એવી વાતચીત કરી હતી. જે બાદ ૧૩ નવેમ્બરના રોજ ફરિયાદીએ ગિફ્ટ આર્ટીકલ મોકલ્યા હતા જેના ૮.૩૭ લાખ રૂપિયા લેવાના હતા.

બિલની રકમના કુલ ૩૦ ટકા લેખે ૨.૫૧ લાખ રૂપિયાની માંગણી કરતા ફરિયાદીએ રકઝક કરી હતી. જોકે ફરિયાદી શરૂઆતમાં ૯૭,૦૦૦ ASI રોશન કુમારના કહેવાથી કોન્ટ્રાક્ટ પરના સોલિડ વેસ્ટ કલેક્શન વિભાગમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા પ્રિન્સ ડામોર નામના વ્યક્તિને આપ્યા હતા.જે બાદ બાકીના ૧.૪૪ લાખ રૂપિયાની પણ રોશન કુમારે માંગણી કરી હતી. ફરિયાદીને લાંચ ના આપવી હોવાથી ACBનો સંપર્ક કર્યો હતો.

પરિવારે લગ્નનો વિરોધ કરતા ઘરેથી ભાગી કાંટાળી તાર નીચેથી દેશની સરહદમાં ઘૂસ્યાં

પાકિસ્તાનથી કચ્છ આવી પહોંચેલા પ્રેમી યુગલને જેલ હવાલે કરાયો

મેડિકલ રિપોર્ટમાં પ્રેમી પંખીડા પુખ્તવયના હોવાનું ખૂલ્યું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

પ્રેમિકા મીના પ્રેમી તોતો

કચ્છના દુર્ગમ ખડીર બેટના અંતરિયાળ વિસ્તારમાંથી દોઢ માસ પૂર્વે પાકિસ્તાની પ્રેમી પંખીડા ઝડપાયા હતા. આ કિસ્સામાં એક જ જ્ઞાતિના પ્રેમી-પ્રેમિકા પોતાના દેશમાંથી ભાગીને ભારતમાં શરણ લેવા ઘુસી આવ્યા હતા. જેઓને આજે ભચાઉ કોર્ટમાં હાજર કરાયા હતા. પાસપોર્ટ નિયમના ભંગ બદલ બંને પાકિસ્તાની યુવક-યુવતી સામે ગુનો નોંધવામાં આવ્યો છે. બંનેને ભચાઉ કોર્ટમાં લાવવામાં આવ્યા અને કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યાં હતા. જેથી કોર્ટે બંનેને ગાંધીધામના ગળપાદર ખાતેની જેલ હવાલે કરવાનો આદેશ કર્યો છે. પોલીસે પ્રેમી જોડાને જેલ ખાતે મોકલી આપ્યા છે.

તોતો અને મીના નામના પ્રેમી યુગલને ખડીર બેટના રતનપરના ગ્રામજનોએ પકડી પાડી પોલીસના હવાલે કર્યા હતા. જ્યાં પોલીસ નિવેદનમાં પોતે સગીર વયના હોવાનો દાવો કરાયો હતો. જોકે, પકડાયેલા બંને પાકિસ્તાનીઓ વય નિર્ધારિત કરવા ભુજ શહેરની જીકે જનરલ હોસ્પિટલમાં મેડિકલ તપાસ કરાઈ હતી. મેડિકલ રિપોર્ટ અનુસાર પાકિસ્તાની પ્રેમી પંખીડા પુખ્તવયના હોવાનું ખુલ્યું પામ્યું હતું. ખડીર પોલીસમાં કિશોર વયના હોવાની કેફિયત આપનાર પાકિસ્તાની યુગલની વય નિર્ધારિત કરવા ઘટનાના ત્રીજા દિવસે જિલ્લા મથક ભુજ શહેરની જીકે જનરલ હોસ્પિટલમાં પોલીસ જમા હેઠળ મેડિકલ ટેસ્ટ માટે લવાયા હતા. બંનેના બ્લડ સેમ્પલ સહિતના નમૂના મેળવી લેબ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં તોતો ઉર્ફે તારા રણમણ ચુડી ૨૦ વર્ષની આસપાસ ઉંમર ધરાવતો હોવાનું અને મીના ઉર્ફે પૂજા કરસન ચુડી ૧૮થી ૨૦ વર્ષની ઉંમર હોવાનું ખુલ્યું હતું. પોલીસે આ રિપોર્ટના આધારે બન્ને સામે તપાસ હાથ ધરી ઝીણવટ ભરી પૂછપરછ શરૂ કરી હતી. આ તપાસમાં બંને પ્રેમી ભીલ સમાજના અને એક જ નુકના હોવાનો ખુલાસો થયો હતો. બંને જણા પાકિસ્તાનના થરપારકર જિલ્લાના ઈસ્લામ કોટ તાલુકાના લસરી ગામના રહેવાસી છે. આ પ્રેમી પંખીડા પરિવારના લગ્ન વિરોધના પગલે ૪ ઓક્ટોમ્બરની રાત્રિએ ઘરેથી ભાગી ગયા હતા.

બંને જણા પગે ચાલીને ભારત સરહદ નજીક પહોંચ્યા હતા અને રાત્રિના અંધકારનો લાભ લઈ કાંટાળી તાર નીચેથી દેશની સરહદમાં ઘુસી આવ્યા હતા. અફાટ રણમાં ચાલી, વરસાદી પાણીના સહારે ત્રીજા દિવસે ખડીરની ૮૦૦ મીટર પહાડી સર કરી રતનપર ગામના સીમ વિસ્તારમાં પહોંચ્યા હતા. જ્યાં ભૂખના કારણે બીજા દિવસે તેઓ અશક્ત બની લાકડા કાપતા શ્રમિકોના ખાટલા ઉપર સુઈ ગયા હતા અને સ્થનિક લોકોના હાથે ચડી ગયા હતા.

ધમકીભર્યા ઈ-મેઈલ મોકલવાના કેસમાં મહિલા આરોપી દ્વારા હાઈકોર્ટમાં કરાઈ જામીન અરજી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

અમદાવાદના બોપલ વિસ્તારમાં આવેલી શાળા, સરખેજમાં આવેલી શાળા, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, અમદાવાદ પ્લેન ક્રેશ વખતે BJ મેડિકલ કોલેજ અને હાઈકોર્ટને બોમ્બ મૂકાયાના થ્રેટ ઈમેઈલ દિવીજ પ્રભાકરના નામથી મળ્યા હતા. સાયબર ક્રાઈમે ઈમેઈલ મોકલનાર રેની જોશિલ્ડા નામની આરોપી યુવતીની ચેન્નઈથી ધરપકડ કરી હતી. તેને કસ્ટડીમાં પોલીસ સાથે પણ ઝપાઝપી કરી હતી. અત્યારે રેની જેલમાં છે, ત્યારે

મંગળવારે સુનાવણી

તેને ઉપરોક્ત ફરિયાદો પૈકી નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બોમ્બ મુકવાની ધમકી, પોલીસ સાથે ઝપાઝપી અને પ્લેન ક્રેશ વખતે BJ મેડિકલ કોલેજને અપાયેલી ધમકીના કેસમાં તેને જામીન મળી ચૂક્યા છે.બોપલની શાળામાં બોમ્બ મૂકવાની ધમકીના અને સરખેજની ફરિયાદમાં સેશન્સ કોર્ટે રેનીના જામીન નકારતા તે જામીન અરજી લઈને ગુજરાત હાઈકોર્ટ પહોંચી છે. જેનીના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે તેને અમદાવાદમાં નોંધાયેલી અન્ય ફરિયાદોમાં જામીન મળી ગયા છે. ફક્ત સરખેજ અને બોપલ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદમાં જામીન મળ્યા નથી. કોર્ટે કહ્યું હતું કે તમે ગુજરાત હાઈકોર્ટને પણ થ્રેટ ઈમેઈલ મોકલ્યો હતો. તમારા કારણે કેટલા લોકો હેરાન થયા. શા માટે સેશન્સ કોર્ટે તમારા જામીન નકાર્યા છે ? અરજદારે જણાવ્યું હતું કે તેના પકડાઈ ગયા બાદ પણ કોર્ટને થ્રેટ ઈમેઈલ મળ્યા છે. જો કે કોર્ટે સરકારી વકીલને સૂચના મેળવીને આ અંગે વધુ કાર્યવાહી મંગળવારે રાખી છે.

SIRની પ્રક્રિયામાં 'કુટુંબ રજિસ્ટ્રર' દસ્તાવેજ બાબતે અસમંજસ દૂર કરવા માંગ

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં SIRની પ્રક્રિયામાં દસ્તાવેજોની સૂચક યાદીમાં લખવામાં આવેલ "કુટુંબ રજિસ્ટર" બાબતે નાગરિકોમાં ઉપજી રહેલી અસમંજસની સ્થિતિને દૂર કરવાની માંગ સાથે માઈનોરિટી કો-ઓર્ડિનેશન કમિટી, ગુજરાતના કન્વિનર મુજાહિદ નફીસ દ્વારા ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી હારીત શુક્લને લેખિત રજૂઆત કરવામાં આવી છે. તેમણે રજૂઆત કરી છે કે, SIRમાં ગુજરાતના દરેક મતદારને પુરવાર કરવું પડશે કે તે ભારતના નાગરિક છે અને તેના માતા, પિતા, દાદા, દાદી ભારતના નાગરિક છે/હતા. આ SIRમાં ૨૦૦૨ની યાદીમાં જેના નામ હશે તેઓને પોતાની અને જેઓના નામ ૨૦૦૨ની મતદાર યાદીમાં નામના હોય તો તેઓના માતા, પિતા, દાદા, દાદીની વિગત આપવાની રહશે. આ પ્રક્રિયામાં ચૂંટણી આયોગ દ્વારા જે દસ્તાવેજોની સૂચક યાદી બતાવી છે તેના ક્રમાંક ૧૦ ઉપર રાજ્ય/સ્થાનિક અધિકારીઓ દ્વારા તૈયાર કરાયેલ "કુટુંબ રજિસ્ટર"ને પણ એક પુરાવા તરીકે માન્ય ગણ

યુદ્ધવિરામ છતાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૨૫ લોકોનાં મોત, ૭૭ ઘાયલ

(એજન્સી) તા.૨૦

પશ્ચિમ બંગાળમાં રાજકીય હિંસા પણ એટલી જ મજબૂત છે. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીઓમાં રીતસર ધાકધમકી જોવા મળી હતી, જેમાં ભાજપે ચૂંટણી પછીની હિંસાનું દસ્તાવેજીકરણ કર્યું હતું જેના કારણે ન્યાયિક દેખરેખ અને કોર્ટ દ્વારા FIR નોંધવાના આદેશ આપવામાં આવ્યા હતા. ૨૦૧૮ની પંચાયત ચૂંટણીઓમાં વિરોધ પક્ષો ૩૪ ટકાથી વધુ બેઠકો પર ઉમેદવારો નોંધાવી શક્યા ન હતા.

પરિણામ ? TMCએ ઉપલબ્ધ બેઠકોના એક તૃતીયાંશ ભાગ નિર્વિવાદ રીતે મેળવ્યો. ૨૦૨૫માં, વક્ફ સુધારા કાયદાને લઈને મુર્શિદાબાદમાં થયેલી અથડામણમાં ત્રણ લોકોના મોત થયા હતા અને

૨૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

ભાજપે આ વખતે બંગાળમાં એક ખાસ રણનીતિ ગોઠવી હતી. પક્ષ ખ્રિસ્તીઓ, બૌદ્ધો, જૈનો અને શીખો જેવા બિન-મુસ્લિમ લઘુમતીઓને આકર્ષવા માટે તૈયારી કરી રહ્યો છે, જેમની સંખ્યા લગભગ ૨૫ લાખ છે. બીજું, ભાજપ આ વખતે વાર્તા પર સંપૂર્ણ નિયંત્રણ મેળવવા માંગે છે અને ઈચ્છે છે કે TMC રક્ષણાત્મક અને ભગવા પક્ષની શરતો પર ચૂંટણી લડે. ત્રીજું અને કદાચ સૌથી અગત્યનું, ભાજપે રાજ્યભરમાં TMCના મજબૂત નેતાઓ પર દસ્તાવેજો તૈયાર કર્યા છે. આ શક્તિશાળી લોકો મતદારોને ડરાવવામાં અને તેમના સમર્થકો વતી ચૂંટણી પ્રક્રિયાને ખોરવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

વધુમાં, ભાજપે ૫૦,૦૦૦થી વધુ બૂથ-લેવલ એજન્ટો તૈનાત કર્યા છે. અથવા SIR કવાયત અને રાજ્યના ૯૧,૦૦૦ બૂથમાંથી ૩૦,૦૦૦ પર સમિતિઓની રચના કરી. દેશભરના વરિષ્ઠ ભાજપ નેતાઓને પાંચ ઝોનમાં સોંપવામાં આવ્યા છે : કોલકાતા, નવદ્વીપ, હાવડા-હુગલી-મિદનાપુર, ઉત્તર બંગાળ અને રાઢ પ્રદેશ. બિહારના પરિણામો જાહેર થયા પહેલા શરૂ થયેલ સંગઠનાત્મક પાયાનું કામ હવે પૂરજોશમાં ચાલી રહ્યું છે.

બિહાર સાથેનો વિરોધાભાસ વચન અને સાવધાની બંને આપે છે. મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજનાએ ૧.૫ કરોડ મહિલાઓને તાત્કાલિક રોકડ સહાય પૂરી પાડી હતી, જેમાં છ મહિના સુધી તેમના ઉદ્યોગોને ટકાવી રાખનારાઓને વધારાના ૨ લાખ રૂપિયાનું વચન આપવામાં આવ્યું હતું. આ યોજનાને હવે NDAના જંગી વિજય માટે એક મોટું કારણ માનવામાં આવી રહ્યું છે. TMCની લક્ષ્મી ભંડાર યોજના, જે સામાન્ય શ્રેણીની મહિલાઓને માસિક ૧,૦૦૦ રૂપિયા અને SC/ST મહિલાઓને ૧,૨૦૦ રૂપિયા આપે છે, ૨.૨ કરોડ લાભાર્થીઓને આવરી લે છે. પરંતુ ભાજપ શાસિત રાજ્યોએ દર્શાવ્યું છે કે તેઓ સુરક્ષા અને શાસન પર પણ આવા કલ્યાણ ખર્ચની તુલના કરી શકે છે અથવા તેનાથી વધુ કરી શકે છે. પશ્ચિમ બંગાળની મહિલાઓને તેઓ આ વાત સમજાવી શકશે કે નહીં તે આવતા વર્ષની શરૂઆતમાં સ્પષ્ટ થઈ જશે.

આ દરમિયાન, તૃણમૂલ કોંગ્રેસ પર રાજવંશનો પ્રશ્ન ઘેરાયેલો છે. મમતાના ભત્રીજા અને તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનરજીને તેમના રાજકીય વારસદાર તરીકે વ્યાપકપણે જોવામાં આવે છે, તેમ છતાં તેમણે ઉત્તરાધિકાર અંગે કાળજીપૂર્વક કેળવેલી અસ્પષ્ટતા. તૃણમૂલ કોંગ્રેસના નેતાઓએ ખુલ્લેઆમ કહ્યું છે કે અભિષેક એક દિવસ મુખ્યમંત્રી બનશે. મમતાના ડાબેરી વિરોધી સંઘર્ષ અને રાજકીય વંશાવળીથી મુક્ત એક સામાન્ય મહિલા હોવાના તેમના વર્ણનમાંથી જન્મેલા પક્ષ માટે, વંશવાદની રાજનીતિ તરફ વળવું એ એક નબળાઈ છે જેનો ભાજપ નિર્દયતાથી ઉપયોગ કરશે. બંગાળનું અર્થતંત્ર, ૨૦૨૪-૨૫માં ૬.૮ ટકા GSDP વૃદ્ધિ નોંધાવતી વખતે, ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે. સરકારના દાવાઓ છતાં કે બેરોજગારી ૮ ટકાના રાષ્ટ્રીય દર સામે ૪.૧૪ ટકા છે, શહેરી યુવાનોની બેરોજગારી મે ૨૦૨૫માં ૧૭.૯ ટકા સુધી પહોંચી ગઈ હતી. ભાજપના આંતરિક સૂત્રો કહે છે કે પશ્ચિમ બંગાળ માટે તેમનું આંતરિક લક્ષ્ય ૧૬૦ બેઠકો છે. ૨૦૨૧માં ડાબેરી-કોંગ્રેસ ગઠબંધનનો સંપૂર્ણ પતન, જ્યારે તે એક પણ બેઠક જીતી શક્યું ન હતું, તેણે ત્રીજા ધ્રુવને ખતમ કરી દીધો છે જે એક સમયે બંગાળના રાજકીય ગણિતને જટિલ બનાવતો હતો. આ હવે સીધો ટીએમસી-ભાજપનો મુકાબલો છે. ભાજપના નેતાઓ પણ આ વખતે જનતામાં ટીએમસી સરકાર સામે સ્પષ્ટ ગુસ્સો અનુભવી રહ્યા છે. બંગાળી સોશિયલ મીડિયા ટીએમસી વિરોધી સામગ્રીથી ભરેલું છે-પછી ભલે તે વિડિઓઝ હોય કે મીમ્સ-અને ભાજપને આશા છે કે તે આવતા વર્ષે માર્ચ સુધીમાં આ ગુસ્સાને મતોમાં ફેરવી શકશે. મોદીનો 'ગંગા બિહારથી બંગાળ તરફ વહે છે' એ ફક્ત એક રેખા નથી. તે ઈરાદાની ઘોષણા છે. બિહારમાં વિજય મેળવનાર ભાજપ એ જ પક્ષ છે જેણે તે વિજય સાકાર થાય તે પહેલાં જ બંગાળ માટે પદ્ધતિસરની તૈયારી કરી લીધી હતી. એકમાત્ર પ્રશ્ન એ છે કે શું બંગાળના મતદારો, જંગલ રાજ અને ગેરકાયદેસર સ્થળાંતરથી કંટાળી ગયા છે ?, તે ગંગાએ શરૂ કરેલી યાત્રા પૂર્ણ કરશે ?.

નક્સલવાદીઓ હિંસાનો માર્ગ છોડી રહ્યા છે અને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડાઈ રહ્યા છે : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

ડાબેરી આતંકવાદને નાબૂદ કરવા માટેના કેન્દ્ર અને રાજ્યના જોરદાર પ્રયાસો અને સંકલિત અભિયાનની વિગતોને રાષ્ટ્રપતિએ ઉજાગર કરી હતી અને આદિવાસીઓની પ્રતિભાની પ્રશંસા કરતા તેમણે કહ્યું હતું કે પરંપરાગત ખેલકૂદનું જતન કરવાની જરૂર છે

(એજન્સી) અંબિકાપુર, તા.૨૦

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુરૂવારે એક ખાસ કાર્યક્રમમાં જણાવ્યુ હતું કે, દેશભરમાં નક્સલવાદીઓ હિંસાનો માર્ગ છોડી રહ્યા છે અને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડાઈ રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના સંકલિત પ્રયાસો અને આતંકવાદ વિરોધી અભિયાનને કારણે ડાબેરી આતંકવાદ નાબૂદ કરવાનું શક્ય બનશે એવું તેમણે ઉમેર્યું હતું. છત્તીસગઢમાં સરગુજા જિલ્લાના વડા મથક અંબિકાપુર ખાતે જનજાતિય ગૌરવ દિવસ કાર્યક્રમને સંબોધન કરતા રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, આદિવાસી સમુદાયોએ પણ અન્ય સમુદાયની સાથે કદમ મિલાવીને આગળ વધવું જોઈએ. કદમ થી કદમ મિલાવીને એમણે પણ વિકાસ તરફ આગળ ચાલવું જોઈએ. એ લોકો એટલે કે નક્સલવાદીઓ ડાબેરી આતંકવાદનો માર્ગ છોડી રહ્યા છે અને છત્તીસગઢ નહીં પરંતુ સમગ્ર દેશના વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડાઈ રહ્યા છે. કેન્દ્ર અને રાજ્યના સંયુક્ત પ્રયાસોને કારણે નક્સલવાદી અંતિમવાદને નાબૂદ કરવાનું શક્ય બનશે અને આ લક્ષ્ય સિદ્ધ કરવા માટે કેન્દ્ર અને રાજ્યો સંયુક્ત રીતે પગલાં લઈ રહ્યા છે અને એમના પ્રયાસોથી ખૂબ જ નોંધપાત્ર પરિવર્તન

આવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, તાજેતરમાં બસ્તરમાં ઓલિમ્પિક્સનું આયોજન થયું ત્યારે ૧,૬૫,૦૦૦થી વધુ આદિવાસીઓએ તેમાં ભાગ લીધો હતો એ ખૂબ જ હર્ષની બાબત છે. આપણા આદિવાસી વિરલાઓના આદર્શોને અનુસરીને છત્તીસગઢની જનતા વિકસિત તથા સશક્ત અને સ્વાવલંબી ભારતના નિર્માણમાં બહુમૂલ્ય યોગદાન આપશે એવી મને શ્રદ્ધા છે. રાષ્ટ્રપતિ મુર્મુએ ઉમેર્યું હતું કે, મહિલાઓ સમાજની આધારશીલા છે અને જ્યારે એમનો વિકાસ થાય છે તો સમાજ પણ આગળ વધે છે. તાજેતરમાં મહિલા વિશ્વ કપ વિજેતા ભારતીય ટીમ સાથે રાષ્ટ્રપતિ ભવનમાં થયેલી મુલાકાતને યાદ કરતા તેમણે આદિવાસી મહિલા ક્રિકેટર કાંતિ ગોડની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે સખત પરિશ્રમ અને સંકલ્પને કારણે જ કાંતિએ ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યું. ભારતીય ટીમ સુધીની કાંતિની આ યાત્રા પડકારોથી ભરેલી હતી પરંતુ ખૂબ જ હિંમત સાથે અને અડગ રહીને અવિરત પ્રયાસો કરીને તેણે એક પ્રેરક ઉદાહરણ પૂરૂં પાડ્યું છે અને એક આદર્શ બનીને ઊભરી છે. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, કાંતિ ગૌડ નામની આ ક્રિકેટર સખત પરિશ્રમ અને નિર્ધાર માટે દેશભરની મહિલાઓ સમક્ષ એક કાંતિકારી ઉદાહરણ બની છે અને ખાસ કરીને આદિવાસી સમાજની દીકરીઓ માટે પ્રેરણા બની છે. રાષ્ટ્રપતિએ પરંપરાગત રમતોનું જતન કરવા અને એમને ખતમ ન થવા દેવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, આદિવાસી સમુદાયના રમતવીરો અને દીકરીઓએ રમત ગમતમાં ઊંડો રસ બતાવ્યો છે અને એમની પાસે ખૂબ જ કુદરતી પ્રતિભાનો ખજાનો છે. ભાવિ પેઢીઓ માટે પણ એમની આ શક્તિઓને વધુને વધુ ખીલવવાના પ્રયાસો ચાલુ રાખવા જોઈએ. આ કાર્યક્રમમાં છત્તીસગઢના ગવર્નર રમણ ડેકા અને મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાંઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.

દિલ્હી બ્લાસ્ટ પર સલમાન ખુર્શીદ : મોદી સરકારની સુરક્ષા નીતિ પર 'ગંભીર સવાલ'

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીમાં થયેલા વિસ્ફોટે કેન્દ્ર સરકારની સુરક્ષા નીતિ પર 'અત્યંત ગંભીર પ્રશ્નાર્થ' મૂક્યો છે, તેમ વરિષ્ઠ કોંગ્રેસ નેતા અને પૂર્વ વિદેશ મંત્રી સલમાન ખુર્શીદએ બુધવારે જણાવ્યું હતું. તેમણે આ 'ચૂક' અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તાત્કાલિક સંસદમાં જવાબ આપવાની માંગ કરી છે. ખુર્શીદે એવો પણ આક્ષેપ કર્યો હતો કે મોદી સરકારને લગતી 'વ્યૂહાત્મક નિષ્ફળતાઓ' હવે સ્પષ્ટપણે દેખાઈ રહી છે.

સરકારના મૌન પર સવાલ : કોંગ્રેસના વિદેશી બાબતોના વિભાગના અધ્યક્ષે કહ્યું કે, 'લાલ કિલ્લા પાસે જે બન્યું છે અને તેના દેશના અન્ય ભાગો સાથેના જોડાણથી અમે ચોંકી ગયા છીએ. આ બધા દિવસોમાં સરકાર તરફથી એક પણ સ્પષ્ટ નિવેદન આવ્યું નથી, જે બે બાબતો કહે : આ ગુપ્તચર નિષ્ફળતા કેવી રીતે થઈ અને ખાસ કરીને ભૂતકાળમાં જે કહેવામાં આવ્યું છે તેના પ્રકાશમાં તેના શું અસરો છે.' પીટીઆઈ (PTI) સાથેની મુલાકાતમાં, તેમણે દિલ્હી બ્લાસ્ટ વિશે જણાવ્યું, 'હું વ્યૂહાત્મક અને ગુપ્તચર નિષ્ફળતાઓ વિશે આખો કલાક વાત કરી શકું



છું. મને લાગે છે કે આ સરકારની સુરક્ષા નીતિ પર એક બહુ ગંભીર પ્રશ્નાર્થ છે.'

સંસદમાં ચર્ચાની માંગ : કોંગ્રેસની માંગણીઓ વિશે વાત કરતાં ખુર્શીદે કહ્યું કે તેમની પાર્ટીએ સ્પષ્ટ કરી દીધું છે કે 'ચાલો ઝડપથી સંસદમાં જઈએ.'

તેમણે ભારપૂર્વક કહ્યું, 'જવાબદાર રીતે, એક જવાબદાર સ્થળે, ચાલો વાત કરીએ કે આ બધું શા માટે થઈ રહ્યું છે અને આ સરકાર દ્વારા કરવામાં આવેલા તમામ ગહન નિવેદનો છતાં તે વારંવાર કેમ થઈ રહ્યું છે.' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું પાર્ટીની માંગ છે કે વડાપ્રધાને ગૃહના ફ્લોર પર આ મુદ્દે જવાબ આપવો જોઈએ, તો ખુર્શીદે પૂછ્યું, 'શું તેમને ન આપવો જોઈએ ?' જ્યારે વધુ દબાણ કરવામાં આવ્યું કે શું આ પાર્ટીની માંગ છે, તો તેમણે 'ચોક્કસપણે' કહીને હકારાત્મક જવાબ આપ્યો. ખુર્શીદે કહ્યું, 'આ પ્રકારની સુરક્ષાની ખામી શા માટે થઈ તેના વિશે વાત કરવા માટે આપણે શક્ય તેટલી વહેલી તકે ગૃહમાં જવું જોઈએ અને પછી દેશ કેવી રીતે સાથે આગળ વધી શકે તે જોવું જોઈએ. આ એવા પડકારો છે જેનો સામનો સાથે મળીને કરવો પડશે, આ પડકારો પક્ષની રેખાઓ પર લડી શકાય નહીં.'

શિયાળુ સત્ર વહેલું બોલાવવાની માંગ : તેમનું આ નિવેદન કોંગ્રેસ દ્વારા વડાપ્રધાન મોદીને દિલ્હી બ્લાસ્ટની ઘટના પર તાત્કાલિક સર્વપક્ષીય બેઠક યોજવા માટે માંગ કર્યાના થોડા દિવસો બાદ આવ્યું છે. વિરોધ પક્ષે એ પણ સવાલ કર્યો છે કે શું પહલગામ હુમલા બાદ સરકારે વ્યાખ્યાયિત કરેલો 'નવો સામાન્ય સિદ્ધાંત' (new normal doctrine) આજે પણ અકબંધ છે. કોંગ્રેસે એવી પણ માંગ કરી છે કે ૧ ડિસેમ્બરથી શરૂ થનાર સંસદનું શિયાળુ સત્ર વહેલું બોલાવવામાં આવે જેથી આ ઘટના પર ચર્ચા થઈ શકે, તેમ પીટીઆઈ (PTI)ના અહેવાલમાં જણાવાયું છે.

ડીએમકે નેતા : જો 'નરકાસુર' મોદીને 'ખતમ' કરવામાં આવે તો જ તામિલનાડુમાં સુધારો થશે, ભાજપ દ્વારા ધરપકડની માંગ

૨૦૨૬માં તમિલનાડુમાં ચૂંટણી યોજાવાની છે ત્યારે તેનકાસીના એક નેતાએ મોદીને કથિત રીતે જાનથી મારી નાખવાની ધમકી આપ્યા બાદ ભાજપ અને ડીએમકે વચ્ચે મોટો વિવાદ ફાટી નીકળ્યો છે

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૦

દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે) તેનકાસી દક્ષિણ જિલ્લા સચિવ જે. જયાબાલને કહ્યું કે જો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'ખતમ' કરવામાં આવે તો જ તમિલનાડુમાં સુધારો થશે તે પછી એક મોટો રાજકીય વિવાદ ફાટી નીકળ્યો છે. રાજ્યમાં સ્પેશિયલ ઇન્વેસ્ટિગેટિવ રિપોર્ટ (એસઆઈઆર) સામે તેનકાસીમાં વિરોધ પ્રદર્શનમાં જયાબાલનના ભાષણની ભારતીય જનતા પાર્ટી (ભાજપ) તરફથી તીવ્ર નિંદા કરવામાં આવી છે, જેમાં શાસક ડીએમકે પર નફરતભર્યા ભાષણને સામાન્ય બનાવવા અને દુશ્મનાવટનું વાતાવરણ ઊભું કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે જ્યાં નેતાઓ પીએમ વિરૂદ્ધ ધમકીઓ આપે છે. વીડિયોમાં, જયાબાલનને કહેતા સાંભળી શકાય છે કે, ''(પીએમ) મોદી તમારા મત ચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તે બીજો નરકાસુર (હિન્દુ પૌરાણિક કથાઓનો રાક્ષસ) છે. તમિલનાડુમાં તો જ સુધારો થશે, જો તેનો નાશ થાય.'' ડીએમકેના નેતાઓ, શંકરનકોવિલના ધારાસભ્ય ઇ રાજા અને તેનકાસીના સાંસદ રાની શ્રીકુમાર પણ વિરોધ પ્રદર્શનમાં હાજર રહ્યા હતા. મીડિયાએ જયાબાલનનો સંપર્ક કર્યો, જેમણે આ વિવાદ પર ટિપ્પણી કરવાનો ઇન્કાર કર્યો. ડીએમકેએ હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. આ ટિપ્પણી મોદી દક્ષિણ ભારત કુદરતી ખેતી સમિટનું ઉદ્ઘાટન કરવા માટે કોઈમ્બતુરની મુલાકાત લે તેના થોડા કલાકો પહેલા આવી છે, જેમાં ૫,૦૦૦ ખેડૂતો આવવાની અપેક્ષા છે. મોદી ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતો સાથે પણ વાતચીત કરશે અને ૧૦ અનુકરણીય ખેડૂતોનું સન્માન કરશે અને ૯ કરોડ ખેડૂતો માટે ૧૮,૦૦૦

કરોડ રૂપિયાનો પીએમ-કિસાન હપ્તો રિલીઝ કરશે. ડીએમકે નેતાની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા, ભાજપના પ્રદેશ પ્રમુખ નૈનાર નાગેન્દ્રને માંગ કરી છે કે રાજ્ય સરકાર મોદીને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ડીએમકે નેતાની ધરપકડ કરે. X પરની એક પોસ્ટમાં, ભાજપ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી વિંગના વડા અમિત માલવિયાએ જણાવ્યું હતું કે જયાબાલનનું ભાષણ DMK શાસન હેઠળ ખીલી રહેલા 'નફરતથી ભરેલા ઉગ્રવાદ'ને પ્રતિબિંબિત કરે છે અને તેમની તાત્કાલિક ધરપકડની માંગ કરી હતી : 'આ DMK શાસન હેઠળ ખીલી રહેલા અરાજકતા છે, જ્યાં નેતાઓ વડાપ્રધાન સામે મૃત્યુની ધમકીઓ આપવા માટે હિંમત અનુભવે છે.'

જો તમને એવું લાગતું હોય કે ભાજપની વ્યૂહરચનાઓ વધુ સારી છે તો તમે હજુ કોંગ્રેસમાં કેમ છો ? પીએમ મોદીની પ્રશંસા કરનાર શશી થરૂર ઉપર જબરદસ્ત પ્રહારો કરતી કોંગ્રેસ પાર્ટી

રામનાથ ગોયંકા વક્તૃત્વ કાર્યક્રમમાં પીએમ મોદીની પ્રશંસા કરવા બદલ શશી થરૂરને સખત રીતે વખોડી કાઢતા કોંગ્રેસના આગેવાનોએ પક્ષ તરફની એમની વફાદારી અંગે સવાલો ઉઠાવ્યા હતા અને પ્રશ્ન કર્યો હતો કે જો તેઓ ભાજપની નીતિઓને ટેકો આપી રહ્યા હોય તો શું કામ કોંગ્રેસમાં છે ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

તાજેતરમાં રામનાથ ગોયંકા વક્તૃત્વ શ્રેણીમાં વકતવ્ય આપનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભારે પ્રશંસા કરવા બદલ શશી થરૂર ઉપર કોંગ્રેસના આગેવાનોએ જોરદાર પ્રહારો કર્યા હતા અને શશી થરૂરની વફાદારી અંગે પણ શંકા વ્યક્ત કરી હતી. કોંગ્રેસના આગેવાનોએ પીએમની ફરીવાર પ્રશંસા કરવા બદલ શશી થરૂર સામે ઉગ્ર પ્રતિક્રિયા આપી છે એમને સવાલ કર્યો છે કે જો એમને ભાજપ અને પીએમના વિચારો જ પ્રશંસાને પાત્ર લાગતા હોય તો તેઓ હજુ સુધી શું કામ કોંગ્રેસમાં બેઠા છે ? પીએમના વક્તવ્ય અંગે શશી થરૂરે એવી પોસ્ટ મૂકી હતી કે વડાપ્રધાને ભારપૂર્વક દર્શાવ્યું હતું કે ભારત માત્ર ઊભરતું બજાર નથી પરંતુ વિશ્વભર માટે ઊભરતા આદર્શ અને મોડેલ સમાન છે. મેકોલેની ગુલામીની માનસિકતા સામે પણ વડાપ્રધાને વિચારો વ્યક્ત કર્યા હતા અને એ પ્રવચન પછી શશી થરૂરે એવું પણ કહ્યું હતું કે સખત શરદી અને કફ હોવા છતાં મેં આ કાર્યક્રમમાં

પ્રેક્ષકગણમાં હાજરી આપી તેનાથી મને અનહદ આનંદ થયો છે. કોંગ્રેસ તરફથી પણ તુરંત જ પ્રતિક્રિયાઓ આવી છે. કોંગ્રેસના નેતા સંદીપ દીક્ષિતે પક્ષ તરફની શશી થરૂરની વફાદારી અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે જો તમને એવું લાગે છે કે કોંગ્રેસની નીતિઓની વિરૂદ્ધ જઈને કોઈ દેશ માટે સારૂં કામ કરી રહ્યું છે તો તમારે એ લોકોની નીતિઓને જ અનુસરવું જોઈએ. તો તમે હજુ કોંગ્રેસમાં શું કામ છો ? શું માત્ર એ કારણે હજી છો કે તમે સંસદ સભ્ય છો ? જો તમને ખરેખર એવું લાગતું હોય કે ભાજપ યા પીએમ મોદીની વ્યૂહરચનાઓ તમે જે પક્ષમાં છો તેની નીતિઓ કરતાં વધુ સારી રીતે કામ આપી રહી છે તો તમારે એ અંગે ખુલાસો આપવો જોઈએ અને જો તમે એ આપતા ન હોવ તો તમે દંભી છો. કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનટે એ કહ્યું હતું કે મોદીના પ્રવચનમાં પ્રશંસા કરવા જેવું મને તો કંઈ લાગ્યું નથી. શશી થરૂરને એવું લાગ્યું છે અને બીમાર હોવા છતાં તેમણે હાજરી આપીને પીએમની પ્રશંસા કરી છે. આ રીતે વધુ એક વખત કોંગ્રેસના સાંસદ શશી થરૂરે કોંગ્રેસના ટોચના નેતાઓની ઉપરવટ જઈને હરીફ પક્ષની પ્રશંસાઓ ચાલુ રાખી છે અને વધુ એક વખત નેતાગીરીનો સામનો કર્યો છે અને શિંગડા ભરાવ્યા છે. એમના વિચારો ઘણી વખત પક્ષની નીતિ રીતે અનુસાર હોતા નથી એટલે એમની પક્ષ તરફની વફાદારીને આંતરિક સંકલન વિશે પણ શંકાઓ અને સવાલો ઊભા થઈ રહ્યા છે.

દાર્જિલિંગ ટેકરીઓ માટે મધ્યસ્થી નિમણૂક અંગે મમતાનો પીએમને ફરી પત્ર, તેને 'અસંવૈધાનિક અને મનસ્વી' ગણાવ્યું

મમતાએ કહ્યું કે, કેન્દ્ર પાસે પ્રદેશના મુદ્દાઓમાં કોઈ પ્રતિનિધિ અથવા મધ્યસ્થી નિમણૂક કરવાની કોઈ અધિકારક્ષેત્ર નથી

(એજન્સી) તા.૨૦

પશ્ચિમ બંગાળના મુ

સુરેન્દ્રનગરમાં SIRની કામગીરીમાં ITIના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને ઉપયોગ માટે બોલાવાતા ચકચાર

કલેક્ટરને જાણ થતાં તમામ વિદ્યાર્થીઓને પરત ITI ખાતે મોકલ્યા

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૦

હાલ સમગ્ર ગુજરાત રાજ્યમાં SIRની કામગીરી ચાલી રહી છે ત્યારે બી.એલ.ઓ અને શિક્ષણ વિભાગના અધિકારીઓને આ કામગીરી કરવા માટે કામે લાગવાનું હોય છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ આ કામગીરીપુર જોસમાં ચાલી રહી છે અને બીએલઓ અને શિક્ષક ઘરે ઘરે જઈ અને હાલમાં ફોર્મ ભરી અને ફોર્મ પરત મેળવી રહ્યા છે. ત્યારે હવે શિક્ષક ઉપરાંત આ કામગીરીમાં સ્વેચ્છિક રીતે લોકો મદદગારી કરી શકે તે માટે લોકોને પણ જોડવામાં આવી રહ્યા છે. આજે સુરેન્દ્રનગરના વઢવાણ પ્રાંત અધિકારી દ્વારા સુરેન્દ્રનગર મામલતદાર કચેરી ખાતે આઈટીઆઈમાં અભ્યાસ કરતા ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને લાવવામાં આવ્યા હતા અને સરની કામગીરીમાં જોડવા માટે તૈયારી દેખાડવામાં આવી હતી અને બીએલઓને બોલાવી અને વિદ્યાર્થીઓની ફાળવણી કરવામાં આવતા ચકચાર ફેલાઈ જવા પામી હતી. આ સમગ્ર મામલો ટોક ઓફ ધ ટાઉન બની ગયો હતો. ખાસ કરીને વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આઈ.ટી.આઈ ખાતે વાલીઓ મોકલતા હોય છે ત્યારે આવી કામગીરી કરાવે તો તેમનો અભ્યાસક્રમ બગડે તેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. આ બાબતની જાણકારી સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટરને થતા તાત્કાલિક ધોરણે આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓને પરત મોકલવામાં આવ્યા હતા અને કોઈપણ પ્રકારના વિદ્યાર્થીઓનો ઉપયોગ બીએલઓ અને પ્રશાસન વિભાગ દ્વારા ન કરવા માટે સૂચના આપવામાં આવી હતી. સ્વૈચ્છિક રીતે જોડાનાર લોકોને જ આ કામગીરી સોંપવા જિલ્લા કલેક્ટરે આદેશ આપ્યા હતા. પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં આ પ્રકારની ઘટના બની હોવાના કારણે સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર રાજેન્દ્ર પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ઓનલાઈન ૧૮ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ ગઈ છે હજુ પણ કામગીરી ચાલુ છે. અગામી દિવસોમાં આશા વર્કર બહેનો તેમજ અલગ અલગ કચેરીઓમાં ફરજ બજાવતા સ્ટાફને પણ આ કામગીરી માટે કામે લગાવવામાં આવશે અને આ કામગીરી ઝડપી પૂરી થાય તે પ્રકારના પ્રયાસો શરૂ કરવામાં આવશે.

(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

બોટાદના ત્રણ શખ્સોને અમરેલી LCBએ બિયરના જથ્થા સાથે ઝડપી પાડ્યા

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૦

અમરેલી એલસીબી પોલીસે બોટાદના ત્રણ શખ્સોને બિયરના જથ્થાની હેરફેર કરતા કુલ કિ.રૂા.૧૨,૫૩,૦૬૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. અમરેલી જિલ્લામાં દારૂની બદી દૂર કરવા અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ દારૂ તેમજ બિયર કેફી દ્રવ્યોની સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, એક કેટા કારમાં ગેરકાયદેસર ભારતીય બનાવટનો બિયરનો જથ્થો ભરી ચીતલ ગામ તરફથી અમરેલી બાજુ આવે છે અને આ કાર નાના માચિયાળા ગામ પાસે આવેલ બાયપાસ રોડ ઉપરથી પસાર થનાર છે અને તે કેટા કાર આગળ એક સ્વીફટ કાર પાયલોટિંગ કરી રહેલ છે, જે બાતમી આધારે એલ.સી.બી. ટીમે વોચમાં રહી ઉપરોક્ત બાતમી મુજબની કાર નીકળતા રોકી તલાસી લેતા (૧) કરણ વલકુભાઈ ખાચર, (ઉ.વ.૨૮) (૨) મયુર જગુભાઈ પટગીર, (ઉ.વ.૨૭) (૩) પ્રદીપ રવુભાઈ બોરીચા, (ઉ.વ.૨૦) (તમામ રહે. કારીયાણી, તા.જિ.બોટાદ) મળી આવેલ જેમના કબજામાંથી ભારતીય બનાવટના જુદા-જુદા બ્રાન્ડની બિયર નંગ ૬૪૮ કુલ પેટી ૨૭ કિંમત રૂા. ૬૭૫૦૦ તેમજ ઉપરોક્ત ઈસમો પાસેથી રોકડ ૭૩૫૦૦ તેમજ કેટા કાર અને એક સ્વિફટ કાર સહિત કુલ રૂા.૧૨૫૩૦૬૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. જ્યારે (૧) લાલ બાબભાઈ ખાચર (૨) ધર્મરાજ ઉર્ફે ધમો હરેશભાઈ બાબરીયા, (રહે.બગસરા, જિ.અમરેલી)આ બિયરની ખેપમાં સામેલ હોય જેથી તેમને પણ પકડવાના બાકી છે.

(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાત દ્વારા

સિપાઈ સમાજના વિદ્યાર્થીઓનો ગુજરાત સ્તરનો સાતમો સન્માન સમારોહ જામનગર ખાતે યોજાશે

(સંવાદદાતા દ્વારા)અમરેલી, તા.૨૦

સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે સિપાઈ સમાજના સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ માટેનો સન્માન સમારોહ અલગ-અલગ જિલ્લા મથકના શહેરોમાં યોજાય છે. આ વર્ષે આ સન્માન સમારોહ તા.૨૩-૧૧-૨૦૨૫ના રોજ ટાઉનહોલ જામનગર ખાતે બપોરે ૧-૦૦થી ૪-૩૦ વાગ્યા સુધીમાં યોજવામાં આવશે. સિપાઈ સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજીત આ સન્માન સમારોહમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરેલ ધો.૮થી સ્નાતક તથા અનુસ્નાતક સિપાઈ સમાજના વિદ્યાર્થીઓના સન્માનની સાથે સાથે છેલ્લા એક વર્ષમાં સરકારી નોકરી મેળવેલ સિપાઈ સમાજના યુવાઓ, પાસ થયેલા દિવ્યાંગ વિદ્યાર્થીઓ, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં જિલ્લા સ્તરે કે રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરેલા યુવાઓને પણ સન્માનિત કરવામાં આવશે. સિપાઈસમાજ ટ્રસ્ટ દ્વારા સન્માનિત યુવાઓને મોમેન્ટો સહિત સર્ટિફિકેટ તથા સંસ્થા દ્વારા ખાસ ગિફ્ટ પણ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સિપાઈ સમાજ ટ્રસ્ટ એ ગુજરાત સ્તરે સિપાઈ સમાજના યતિમ-ત્યકતા તથા જકાતલાયક વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવાનું તથા સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ કરતા યુવાઓને સ્કોલરશીપ આપવાનું કાર્ય પણ છેલ્લા દસ વર્ષથી કરી રહ્યું છે. સંસ્થા દ્વારા અલગ-અલગ ગામમાં ફ્રી મેડિકલ કેમ્પ, જીવનસાથી પરિચય સમારોહનું આયોજન, વિધવા બહેનો, દિવ્યાંગ લોકો, નિરાધાર વૃદ્ધોને સહાય પણ આપવામા આવે છે. એમ સિપાઈ સમાજ ટ્રસ્ટના પ્રમુખ ડો.અવેશભાઈ ચૌહાણે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ભાવનગર : નિર્દોષ ઈજાગ્રસ્ત

યુવાનનું સારવાર દરમિયાન મોત

ભાવનગર, તા.૨૦

ત્રણ દિવસ પહેલા શહેરના વડવા નેરા પાસે બે શખ્સો વચ્ચે થયેલી માથાકૂટ દરમિયાન પથ્થરમારામાં નિર્દોષ યુવક વસીમભાઈ ઝાકાને માથાના ભાગે ગંભીર ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગત મોડીરાત્રે સારવાર દરમિયાન યુવાનનું મોત નિપજતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો. આ બનાવ અંગે નીલમબાગ પોલીસે મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર ફૈઝલ રઝાકભાઈ ઝાકા (ઉ.વ.૨૫, રહે.વડવા નેરા, ભાવનગર)એ ફરિયાદ નોંધાવી હતી કે, ગત તા.૧૬ નવેમ્બરની રાત્રે તેમના ભાઈ વસીમ વડવા નેરાથી વિજય ટોકીઝ તરફ ચાલીને જઈ રહ્યા હતા. ભાવાગોર ચોક અને વડવા નેરા વચ્ચે અદનાન ઉર્ફે બાદશાહ અસ્લમભાઈ મકવા અને અલાભક્ષ ઉર્ફે અબો વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતો. આ ઝઘડા દરમિયાન અદનાન ઉર્ફે બાદશાહે શેરીમાં પડેલો એક મોટો પથ્થર ઉઠાવીને ફેંક્યો હતો. આ પથ્થર સીધો વસીમના માથામાં વાગ્યો હતો, જેના કારણે તેઓ બેભાન થઈને પડી ગયા હતા. આસપાસના લોકો ભેગા થતાં શહેઝાદ ઝાકા અને નદીમ ઝાકા તેમને મોટરસાયકલ પર સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયા હતા. ભાવનગર સર ટી હોસ્પિટલ સરકારી દવાખાનામાં વસીમની ટ્રોમા સેન્ટરમાં પ્રાથમિક સારવાર કરાયા બાદ તેમને દાખલ કરવામાં આવ્યા હતા. માથામાં ગંભીર ઈજા હોવાથી વધુ સારવાર માટે તેમને મેડ્ર નર્સિંગ હોમ હોસ્પિટલમાં બે દિવસ રાખવામાં આવ્યા. ત્યારબાદ ૧૮ નવેમ્બર ૨૦૨૫ના રોજ સાંજે તેમને બજરંગદાસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૧૯ નવેમ્બર ૨૦૨૫ના રોજ રાત્રે ફરજ પરના ડોક્ટરે વસીમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે હત્યાનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

SIRની પ્રક્રિયામાં 'કુટુંબ રજિસ્ટર' દસ્તાવેજ બાબતે અસમંજસ દૂર કરવા માંગ

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં SIRની પ્રક્રિયામાં દસ્તાવેજોની સૂચક યાદીમાં લખવામાં આવેલ "કુટુંબ રજિસ્ટર" બાબતે નાગરિકોમાં ઉપજી રહેલી અસમંજસની સ્થિતિને દૂર કરવાની માંગ સાથે માઈનોરિટી કો-ઓર્ડિનેશન કમિટી, ગુજરાતના કન્વિનર મુજાહિદ નફીસ દ્વારા ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી હારીત શુક્લને લેખિત રજૂઆત કરવામાં આવી છે. તેમણે રજૂઆત કરી છે કે, SIRમાં ગુજરાતના દરેક મતદારને પુરવાર કરવું પડશે કે તે ભારતના નાગરિક છે અને તેના માતા, પિતા, દાદા, દાદી ભારતના નાગરિક છે/હતા. આ SIRમાં ૨૦૦૨ની યાદીમાં જેના નામ હશે તેઓને પોતાની અને જેઓના નામ ૨૦૦૨ની મતદાર યાદીમાં નામના હોય તો તેઓના માતા, પિતા, દાદા, દાદીની વિગત આપવાની રહશે. આ પ્રક્રિયામાં ચૂંટણી આયોગ દ્વારા જે દસ્તાવેજોની સૂચક યાદી બતાવી છે તેના ક્રમાંક ૧૦ ઉપર રાજ્ય/સ્થાનિક અધિકારીઓ દ્વારા તૈયાર કરાયેલ "કુટુંબ રજિસ્ટર"ને પણ એક પુરાવા તરીકે માન્ય ગણવામાં આવ્યું છે.ત્યારે ગુજરાતમાં એવા કોઈ "કુટુંબ રજિસ્ટર" નામનું કોઈ પણ દસ્તાવેજ રાજ્ય અથવા સ્થાનિક અધિકારીઓ દ્વારા રાખવામાં આવતું નથી, ગુજરાતમાં "પેઢીનામું" નામનો એક દસ્તાવેજ અમલમાં છે.મુખ્ય ચૂંટણીમાં અધિકારીને અપીલ છે કે, આ "કુટુંબ રજિસ્ટર" નામના દસ્તાવેજનો અર્થ ગુજરાતના સંદર્ભમાં શું છે ? અને પેઢીનામું આ દસ્તાવેજની લિસ્ટમાં શામેલ કરવામાં આવે. ઉપરોક્ત આ અરજને ધ્યાનમાં રાખીને એક ઠરાવ પસાર કરવામાં આવે અને તેને જાહેર કરવામાં આવે જેથી લોકોને દસ્તાવેજમાં આ એક દસ્તાવેજ બાબતે અસમંજસ ના રહે.

જિલ્લા માહિતી કચેરી અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે

ભાવનગર ખાતે પત્રકારો માટેનો નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાયો

'ફિટ ઈન્ડિયા, ફિટ મીડિયા' અભિયાન અંતર્ગત પત્રકારોની સ્વાસ્થ્ય તપાસ

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૦

'ફીટ ઈન્ડિયા'ની સંકલ્પના સાથે લોકતંત્રના જાગૃત પ્રહરી એવા પત્રકારોની નિઃશુલ્ક આરોગ્ય તપાસનો કેમ્પ ગતરોજ ભાવનગર જિલ્લા માહિતી કચેરી અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. આ કેમ્પમાં ભાવનગર જિલ્લાના ૯૦થી વધુ પત્રકારોએ નિઃશુલ્ક આરોગ્ય તપાસ કરાવી પોતાનું સ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરી હતી. 'ફીટ ઈન્ડીયા, ફીટ મીડિયા' અંતર્ગત પત્રકારોની આરોગ્ય તપાસ માટેના આ અભિયાનમાં પોતાના સ્વાસ્થ્યને અગ્રિમતા આપી આરોગ્યની દરકાર કરતાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક માધ્યમના પત્રકારોએ આરોગ્ય તપાસ કરાવી હતી. આ હેલ્થ ચેકઅપ કાર્યક્રમમાં બ્લડ પ્રેશર મોનિટરિંગ, બ્લડ ટેસ્ટ સહિત વિવિધ પ્રકારના ટેસ્ટ અને ઈ.સી.જી, એક્સ રે, બોડી પ્રોફાઈલ સહિત પ્રિલિમનરી ટેસ્ટ, લીવર અને કિડની ફંક્શન ટેસ્ટ, થાઈરોઈડ સ્ક્રીનિંગ, ડાયાબિટીસ માર્કર સહિતના જરૂરી પરીક્ષણોને આવરી લેવામાં આવ્યા હતાં. આ કેમ્પને સફળ બનાવવામાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગરના સુમિતભાઈ ઠક્કર તેમજ તેમની મેડીકલ ટીમે સહયોગ પૂરો પાડ્યો હતો. જિલ્લા માહિતી કચેરી, ભાવનગરના નાયબ માહિતી નિયામક રેસુંગ ચૌહાણ અને માહિતી કચેરીના કર્મચારીઓએ પત્રકારો સાથે સંકલન અને જરૂરી વ્યવસ્થાઓ ગોઠવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ફિટ ઈન્ડિયા-ફિટ મીડિયા કેમ્પેઈન અંતર્ગત

અમરેલી મીડિયા કર્મીઓનો હેલ્થ ચેકઅપ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૦

ગુજરાત સરકારના માહિતી ખાતા અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે પત્રકારોના આરોગ્યની સંભાળ માટે 'ફિટ ઈન્ડિયા, ફિટ મીડિયા' અંતર્ગત શરૂ કરવામાં આવેલા હેલ્થ સ્ક્રિનિંગ કાર્યક્રમને અમરેલી જિલ્લાના મીડિયાકર્મીઓએ આવકાર્યો છે. અમરેલી રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન ડો. ભરતભાઈ કાનાબારે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારને રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે મીડિયા કર્મીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ દ્વારા લીવર તથા કિડની ફંક્શન, યુરિક એસિડ, વિટામીન બી ૧૨, ડાયાબિટીસ પ્રોફાઈલ વગેરે તબીબી રિપોર્ટ કરવામાં આવે છે. આ તબીબી તપાસથી પત્રકારો આવનાર બિમારીઓ સામે સાવચેત થઈ શકે છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ મોટી સંખ્યામાં મીડિયા કર્મીઓએ આ કેમ્પનો લાભ મેળવ્યો છે. તેમણે આ કાર્યક્રમને આવકારદાયક ગણાવ્યો હતો.

સ્વામીનારાયણના સ્વામી હરીનંદન ઉર્ફે હરીપ્રસાદે વૃદ્ધની મોટા વરાછાની જમીન પચાવી પાડી

મહેશચંદ્ર દેસાઈને અબ્રામા ગામની જમીનની મેટર પતાવી આપવાનું કહી મોટા વરાછાગામની જમીનના સાટાખત કરાવી લીધા, સાટાખતમાં ૧.૨૧ કરોડ ચૂકવ્યા હોવાનું બતાવ્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૦

કતારગામમાં રહેતા ૮૩ વર્ષીય વૃદ્ધને સ્વામીનારાયણના સ્વામી હરીનંદન ઉર્ફે હરીપ્રસાદે સાગરીતો સાથે મળી તેમની અબ્રામા ગામની જમીનની મેટર પતાવી આપવાના બહાને વિશ્વાસમાં લઈ તેમની મોટા વરાછા ખાતે આવેલી જમીનના સાટાખત કરાવી લઈ જમીન પચાવી પાડતા મામલો પોલીસમાં પહોંચ્યો છે. પોલીસે ગુનો દાખલ કરી બે આરોપીઓની ધરપકડ કરી છે.ઉગ્રાણ પોલીસના જણાવ્યા મુજબ કતારગામ, મહાદેવ ફળિયુ ખાતે રહેતા ૮૩ વર્ષીય મહેશચંદ્ર ઈશ્વરલાલ દેસાઈએ ગતરોજ રોનક પ્રાગજી ચોટલીયા (રહે. સાનિધ્ય વિલા કોમ્પ્લેક્ષ, અંત્રોલી, પલસાણા), વઘાસીયા લાલજી મધુ (રહે. સંતોષીનગર સોસાયટી, એલ.એચ.રોડ), વિજય દરબાર (રહે. પ્રમુખ આરણ્ય પરવત ગામ)એ સ્વામીનારાયણના સ્વામી હરીનંદન ઉર્ફે હરીપ્રસાદ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, તેમની માલિકની અબ્રામા ગામે સર્વે-બ્લોક નંબર ૭૫ અને મોટા વરાછામાં બ્લોક-સર્વે નંબર ૪૪૮ વાળી જમીન આવેલી છે. દરમિયાન આરોપીઓએ મોટા વરાછાની જમીન પચાવી પાડવા માટે વર્ષ ૨૦૨૩ પહેલા તેમની પાસે ગયા હતા અને તેમને તેમની અબ્રામા ગામની જમીનની મેટર પતાવી આપવાનું જણાવી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ મહેશચંદ્રને એફિડેવીટ કરવાનું સમજાવી તેમની જાણ બહાર મોટા વરાછા ખાતેની જમીનના સાટાખતનું લખાણ કરાવી સહીઓ કરાવી લીધી હતી. સાટાખતમાં તેઓએ ટોકનના રૂપિયા ૧,૨૧,૦૦,૦૦૦ ચુકવ્યા હોવાનો ઉલ્લેખ કર્યો હતો અને રૂપિયા ચુકવ્યા અંગેના વાઉચરોમાં તેમની સહીઓ લીધી હતી. જોકે મહેશચંદ્ર દેસાઈને કોઈ રૂપિયા આપ્યા નથી. આરોપીઓએ એકબીજાની મદદથી મહેશચંદ્ર દેસાઈની મોટા વરાછાની જમીન પચાવી પાડી હતી. બનાવ અંગે ઉત્રાણ પોલીસે મહેશચંદ્રની ફરિયાદને આધારે સ્વામી નારાયણના સ્વામી હરિનંદન ઉર્ફે હરીપ્રસાદ સહિત ચારેય સામે ગુનો દાખલ કરી તપાસ કરનાર ઈકો સેલના અધિકારી દ્વારા આરોપી રોનક ચોટલીયા અને વિજય બટુક પરમારની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

૨૦૨૫ એ ત્રણ મોટા પ્રસંગોનું વર્ષ : ભૂપેન્દ્રસિંહ

ગુજરાત સરકારના પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ૨૦૨૫નું વર્ષ ત્રણ મોટા પ્રસંગોનુ વર્ષ છે. મહામાનવ સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ. બીજા એવાજ મહામાનવ બિરસામુંડાની પણ ૧૫૦મી જન્મજયંતિ. દેશપ્રેમની અભિવ્યક્તિ કરતુ ગીત 'વંદેમાતરમ'ને પણ ૧૫૦ વર્ષ થયા. કેન્દ્ર સરકારે અધિકૃત રીતે આ ત્રણેય પ્રસંગોને ભવ્ય રીતે ઉજવીને સૌ પ્રજાજનોમાં દેશપ્રેમ ઉજાગર કરવાનુ ખૂબ સુંદર આયોજન કર્યું છે. જેના ભાગરૂપે ગુરૂવારે કલોલ વિધાનસભાના નારદીપૂર ગામે કાર્યક્રમમાં ઉપસ્થિતિ રહી હતી. સરદાર પટેલના જીવનના પ્રસંગોને ઉલ્લેખ કરતાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ કે કેન્દ્ર સરકારે સરદાર સાહેબનુ ઋણ અદા કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કર્યુ છે. તેઓના બધા અધૂરા કામો વડાપ્રધાન મોદી પૂરા કરી રહ્યા છે. દા.ત. જમ્મુ કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ દૂર કરી. આજના સમયના આપણે સૌ સાક્ષી બનીને સદ્‌ભાગી બન્યા છીએ. સાત કિ.મી. લાંબી જાગૃતિ સરદાર યાત્રાને સૌએ ઝંડી બતાવી વિદાય આપી હતી કાર્યક્રમમાં જિલ્લાના પ્રમુખ અનીલભાઈ પટેલ, સ્થાનિક ધારાસભ્ય બકાજી ઠાકોર, જી. વિ. અ. વી.જે. પટેલ સહિત અન્ય મહાનુભાવો હાજર રહ્યાં હતાં.

પાલીતાણાના વકીલ રેશમાબેનની નોટરી તરીકે નિમણૂક

પાલીતાણા, તા.૨૦

પાલીતાણામાં છેલ્લા ૧૨ વર્ષથી વકીલાત કરતા અને નોંધણવદરના રહેવાસી વકીલ રેશ્માબેન એસ. મતવા એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ કે જેઓને તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા નોટરી તરીકે નિમણુંક થયેલ છે, જેઓ પાલીતાણા બાર એસોસિએશનમાં સેક્રેટરી તરીકેનો હોદો સંભાળે છે તેમજ પાલીતાણા તાલુકા કાનુની સેવા સત્તામંડળમાં લીગલ એડવોકેટ તરીકે સેવા બજાવે છે. તેઓને નોટરી તરીકે નિમણૂક થવા પામી છે.

નામ બદલાવેલ છે
મેં મારૂં નામ રસીદા ઝકરીયા કરૂડમાંથી બદલાવીને "રશીદબાનુ ઝકરિયા કરૂડ" કર્યું હોય જેની સર્વેએ નોંધ લેવી.
રશીદબાનુ ઝકરિયા કરૂડ માંગરોળ, જૂનાગઢ, ગુજરાત.

નામ બદલાવેલ છે
મેં મારૂં નામ રાજેશ અરજન સુખડીયામાંથી બદલાવીને "રાજેશ અરજણભાઇ સુખડીયા" કર્યું હોય જેની સર્વેએ નોંધ લેવી.
રાજેશ અરજણભાઇ સુખડીયા માંગરોળ, જૂનાગઢ, ગુજરાત.

નામ બદલાવેલ છે
મેં મારૂં નામ અલ્પેશ મનસુખલાલ કાછડીયા માંથી બદલાવીને "અલ્પેશ મનસુખભાઇ કાછડિયા" કર્યું હોય જેની સર્વેએ નોંધ લેવી.
અલ્પેશ મનસુખભાઇ કાછડિયા વડાલ, જૂનાગઢ, ગુજરાત.

નામ બદલેલ છે
મારૂં જૂનું નામ સાભઈ સાકેરા સોહીલ હતું તે બદલીને નવું નામ પટેલ સાકેરા સોહીલ કરેલ છે. જેની નોંધ લેવી.
સરનામું : કે. જી. એન. નગરી મુ.પો. સેગવા તા.જિ.ભરૂચ ૩૯૨૨૧૦

નામ બદલેલ છે
મારૂં નામ શેખ ઇરફાના રશીદઅહમદથી બદલી ઇરફાનાબાનું રશીદઅહેદ શેખ રાખેલ છે.
દરીયાઇ પાર્ક, પરબડા, હિંમતનગર, સાબરકાંઠા.

નામ બદલેલ છે
મારૂં નામ લુહાર ઝાવિદખાન આસમભાઇથી જાવિદખાન આસમભાઇ લુહાર રાખેલ છે.
હસનનગર, જુમ્મા મસ્જિદ પાછળ, હિંમતનગર, સાબરકાંઠા

નામ બદલેલ છે
મારૂં નામ રહેવાસીયા સીદ્દીકાબહેન ઇલીયાસભાઇથી બદલી વિજાપુરા સીદ્દીકાબાનું મુનાફભાઇ રાખેલ છે.
જૂની મસ્જિદ ફળીયું, પરબડા, હિંમતનગર, સાબરકાંઠા

નામ બદલેલ છે
મારૂં નામ શેખ અબરાર તાજુદ્દીન હતું જે બદલીને નવું નામ શેખ મોહંમદઅબરાર તાજુદ્દીન કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : બી-૫, મોટી ડુંગરી, વાડી ફળીયા, ભરૂચ-૩૯૧૦૦૧.

નામ બદલેલ છે
મારૂં નામ શેખ મોહંમદનોફીલ રશીદઅહેમદથી બદલી મોહંમદનોફીલ રશીદઅહમદ કાઝી રાખેલ છે.
દરીયાઇ પાર્ક, પરબડા, હિંમતનગર, સાબરકાંઠા.

નામ બદલેલ છે
મારૂં જુનું નામ અસવા અરવિંદકુમાર હતુ જે બદલીને નવું નામ અરવિંદ અસવા કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : બી-૪, રાજશ્રી નગર-૧, આર.પી.એસ. ઇપ્પો, ઉમરલા, ભરૂચ, ગુજરાત-૩૯૩૧૨૦

નામ બદલેલ છે.
મારૂ જુનું નામ- નાવડીવાલા મોહમદ સમીર મોહમદ સિદ્દેક હતું જે બદલીને નવું નામ- નાવડીવાલા મોહમદ સમીર મોહમદ સિદ્દિક રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
લી. નાવડીવાલા મોહમદ સમીર મોહમદ સિદ્દિક
સરનામું:- એ-૪, રણછોડરાય, ફ્રેગ પાર્ક-૨, અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જી. ભરૂચ

નામ બદલેલ છે
મારૂ જુનું નામ ધર્મેન્દ્રકુમાર રામેશ્વર સિંહ હતુ જે બદલીને નવું નામ ધર્મેન્દ્ર સિંહ કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ૩૨૦, મંગલદીપ, સારંગપુર, અંકલેશ્વર, ભરૂચ-૩૯૩૦૦૧. ગુજરાત.

નામ બદલેલ છે
મારૂં જૂનું નામ શેખ અબરાર તાજુદ્દીન હતું જે બદલીને નવું નામ શેખ મોહંમદઅબરાર તાજુદ્દીન કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : બી-૫, મોટી ડુંગરી, વાડી ફળીયા, ભરૂચ-૩૯૧૦૦૧.

CHANGE OF NAME
I HAVE CHANGE OF MY OLD NAME **SINDHA YASINKHAN AJITBHAI** TO NEW NAME **SINDHA YASINBHAI AJITBHAI** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
ADD:- VANTA VISTAR MASJID KHADKI. AT&PO.NOBAR. TAL.JAMBUSAR. DIST.BHARUCH.PIN.392150 GUJARAT.

CHANGE OF NAME-SPELLING
I HAVE CHANGE MY NAME SPELLING FROM **KHILJI ZUBERBHAI RAHIMBHAI** TO NEW NAME **SPELLING KHILJI JUBERBHAI RAHIMBHAI** & I WILL BE KNOWN AS NEW NAME SPELLING WHICH PLEASE NOTE.
ADD :- HAVELI FALIYU. PO.JANTRAN. TAL.JAMBUSAR DIST.BHARUCH. PIN 392155 GUJARAT..

CHANGE OF NAME
I HAVE CHANGE OF MY OLD NAME **DOSLA HITESH RAMANBHAI** TO NEW NAME **DOSLA HITESHBHAI RAMANBHAI** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
ADD:- 10-8 MACHHI WAD. AT&PO.SAROD. TAL.JAMBUSAR. DIST. BHARUCH. PIN.392180 GUJARAT.

જાહેર નોટિસ
મહેરબાન ભરૂચ (ગ્રામ્ય)ના મામલતદારશ્રી સાહેબ સમક્ષ, મુ.ભરૂચ
જન્મ નોંધણી અપીલ નં.૧૪૦/૨૦૨૫
અરજદાર : દાઉદ મહમદ ઇબ્રાહીમ આદમ ઘંટીવાલા, રહે. ચિસ્તીયાનગર, મુ.પો. દયાદરા, તા.જિ.ભરૂચ-૩૯૨૦૨૦
સામાવાળા : જન્મ-મરણ અધિકારી અને તલાટી કમ મંત્રી દયાદરા, તા.જિ.ભરૂચ
આથી જાહેર જનતાને નોટિસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અમો અરજદાર દાઉદ મહમદ ઈબ્રાહીમ આદમ ઘંટીવાલાનો જન્મ તા.૩૧/૦૧/૧૯૫૩ના રોજ દયાદરા, તા.જિ.ભરૂચ મુકામે થયેલ, મારા જન્મના દાખલાની માંગણી કરતા તલાટી કમ મંત્રી દયાદરાનાએ જણાવેલ કે તમારા જન્મની નોંધ થયેલ નથી. જેથી અરજદારે જન્મની નોંધ દયાદરા ગામના જન્મ/મરણ રજિસ્ટરમાં ઉપરોક્ત જન્મની નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેની સામે કોઈ ઇસમને વાંધો હોય તો દિન-૩૦માં અત્રેની કોર્ટમાં તેમના વાંધા રજૂ કરવા જો વાંધા રજૂ કરવામાં નહીં આવે તો નિયમ અનુસાર કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.
તારીખ : ૨૦-૧૧-૨૦૨૫ ભરૂચ
અમારી માર

ઝઘડિયા જીઆઈડીસીમાં એક સાથે આઠ ગાયોનાં મોત થતાં પંથકમાં ચકચાર

જીઆઈડીસીની બ્લેક રોઝ કંપની પાછળ કંપનીમાંથી નીકળતું પાણી પી જવાથી ગાયોનાં મોત થયા હોવાની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૦

ભરૂચ જિલ્લાના ઝઘડિયા સ્થિત જીઆઈડીસીમાં આવેલ વિવિધ કંપનીઓ દ્વારા અવારનવાર કેમિકલયુક્ત પ્રદૂષિત પાણી જાહેરમાં છોડવાની ઘટનાઓ બનતી હોય છે. આવું પ્રદૂષિત પાણી વરસાદી કાંસોમાં થઈને ખાડીઓ અને નર્મદામાં જતું હોઈ ખાડીઓ અને નર્મદાનું જળ તો પ્રદૂષિત થાય છે અને સાથોસાથ આવા પાણીથી ખેતીની જમીનોને પણ નુકસાન થાય છે, તેમજ આ પાણી પાલતુ અને જંગલી પશુઓના પીવામાં આવતા તેમના મોત પણ થાય છે. ત્યારે ગતરોજ ઝઘડિયા જીઆઈડીસીમાં એક સાથે આઠ ગાયોના રહસ્યમય સંજોગોમાં મોત થતાં એકસાથે આઠ ગાયોના મોતને લઈને પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. આ સંદર્ભે પશુપાલક ગંગદાસભાઈ ધરજીયા (ભરવાડ) દ્વારા ઝઘડિયા જીઆઈડીસી પોલીસ મથકમાં જાણવાજોગ ફરિયાદ

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

લખાવવામાં આવી હતી, તે મુજબ જીઆઈડીસીની બ્લેક રોઝ કંપનીના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં કંપનીમાંથી નીકળતું પાણી પી જવાથી ૮ ગાયોના મોત થયા હતા. આ સંદર્ભે ઝઘડિયા જીઆઈડીસી પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. વધુમાં મળતી વિગતો મુજબ આ ઘટના સંદર્ભે જીપીસીબીને જાણ કરાતા જીપીસીબી દ્વારા પાણીના નમુના લેવાયા હતા. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ જીઆઈડીસીમાં ૧૪ જેટલી ગાયોના મોત થયા હતા. જીઆઈડીસીની કંપનીઓના સંચાલકોનું બનેલું જીઆઈડીસી એસોસિએશન કાર્યરત છે, ત્યારે જીઆઈડીસીમાં એકસાથે આઠ ગાયોના મોત થાય ત્યારે જીઆઈડીસી એસોસિએશને પણ યોગ્ય ભુમિકા અપનાવવા આગળ આવવું જોઈએ.

કપડવંજમાં નિરમાલીમાં ઘાસ કાપતી મહિલાની એકલતાનો લાભ લઈ આબરૂ લેવાનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૦

કપડવંજ તાલુકાના નિરમાલી ગામમાં પાંચેક દિવસ પહેલાં ખેતરમાં ઘાસ કાપતી એક આધેડ મહિલાની એકલતાનો લાભ લઈ વાસનામાં અંધ બનેલ નરાધમે આબરૂ લેવાની કોશિશ કરી હોવાના બનાવની ફરિયાદ કપડવંજ ગ્રામ્ય પોલીસ મથકે નોંધાઈ છે. મળતી માહિતી મુજબ કપડવંજના નિરમાલી ગામમાં રહેતી એક ૫૫ વર્ષીય આધેડ મહિલા ગત ૧૪ નવેમ્બરના રોજ બપોરના એકાદ વાગે પોતાના ખેતરમાં ઘાસ કાપતી હતી આ સમયે ખેતરમાંથી રેડિયો વગાડતા વગાડતા પસાર થતાં વિકૃલ વાઘરીએ મહિલાને એકલી જોતા તેના મનમાં વાસનાનો કીડો સળવળ્યો હતો અને વાસનામાં અંધ વિકૃલે ખેતરમાં શેઢા પર આવેલ કાંટા વાળા મોટા ઝાડની પાછળ ગયો હતો. દરમિયાન વિકૃલ વાઘરી બિલ્લી પગે ઘાસ કાપતી મહિલા પાસે પહોંચ્યો હતો અને તેણે ઘાસ કાપતી મહિલાને પાછળથી પકડી જોરથી નીચે જમીન પર પાડી મહિલાને શરીરે બચકા ભરી લઈ આબરૂ લેવાની કોશિશ કરી હતી. મહિલા એ નરાધમની ચુંગાલમાંથી છૂટવા માટે બૂમા બુમ કરતાં નરાધમ વિકૃલ વાઘરીએ ગાળો બોલી બુમો પાડાવાનુ બંધ કર તેમ કહી મહિલાનુ મોઢુ દબાવી દીધી હતું. વિકૃલે પુળા ઓઠે જવાનું કહેતાની સાથે ઊભી થયેલ મહિલા ધક્કો મારી નરાધમ વિકૃલને ભોંય ભેગો કરી બુમો પાડતી-પાડતી ભાગી હતી આ સમયે નરાધમે આ વાતની કોઈને જાણ કરીશ તો જીવતી નહી છોડુ તેવી બુમો પાડીને મહિલાને ધમકી આપી હતી. આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

કેટલીક બસો દસાડા આવ્યા વિના જ બારોબાર રવાના

શંખેશ્વર યાત્રાધામના મુસાફરોને હાલાકી : ડાયવર્ઝન અને હોટલ પર હોલ્ટને લઈ સમયનો વ્યય !

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૨૦

શંખેશ્વર યાત્રાધામને જાડતા શંખેશ્વર-અમદાવાદ હાઈવે ઉપર આવેલ દસાડા ખાતે હાઈવેની હોટલ ઉપર આ રૂટની પસાર થતી મોટાભાગની એસ.ટી. બસો અડધા કલાકથી વધુ સમય સુધી હોલ્ટ કરતી હોવાથી મુસાફરો અને યાત્રાળુઓમાં ભારે કચવાટ સાથે નારાજગી ફેલાઈ છે. તો કેટલીક એસ.ટી. બસો દસાડા ગામના બસસ્ટેન્ડમાં આવ્યા વગર હોટલ પરથી જ બારોબાર જતી રહેતી હોઈ મુસાફરો રઝળી પડે છે. તેમાં અશકત અને વૃદ્ધોની હાલત દયનીય બને છે.

દસાડા ખાતે હાઈવે ઉપર આવેલી હોટલ ઉપર મોટાભાગની એસ.ટી. બસોને નિગમ દ્વારા હોલ્ટ આપવામાં આવ્યો છે. જ્યાં અડધા કલાક સુધી એસ.ટી. બસો ઊભી રહેતા જૈન તીર્થ શંખેશ્વર ખાતે દશનાર્થે આવતા યાત્રાળુ પૈકી મોટાભાગનાને વિરમગામ, અમદાવાદથી મુંબઈ, સૌરાષ્ટ્ર સહિત અન્ય રાજયોની ટ્રેન પકડવાની હોય છે પરંતુ હોટલ પર હોલ્ટ થતી બસોને કારણે ટાઈમ-ટેબલ ખોરવાતા આવા યાત્રાળુઓ સમયસર અમદાવાદ-વિરમગામ રેલવે સ્ટેશને નહીં પહોંચી શકતા ટ્રેન ચૂકી જતાં હોવાની ફરિયાદો ઊઠવા પામી છે. હાલ શંખેશ્વર-દસાડા વચ્ચે પંચાસર નજીક આવેલ રૂપેણ નદીનો પુલ દુર્ઘટના બાદ બંધ કરતા શંખેશ્વરથી દસાડા વચ્ચેનો એસ.ટી. બસ વ્યવહાર પાડલા, મેરા, વણોદ રૂટ ઉપર ડાયવર્ટ કર્યો છે જેના કારણે એકથી દોઢ કલાકનો વધારાનો સમય જાય છે. ઉપરથી દસાડા હાઈવે હોટલ ઉપર એસ.ટી. બસો અડધા કલાકનો હોલ્ટ કરે છે. જેના કારણે મુસાફરો સમયસર પહોંચી શકતા નથી. આ ઉપરાંત કેટલીક બસો દસાડા ગામના એસ.ટી. બસસ્ટેન્ડમાં સ્ટોપેજ આપેલું હોવા છતાં બસસ્ટેન્ડમાં જતી નથી અને મુસાફરોને હાઈવે પરની હોટલ પર જ ઉતારી બારોબાર જતી રહે છે. જેથી મુસાફરોને બેથી ત્રણ કિ.મી. ચાલીને ગામમાં જવુ પડે છે. જ્યારે બસસ્ટેન્ડમાં બસની રાહ જોતા મુસાફરો રઝળી પડે છે. દસાડાથી જૈનાબાદ-માંડલ અને વિરમગામ અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ પણ એસ.ટી. બસો બસસ્ટેન્ડમાં નહીં આવતા સમયસર શાળાએ જઈ શકતા નથી. ઘણીવખત એસ.ટી. પાસ હોવા છતાં બસના અભાવે ખાનગી વાહનોનો ઉપયોગ કરવા પડે છે. આ સમસ્યાના ઉકેલ માટે એસ.ટી. નિગમના ઉચ્ચ અધિકારીઓ તાકીદે યોગ્ય કરે તેવી મુસાફરો અને શંખેશ્વર આવતા-જતા યાત્રાળુઓમાં માંગ ઊઠવા પામી છે.

સુપ્રીમ કોર્ટે તમામ વચગાળાની રાહત રદ કરતાં ઈકો સેલની કાર્યવાહી

કરોડોની ઠગાઈના આરોપસર સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસો.ના પ્રમુખની ધરપકડ

● સ્વ.ભાઈ-ભાભીના નામે રહેલી મિલકતો પર કરોડોની લોન લઈ છેતરપિંડી કરી હોવાનો આરોપ ● બોગસ પાવર ઓફ એટર્ની બનાવી રૂા.૨.૯૨ કરોડની લોન લીધી હતી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૦

સુરત ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ અને સુરત શહેરની નામાંકિત વ્યક્તિ ૮૨ વર્ષીય કનૈયાભાઈ કોન્ટ્રેક્ટરની કરોડોની ઠગાઈ અને વિશ્વાસઘાતના પ્રકરણમાં આર્થિક ગુના નિવારણ સેલ દ્વારા ધરપકડ કરવામાં આવતા સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ છે. કનૈયા કોન્ટ્રાક્ટરની આર્થિક ગુના નિવારણ સેલ દ્વારા કરોડો રૂપિયાની ઠગાઈ અને વિશ્વાસઘાતના ગંભીર આરોપોસર ધરપકડ કરવામાં આવી છે. તેમની ધરપકડ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલી તમામ વચગાળાની રાહત રદ કરાયા બાદ કરવામાં આવી છે.

આ સમગ્ર કેસમાં પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આરોપી કનૈયાલાલ લાલભાઈ કોન્ટ્રાકટર (રહે. સુરત) પર તેમના સગાભાઈ સ્વર્ગસ્થ હેમંતભાઈ અને ભાભી નયનાબેન કોન્ટ્રાક્ટરના નામે રહેલી પેઢીની મિલકતોના દસ્તાવેજોનો દુરૂપયોગ કરવાનો આરોપ છે. તેમણે આ મિલકતોના બોગસ પાવર ઓફ એટર્ની બનાવ્યા હતા અને તેના પર ખોટી સહીઓ કરીને બજાજ ફાઈનાન્સ કંપનીમાંથી ૨.૯૨ કરોડની લોન મેળવી હતી. લોન લીધા બાદ તેમણે હપ્તા ભરવાનું બંધ કરી દીધું હતું, જેના કારણે તેમના ભાઈ અને ભાભી મુશ્કેલીમાં મુકાયા હતા. ત્યારબાદ તેમની સામે સુરત EOWમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. વધુમાં જાણવા મળ્યું હતું કે, કનૈયા કોન્ટ્રાક્ટરે ધરપકડ ટાળવા માટે સુરત સેશન્સ કોર્ટ, ગુજરાત હાઈકોર્ટ અને અંતે સુપ્રીમ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી, પરંતુ ત્રણેય જગ્યાએ તેમની અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે તેમને છ અઠવાડિયામાં પૂરેપૂરા રૂપિયા તાત્કાલિક ભરવાનો કડક આદેશ આપ્યો હતો અને ચેતવણી આપી હતી કે, 'જો રૂપિયા ભરવામાં કસૂરવાર થશો તો જેલમાં જવાની તૈયારી રાખજો.' જો કે, કનૈયા કોન્ટ્રાક્ટરે લોનની રકમ તો ભરી દીધી, પરંતુ બોગસ દસ્તાવેજો પરત કર્યા નહોતા. આ અંગે ફરિયાદીએ ફરી સુપ્રીમ કોર્ટમાં પિટિશન કરી તેમની ગુનાહિત માનસિકતા રજૂ કરી. આખરે, સુપ્રીમ કોર્ટે કનૈયા કોન્ટ્રાક્ટરને આપવામાં આવેલી વચગાળાની તમામ રાહત રદ કરી દીધી હતી અને અન્ય કોઈ કોર્ટમાં કરાયેલી અરજીઓને પણ ખારીજ કરવાનો હુકમ કર્યો હતો. સુપ્રીમ કોર્ટ દ્વારા રક્ષણ પાછું ખેંચી લેવાતા સુરત ઈકો સેલે કનૈયા કોન્ટ્રાક્ટરની ધરપકડ કરી છે. બીજી તરફ કનૈયા કોન્ટ્રાક્ટર શહેરની એક નામાંકિત અને જાણીતી વ્યક્તિ હોય તેમની વિરૂદ્ધમાં નોંધાયેલા કરોડોની છેતરપિંડી અને વિશ્વસઘાતના આરોપમાં ધરપકડ થતા ચકચાર મચી ગઈ છે અને શહેરમાં તરેહતરહની ચર્ચાએ પણ જોર પકડ્યું છે. કનૈયાલાલ કોન્ટ્રાક્ટર ભાડાના ફ્લેટમાં રહેતો હોવાની વિગતો સામે આવતા અનેક પ્રશ્ન ઉઠવા પામ્યા છે.

૨૦૨૫ એ ત્રણ મોટા પ્રસંગોનું વર્ષ : ભૂપેન્દ્રસિંહ

ગુજરાત સરકારના પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ૨૦૨૫નું વર્ષ ત્રણ મોટા પ્રસંગોનુ વર્ષ છે. મહામાનવ સરદાર સાહેબની ૧૫૦મી જન્મજયંતિ. બીજા એવાજ મહામાનવ બિરસામુંડાની પણ ૧૫૦મી જન્મજયંતિ. દેશપ્રેમની અભિવ્યક્તિ કરતુ ગીત 'વંદેમાતરમ'ને પણ ૧૫૦ વર્ષ થયા. કેન્દ્ર સરકારે અધિકૃત રીતે આ ત્રણેય પ્રસંગોને ભવ્ય રીતે ઉજવીને સૌ પ્રજાજનોમાં દેશપ્રેમ ઉજાગર કરવાનુ ખૂબ સુંદર આયોજન કર્યું છે. જેના ભાગરૂપે ગુરૂવારે કલોલ વિધાનસભાના નારદીપૂર ગામે કાર્યક્રમમાં ઉપસ્થિતિ રહી હતી. સરદાર પટેલના જીવનના પ્રસંગોને ઉલ્લેખ કરતાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ કે કેન્દ્ર સરકારે સરદાર સાહેબનુ ઋણ અદા કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કર્યુ છે. તેઓના બધા અધૂરા કામો વડાપ્રધાન મોદી પૂરા કરી રહ્યા છે. દા.ત. જમ્મુ કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ દૂર કરી. આજના સમયના આપણે સૌ સાક્ષી બનીને સદ્‌ભાગી બન્યા છીએ. સાત કિ.મી. લાંબી જાગૃતિ સરદાર યાત્રાને સૌએ ઝંડી બતાવી વિદાય આપી હતી કાર્યક્રમમાં જિલ્લાના પ્રમુખ અનીલભાઈ પટેલ, સ્થાનિક ધારાસભ્ય બકાજી ઠાકોર, જી. વિ. અ. વી.જે. પટેલ સહિત અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે

સિદ્ધપુર ખાતે યુનિટી માર્ચ યોજાઈ

(સંવાદદાતા દ્વારા) સિદ્ધપુર, તા.૨૦

સિદ્ધપુરમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ભવ્ય 'યુનિટી માર્ચ'નું આયોજન થયું, જેમાં યુવાનો અને નાગરિકોએ રાષ્ટ્રપ્રેમના ઉત્સાહ સાથે ભાગ લીધો. જુના ટાવરથી ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી સુધી યોજાયેલ આ પદયાત્રાથી સમગ્ર શહેર દેશભક્તિના રંગમાં રંગાઈ ગયું. ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે સરદાર પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી અને લીલી ઝંડી બતાવી પદયાત્રાનું પ્રારંભ કર્યું. સરદાર પટેલના ૫૬ રજવાડાઓના એકીકરણના વિઝનને સમર્પિત આ યુનિટી માર્ચમાં માર્ગમાં આવેલા દરેક સ્થળે સિદ્ધપુરવાસીઓએ ફૂલોની વર્ષા કરીને પદયાત્રાનું હર્ષભેર સ્વાગત કર્યું, જે શહેરની એકતા અને સંસ્કારની પ્રતિબિંબ કરાવે છે. આ પ્રસંગે એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ પણ કરાયું હતું.

આણંદમાં યોજાયેલ રાષ્ટ્રીય એકતા પદયાત્રામાં ભાઈકાકા યુનિવર્સિટીએ ભાગ લીધો

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૨૦

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના અવસરે સમગ્ર રાષ્ટ્રમાં રાષ્ટ્રીય એકતા પદયાત્રા યોજવામાં આવેલ છે. જેના ભાગરૂપે આણંદ જિલ્લા ખાતે રાષ્ટ્રીય એકતા પદયાત્રાનું અમૂલ ડેરી રોડથી શરૂ થઈ ટાઉન હોલ ખાતે સમાપન થયું હતું. આ પદયાત્રામાં ભાઈકાકા યુનિવર્સિટીના એન.એસ.એસ. યુનિટે ભાગ લીધો હતો. જેમાં એન.એસ.એસ. યુનિટના ૨૦૦ વોલન્ટીયર્સ તથા પ્રોગ્રામ ઓફિસર્સમાં ડો. સોનલ ચિત્રોડા, ડો. આશિષ ગુપ્તા, તેજલ વિરોલા, બિનિતા પટેલ, ડો. હેમશ્રી પરમારે ભાગ લીધો હતો અને સરદાર પટેલને ભાવાંજલિ પૂરી પાડી હતી.

નામ બદલાવેલ છે
મેં મારૂં નામ **રસીદા ઝકરીયા કરૂડમાંથી** બદલાવીને **"રશીદબાનુ ઝકરિયા કરૂડ"** કર્યું હોય જેની સર્વેએ નોંધ લેવી.
રશીદબાનુ ઝકરિયા કરૂડ માંગરોળ, જૂનાગઢ, ગુજરાત.

નામ બદલાવેલ છે
મેં મારૂં નામ **રાજેશ અરાજન સુખડીયામાંથી** બદલાવીને **"રાજેશ અરજણભાઇ સુખડીયા"** કર્યું હોય જેની સર્વેએ નોંધ લેવી.
રાજેશ અરજણભાઇ સુખડીયા માંગરોળ, જૂનાગઢ, ગુજરાત.

નામ બદલેલ છે
મારૂં નામ શેખ ઇરફાના રશીદઅહમદથી બદલી ઇરફાનાબાનું રશીદઅહેદ શેખ રાખેલ છે.
દરીયાઇ પાર્ક, પરબડા, હિંમતનગર, સાબરકાંઠા.

નામ બદલેલ છે
મારૂં નામ લુહાર ઝાવિદખાન આસમભાઇથી જાવિદખાન આસમભાઇ લુહાર રાખેલ છે.
હસનનગર, જુમ્મા મસ્જિદ પાછળ, હિંમતનગર, સાબરકાંઠા

નામ બદલેલ છે
મારૂં નામ શેખ મોહંમદનોફીલ રશીદઅહેમદથી બદલી મોહંમદનોફીલ રશીદઅહમદ કાઝી રાખેલ છે.
દરીયાઇ પાર્ક, પરબડા, હિંમતનગર, સાબરકાંઠા.

નામ બદલેલ છે
મારૂ જુનું નામ અસવા અરવિંદકુમાર હતુ જે બદલીને નવું નામ અરવિંદ અસવા કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : બી-૪, રાજશ્રી નગર-૧, આર.પી.એલ. કંપની, ઉમલ્લા, ભરૂચ, ગુજરાત-૩૬૩૧૨૦

નામ બદલેલ છે.
મારૂ જુનું નામ- નાવડીવાલા મોહમદ સમીર મોહમદ સિદ્દિક હતું જે બદલીને નવું નામ- નાવડીવાલા મોહમદ સમીર મોહમદ સિદ્દિક રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
લી. નાવડીવાલા મોહમદ સમીર મોહમદ સિદ્દિક
સરનામું:- એ-૪, રણછોડરાય, ફ્રેંડ્ઝ પાર્ક-૨, અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જી. ભરૂચ

નામ બદલેલ છે
મારૂ જુનું નામ ધર્મેન્દ્રકુમાર રામેશ્વર સિંહ હતુ જે બદલીને નવું નામ ધર્મેન્દ્ર સિંહ કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : ૩૨૦, મંગલટીપ, સારંગપુર, અંકલેશ્વર, ભરૂચ-૩૯૩૦૦૧. ગુજરાત.

SIRની પ્રક્રિયામાં 'કુટુંબ રજિસ્ટર' દસ્તાવેજ બાબતે અસમંજસ દૂર કરવા માંગ

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં SIRની પ્રક્રિયામાં દસ્તાવેજોની સૂચક યાદીમાં લખવામાં આવેલ "કુટુંબ રજિસ્ટર" બાબતે નાગરિકોમાં ઉપજી રહેલી અસમંજસની સ્થિતિને દૂર કરવાની માંગ સાથે માઈનોરિટી કો-ઓર્ડિનેશન કમિટી, ગુજરાતના કન્વિનર મુજાહિદ નફીસ દ્વારા ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી હારીત શુક્લને લેખિત રજૂઆત કરવામાં આવી છે. તેમણે રજૂઆત કરી છે કે, SIRમાં ગુજરાતના દરેક મતદારને પુરવાર કરવું પડશે કે તે ભારતના નાગરિક છે અને તેના માતા, પિતા, દાદા, દાદી ભારતના નાગરિક છે/હતા. આ SIRમાં ૨૦૦૨ની યાદીમાં જેના નામ હશે તેઓને પોતાની અને જેઓના નામ ૨૦૦૨ની મતદાર યાદીમાં નામના હોય તો તેઓના માતા, પિતા, દાદા, દાદીની વિગત આપવાની રહશે. આ પ્રક્રિયામાં ચૂંટણી આયોગ દ્વારા જે દસ્તાવેજોની સૂચક યાદી બતાવી છે તેના ક્રમાંક ૧૦ ઉપર રાજ્ય/સ્થાનિક અધિકારીઓ દ્વારા તૈયાર કરાયેલ "કુટુંબ રજિસ્ટર"ને પણ એક પુરાવા તરીકે માન્ય ગણવામાં આવ્યું છે.ત્યારે ગુજરાતમાં એવા કોઈ "કુટુંબ રજિસ્ટર" નામનું કોઈ પણ દસ્તાવેજ રાજ્ય અથવા સ્થાનિક અધિકારીઓ દ્વારા રાખવામાં આવતું નથી, ગુજરાતમાં "પેઢીનામું" નામનો એક દસ્તાવેજ અમલમાં છે.મુખ્ય ચૂંટણીમાં અધિકારીને અપીલ છે કે, આ "કુટુંબ રજિસ્ટર" નામના દસ્તાવેજનો અર્થ ગુજરાતના સંદર્ભમાં શું છે? અને પેઢીનામું આ દસ્તાવેજની લિસ્ટમાં શામેલ કરવામાં આવે. ઉપરોક્ત આ અરજને ધ્યાનમાં રાખીને એક ઠરાવ પસાર કરવામાં આવે અને તેને જાહેર કરવામાં આવે જેથી લોકોને દસ્તાવેજમાં આ એક દસ્તાવેજ બાબતે અસમંજસ ના રહે.

વડોદરામાં ભરૂચના યુવકની પ્રેમિકાનું અપહરણ કરનાર ઈસમ અને જેલ સિપાઈની ધરપકડ : છ દિવસના રિમાન્ડ મંજૂર

૫૦ લાખની માગણી કરવામાં આવી હતી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા તા.૨૦

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીથી કારમાં ભરૂચ જવા નીકળેલા યુવક યુવતીને સુસેન સર્કલ નજીક આંતરીને પોલીસની ખોટી ઓળખ આપીને અપહરણ કરવાના બનાવમાં સંડોવાયેલા બે આરોપીને માંજલપુર પોલીસે ઝડપી પાડયા બાદ આજે બન્ને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરવામાં આવતા જયુ.મેજિ.એ બન્ને આરોપીના તા.૨૫ નવેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

ગઈકાલે ભરૂચ શેરપુરા રોડ પર મદીના પાર્ક સોસાયટીમાં રહેતા અફાન ઉસ્માનભાઈ કાનીએ ફરિયાદ નોંધાવી હતી કે, ગત ૧૨મી તારીખે બપોરે હું તથા મારી પ્રેમિકાને કારમાં વડોદરા એમ.એસ. યુનિવર્સિટીથી ભરૂચ જતા હતા ત્યારે આર્મી કેમ્પ આગળ સ્કોર્પિયો કારના ચાલકે તેમની કારને આંતરી હતી.

આ શખ્સોએ પોલીસની ઓળખ આપી હતી અને તેમણે ફરિયાદીની પ્રેમિકાને કારમાંથી ઉતારી તેઓની કારમાં બેસાડીને લઈ ગયા હતા. જ્યારે અન્ય બે આરોપીઓ ફરિયાદીને તથા તેના ડ્રાઈવરને બળજબરીથી કારમાં બેસાડી અમદાવાદ લઈ ગયા હતા અને સાડા ચાર લાખ રૂપિયા પડાવ્યા હતા. પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી યાજ્ઞિક રમણભાઈ ચાવડા (રહે.જેલ સ્ટાફ ક્વાર્ટર) અને આફતાબ નઈમ પઠાણ (રહે.તાંદલજા)ની ઝડપી લીધા હતા. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી યાજ્ઞિક જેલ પોલીસ (સિપાઈ) તરીકે વડોદરા સેન્ટ્રલ જેલમાં ફરજ બજાવે છે અને આરોપી આફતાબ તેનો મિત્ર છે. અમદાવાદ જતી વખતે બન્ને આરોપીએ ફરિયાદીને તારે ૫૦ લાખ આપવા પડશે નહી તો ખોટા કેસમાં ફસાવી દઈશુ અને પીઆઈ તને ઉંધો લટકાવીને મારશે તેવી ધમકી આપતા ફરિયાદીએ તેના ભાઈને ફોન કરી ચાર લાખ આપ્યા હતા. આ કેસમાં ગુનામાં ઉપયોગમાં લેવાયેલી સ્કોર્પિયો કાર કબજે કરવાની બાકી હોઈ તેમજ ચાર લાખની રોકડ અને મોબાઈલ ફોન કબજે કરવાના બાકી હોઈ બન્ને આરોપીને કોર્ટમાં રજૂ કરી પોલીસે રિમાન્ડની માગણી કરતા જયુ.મેજિ.એ બન્ને આરોપીના છ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ફરિયાદી પાસેથી ચાર લાખ લીધા બાદ આરોપીઓએ બીજા દિવસે પણ પૈસાની માગણી કરી હતી અને એક લાખ અકોટામાં આવેલા પાનના ગલ્લા પર આપી જવા જણાવ્યું હતું. પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે આ ગલ્લો બંધ રહે છે અને જે વ્યક્તિ પૈસા લેવા માટે આવ્યો હતો તેણે ફરિયાદીના ભાઈને તમે કેમ પૈસા આપો છો? તેમ પૂછતા ફરિયાદીના ભાઈએ આ શખ્સને તમામ વિગતો જણાવતા આ શખ્સે જણાવ્યું હતું કે, આફતાબ તેમજ અન્ય શખ્સ ચિટર છે એટલે ફરિયાદીને આરોપીઓના નામની જાણ થઈ હતી.

એસ.બી.આઈ. રાજપીપળામાં રૂા.૧.૯૩ કરોડનું મહાકૌભાંડ : પૂર્વ કેશ ઓફિસરે એટીએમમાં રોકડ જમા ન કરાવી, બદલી થતાં ભાંડો ફૂટ્યો !

સિસ્ટમમાં રૂા.૧.૯૩ કરોડનો રેકોર્ડ પણ તિજોરી ખાલી; મેનેજરે ચોખવટ માટે ફોન કર્યો તો અધિકારીએ મોબાઈલ સ્વિચ ઓફ કરી દીધો

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૨૦

રાજપીપળા એસ.બી.આઈ.ની મુખ્ય બ્રાન્ચમાં ફરજ બજાવતા એક પૂર્વ કેસ ઓફિસર સામે બેંક મેનેજરે કરોડો રૂપિયાની ઉચાપતની ગંભીર ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. આ અધિકારીની બદલી છોટાઉદેપુર જિલ્લાના નસવાડી શાખામાં થતાં જ રાજપીપળાના વિવિધ એટીએમમાંથી કુલ રૂા.૧,૯૩,૫૫,૩૦૦ની રોકડ ગાયબ હોવાનો મોટો ભાંડો ફૂટ્યો છે. ફરિયાદમાં જણાવાયા મુજબ, રાજપીપળા એસ.બી.આઈ.ની મુખ્ય શાખામાં મેનેજર તરીકે ફરજ બજાવતા વિશાલ કૈલાશ સોનીએ પોલીસ સમક્ષ સમગ્ર મામલો રજૂ કર્યો હતો. કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે એસ.બી.આઈ.ના આંતરિક વોટ્સએપ ગ્રુપમાં સંતોષ ચાર રસ્તા ખાતેનું એટીએમ 'આઉટ ઓફ સર્વિસ' હોવાનો મેસેજ આવ્યો. હાલના કેસ ઓફિસરે તપાસ કરતા આ એટીએમમાં સિસ્ટમમાં રૂા.૨૩,૨૭,૮૬૦ બતાવતા હતા, જ્યારે વાસ્તવિકતામાં માત્ર રૂા.૪,૩૮,૦૦૦ જ મળી આવ્યા હતા. આ અસામાન્ય તફાવતને પગલે જ્યારે અન્ય એટીએમની ચકાસણી કરવામાં આવી, ત્યારે આંખો પહોળી કરી દે તેવા તથ્યો સામે આવ્યા. એક અન્ય એટીએમમાં સિસ્ટમ મુજબ રૂા.૪૦,૮૮,૩૦૦ હોવા છતાં રૂા.૯,૫૩,૮૦૦ જ મળ્યા હતા. વધુમાં, સ્ટેશન રોડના એટીએમમાં સિસ્ટમમાં રૂા.૩૯,૯૮,૫૦૦ હોવા સામે માત્ર રૂા.૨,૬૦૦ અને પોઈચા ખાતેના એટીએમમાં સિસ્ટમમાં રૂા.૫૧,૬૪,૪૦૦ સામે માત્ર રૂા.૩,૭૦૦ની રોકડ મળી હતી. તમામ એટીએમની આ વિસંગતતા જોતાં મેનેજર વિશાલ સોનીએ ૧૪/૧૧/૨૦૨૫ સુધીના તમામ વ્યવહારોની ઊંડાણપૂર્વક તપાસ કરી. આ તપાસમાં એ સ્પષ્ટ થયું કે સિસ્ટમમાં કુલ રૂા.૧,૯૩,૫૫,૩૦૦ બતાવવા છતાં ભૌતિક રીતે આટલી રોકડ ઉપલબ્ધ નહોતી. મેનેજરે આ મામલે અગાઉના કેસ ઓફિસર બાંગબોય દેબદાસ ચક્રવર્તી (જેમની બદલી ૨૭/૧૦/૨૦૨૫ના રોજ નસવાડી થઈ હતી)નો સંપર્ક સાધ્યો હતો. ચક્રવર્તીએ શરૂઆતમાં 'ટેકનિકલ પ્રોબ્લેમ' હોવાનું જણાવી વાત ટાળી હતી. જો કે, જ્યારે મેનેજરે વધુ ચોખવટ માટે ફોન કર્યો ત્યારે ચક્રવર્તીએ પોતાનો મોબાઈલ સ્વિચ ઓફ કરી દીધો હતો અને તેઓ રાજપીપળા બ્રાન્ચ પર ખુલાસો આપવા પણ આવ્યા નહોતા. બાંગબોય દેબદાસ ચક્રવર્તીએ ૨૫/૭/૨૦૨૨ થી ૨૭/૧૦/૨૦૨૫ દરમિયાન રાજપીપળા એસબીઆઈમાં કેસ ઓફિસર તરીકેની ફરજ દરમિયાન આ આર્થિક ગેરરીતિ આચરી હોવાનું સામે આવ્યું છે. સિસ્ટમમાં ખોટા રેકોર્ડ ઊભા કરીને રૂા.૧.૯૩ કરોડથી વધુની ઉચાપત કરવા બદલ બેંક મેનેજરે તેમની વિરૂદ્ધ રાજપીપળા પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે, જેના પગલે પોલીસે હવે આ મહાકૌભાંડની સઘન તપાસ શરૂ કરી દીધી છે.

નામ બદલેલ છે
મારૂં નામ રહેવાસીયા સીદ્દીકાબહેન ઇલીયાસભાઇથી બદલી વિજાપુરા સીદ્દીકાબાનું મુનાફભાઇ રાખેલ છે.
જૂની મસ્જિદ ફળીયું, પરબડા, હિંમતનગર, સાબરકાંઠા

નામ બદલેલ છે
**માર

ડુપ્લિકેટ તથા સ્થળાંતર કરેલ અને રોજગારને લઈ બે જગ્યાએ નામ ધરાવનારા મતદારો

જુદા જુદા બે સ્થળે મતદારયાદીમાં નામ ધરાવતા મોટી સંખ્યાના મતદારોનો મુદ્દો હલ કરો

NRI-OCI, બીજા રાજ્યથી લગ્ન કરી આવેલ બહેનો વગેરે મુદ્દાઓને લઈ કોંગ્રેસની ચૂંટણી પંચમાં રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

હાલમાં રાજયમાં એસઆઈઆરની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે આજરોજ ગુરૂવારે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીની આગેવાનીમાં કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો, પદાધિકારીઓ, આગેવાનો સહિતના એક પ્રતિનિધિ મંડળ મુખ્ય નિર્વાચન અધિકારીને રૂબરૂ મળી એસઆઈઆર મુદ્દે રજુઆત કરી હતી. કોંગ્રેસ પક્ષ દ્વારા કરાયેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું હતું કે ડુપ્લીકેટ મતદારોના નિરાકરણ માટે એટલે કે એક જ વ્યકિત બે અલગ અલગ મતદાર વિભાગમાં મતદાર તરીકે નોંધાયેલ હોય તો તેને શોધવા માટેનું કોઈ તંત્ર છે કે કેમ ? જો આવું કોઈ સોફ્ટવેર હોય તો તેનો ઉપયોગ કરીને ડુપ્લીકેટ મતદારોને શોધીને તેમને નોટિસ આપીને તેમના નામ યાદીમાંથી દુર કરે. જો ગુજરાતમાં જ અલગ અલગ વિધાનસભામાં બે નામ ચાલતા હોય તો એપ્લિકેશન દ્વારા ચેક કરી શકાતું હોય છે. ત્યારે અન્ય રાજયો માટે આ વ્યવસ્થા કેમ નહીં ?

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે, રાજ્યમાં ઘણા શહેરો-ગામોમાં વિકાસના કામો માટે ડિમોલીશન કરવામાં આવેલ છે. ત્યારે જે તે આવા વિસ્તારના નોંધાયેલા મતદારોને ફરીથી યાદીમાં જોડવા પંચ દ્વારા કોઈ આયોજન કરાયું છે કે કેમ ? અથવા તો આવા મતદારો માટે સ્થળ ઉપર કેમ્પ કરવા આયોજન છે કે કેમ ? અને જો હોય તો તે અંગે પ્રચાર માધ્યમો દ્વારા કંઈ જાહેર થયેલ નથી. આ ઉપરાંત આવા વિસ્તારના જે લોકોને અન્યત્ર મકાન ફાળવી દેવાયા હોય અને તેઓ ત્યાં રહેવા ગયેલ હોય તો તેવા મતદારોના જૂની યાદીમાંથી નામ કમી થવા જોઈએ. રાજયના ઘણા ઔદ્યોગિક શહેરોની વસાહતો વગેરે સ્થળે દેશના જુદા જુદા રાજયોમાંથી રોજગાર મેળવવા આવેલ પરપ્રાંતિયો રહે છે અને તેઓના પોતાના રાજયોની મતદારયાદીમાં નામ હોવા છતાં ગુજરાતમાં પણ યાદીમાં નામ હોવાની ગંભીર બાબતો સામે આવી છે. ત્યારે આવા મતદારો અહીં ૨૦૦રના મતદાર યાદીના તેમના વાલી-વારસોના નામ પુરાવા આપે ત્યારે સોફ્ટવેર ટેકનોલોજી અને તેમના મૂળ રાજયના ચૂંટણીપંચ દ્વારા યોગ્ય ચકાસણી કરી કોઈપણ એક સ્થળે સ્વૈચ્છાએ યાદીમાં નામ રખાય તે જરૂરી છે. આ જ રીતે ઈડબલ્યુએસ કે અન્ય જગ્યાએ સરકાર દ્વારા મકાન ફાળવેલ છે તેવા મતદારો પણ મૂળ જગ્યા એટલે કે જ્યાં પહેલા રહેતા હતા. ત્યાંની યાદીમાં અને નવી યાદીમાં એમ બેમાંથી કોઈ એક જગ્યાએ નામ રહે તે અંગે પંચ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ ? આ ઉપરાંત વિદેશમાં સ્થાયી થયેલા ઘણાના નામ અહીંની મતદારયાદીમાં છે ત્યારે આવા મતદારોની યોગ્ય ખરાઈ કરવી આવશ્યક છે તો ઓસીઆઈ કાર્ડ ધરાવતો વ્યકિત મતદાર તરીકે રહી શકે કે નહી ? તેવા પ્રશ્ન સાથે વધુમાં જણાવાયું છે કે, રાજયના ઘણા લોકો રોજગારને લઈ બહાર ગયેલા છે તેવા મતદાનથી વંચિત ના રહે તે માટે પંચ દ્વારા કાર્યવાહી થવી જોઈએ. એ જ રીતે અન્ય રાજયની સ્ત્રી લગ્ન કરી અહી આવેલ હોય તેવા માટે પણ વ્યવસ્થા થવી જોઈએ. ઉપરાંત હાલમાં ચાલતી એસઆઈઆર પ્રક્રિયા દરમ્યાન ખોટી માહિતી આપવા બદલ દંડ અને કેદની જોગવાઈ છે તે અંગે આયોગ દ્વારા વારંવાર જાહેરાત કરી લોકોનું ધ્યાન દોરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ દ્વારા માગણી કરાઈ છે. મુખ્ય નિર્વાચન અધિકારીને મળવા ગયેલ પ્રતિનિધિ મંડળમાં વિપક્ષ નેતાની સાથે ધારાસભ્ય ઈમરાનખેડાવાલા, પૂર્વ સાંસદ અમીબેન યાજ્ઞિક, બિમલ શાહ, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, પ્રવકતા મનિષ દોશી તથા અન્ય અગ્રણીઓ સામેલ હતા.

અમદાવાદ મ્યુનિ. કોર્પો.એ વધુ એકવાર પ્લોટ્સ વેચવા કાઢ્યા

શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ ૧૫ પ્લોટનું વેચાણ કરી રૂા.૧૮૨૩ કરોડની આવક કરશે

સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કરતા ૧૧ કોમર્શિયલ તથા ૪ રેસિડેન્સિયલ પ્લોટની થશે હરાજી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન છેલ્લા કેટલાક સમયથી એકપછી એક પ્લોટનું વેચાણ કરી કરોડો રૂપિયાની આવક કરી રહી છે. તેમાં ફરી એકવાર ૧૫ પ્લોટ વેચવા કાઢ્યા છે. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા રેસિડેન્સિયલ અને કોમર્સિયલ હેતુ માટેના વધુ ૧૫ પ્લોટનો વેચાણ કરશે. આ પ્લોટના વેચાણ થકી કોર્પોરેશનને રૂા.૧૮૨૩.૮૫ કરોડની આવક થવાનો અંદાજ છે. કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં તાકીદના કામમાં પ્લોટના વેચાણનું કામ મૂકવામાં આવ્યું હતું. જેને મંજૂરી મળતા હવે આગામી દિવસોમાં પ્લોટના વેચાણને લઈને કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના વિકાસ કાર્યો માટે ટીપી સ્કીમ અંતર્ગત પ્રાપ્ત થયેલા કોમર્સિયલ અને રેસિડેન્સિયલ હેતુ માટેના પ્લોટનું વેચાણ કરવામાં આવતું હોય છે. કોર્પોરેશન દ્વારા અગાઉ પણ અનેક વખત પ્લોટના વેચાણ માટે ઓનલાઈન ઓક્શનની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન, ગુરૂવારના રોજ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં તાકીદના કામમાં શહેરના વધુ ૧૫ જેટલા પ્લોટનું વેચાણ કરવાનું કામ મુકવામાં આવ્યું હતું. આ ૧૫ પ્લોટ પૈકી ૧૧ પ્લોટ કોમર્સિયલ અને ૪ પ્લોટ રેસિડેન્સિયલ હોવાનું જાણવા મળે છે. જેમાં ૨ પ્લોટ પશ્ચિમ ઝોનમાં, ૯ પ્લોટ ઉત્તર પશ્ચિમ ઝોનમાં અને ૪ પ્લોટ દક્ષિણ પશ્ચિમ ઝોનમાં આવેલા છે. આ પ્લોટના વેચાણ માટેનું કામ સ્ટેન્ડિંગ કમિટીમાં મંજુર કરવામાં આવતા આગામી દિવસોમાં વેચાણ માટેની કાર્યવાહી કરાશે. હાલમાં, જે નવા ૧૫ પ્લોટનું વેચાણ કરવાનું નક્કી કરાયું છે, તેમાં સૌથી મોંઘો પ્લોટ થલતેજનો છે. આ પ્લોટ રૂા.૩૪૫.૪૦ કરોડનો હોવાનું જાણવા મળે છે. જયારે બીજા ક્રમે પણ થલતેજનો જ રૂા.૩૦૬.૪૦ કરોડનો પ્લોટનો છે. આ ઉપરાંત બોડકદેવમાં પણ રૂા.૨૨૫.૬૮ કરોડ અને રૂા.૨૧૯.૭૩ કરોડના બે પ્લોટનું વેચાણ કરવામાં આવનાર છે. આમ, કોર્પોરેશન દ્વારા આ ૧૫ પ્લોટના વેચાણ થકી રૂા.૧૮૨૩.૮૫ કરોડની આવક કરવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે. જો કે, પ્લોટની ઉંચી કિંમતોને જોતા તેના ખરીદદારો મળવાની શક્યતા ખુબ જ ઓછી જણાય છે.

વર્લ્ડ બેન્ક લોન આપી રહી છે ત્યારે તેની ગાઈડલાઈન પ્રમાણે લેવાયો નિર્ણય

શહેરની ફાઈવ-થ્રી સ્ટાર હોટલો પર વધારાનો વોટર વેસ્ટેજ ચાર્જ નંખાશે

એએમસીને વર્લ્ડ બેન્ક રૂા.૧૨૫ કરોડની ગ્રાન્ટ આપશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

અમદાવાદ શહેરમાં નવા STP બનાવવા તેમજ હયાત STPને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના ધારા ધોરણ મુજબ સુધારા-વધારા કરવા તેમજ ડ્રેનેજ લાઈનો સુધારવા માટે વર્લ્ડ બેન્ક તરફથી લોન આપવામાં આવી રહી છે. જોકે, વર્લ્ડ બેન્કની શરતો પ્રમાણે ગ્રાન્ટ મેળવવા માટે દરરોજ ૧૦ KLDથી વધુ વોટર વેસ્ટેજ ઉત્પન્ન કરતી શહેરની ૨૦થી વધુ ફાઈવ-થ્રી સ્ટાર હોટલો પાસેથી વોટર વેસ્ટેજ ચાર્જ વસૂલવામાં આવશે. શહેરની તાજ સ્કાયલાઈન, ITC નર્મદા, હયાત રેસિડેન્સી, રેડિસન બ્લુ, ક્રાઉન પ્લાઝા અને રેનિસેન સહિતની ૨૦ હોટલોને વોટર વેસ્ટેજ ચાર્જ ચૂકવવો પડશે. જેથી આ હોટલોને ટેક્ષના વાર્ષિક બિલમાં ૧.૫૦થી ૨લાખ રૂપિયા જેટલો વધારો થઈ શકે છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, વર્લ્ડ બેન્ક તરફથી ૩,૦૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ માટે લોન આપવામાં આવી રહી છે, જેની શરત મુજબ હોટલો ઉપર વધારાનો વોટર વેસ્ટેજ ચાર્જ નાખવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં ૨૦ જેટલી લક્ઝૂરિયસ હોટલો આવેલી છે જે ડ્રેનેજનું પાણી બહાર કાઢે છે, ત્યારે આજે ૨૦ નવેમ્બરના રોજ મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ૧૦ KLD કરતાં વધારે પાણી ડિસ્ચાર્જ કરશે તેમને વધારાનો વોટર વેસ્ટેજ ચાર્જ ચૂકવવાનો રહેશે. જેનાથી વર્લ્ડ બેન્ક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂા.૧૨૫ કરોડની ગ્રાન્ટ આપશે.

આ વોટર વેસ્ટેજ ચાર્જની ગણતરી પાણીના વપરાશના આધારે કરવામાં આવશે અને તેમની પાસેથી વસુલ કરવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ના બિલમાં સમાવેશ કરવામાં આવશે. જેથી આ હોટલો પર વાર્ષિક એકથી બે લાખ રૂપિયા જેટલા વધુ ચૂકવવાના રહેશે. કોર્પોરેશનને વર્લ્ડ બેન્કની ગ્રાન્ટ માટે શરતો મુજબ આ વોટર વેસ્ટેજ ચાર્જ વધારવાની જરૂરિયાત ઊભી થઈ છે. જેના થકી મ્યુનિ. કોર્પોરેશનને રૂા.૧૨૫ કરોડની આવક થશે. તેમ ચેરમેને વધુમાં જણાવ્યું હતું.

ગાંધીધામમાં ફૂડ મેળાના વિરોધ બાદ કેથોલિક સ્કૂલને માફી માંગવાની ફરજ પડી

● શાળાના પરિસરમાં કાચું માંસ વેચાતું હોવાનો દાવો ખોટો ● સામાન્ય રીતે નિયમિત ખાણી પીણીના સ્થળોએ માંસાહારી ખોરાક ઉપલબ્ધ હોય છે, ત્યારે મેળામાં લોકોની વિનંતી પર શાકાહારી અને માંસાહારી બંને વિકલ્પોનો સમાવેશ કરવાનો હેતુ હતો : સૂત્ર

અમદાવાદ, તા.૨૦

કચ્છ જિલ્લાના ગાંધીધામની માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં રવિવારે, ૯ નવેમ્બરના રોજ સેન્ટ થોમસ કેથોલિક ચર્ચ દ્વારા આયોજિત ફૂડ મેળાની તપાસ કરવામાં આવી, જેમાં ૧૦ નવેમ્બર, સોમવારના રોજ શાળાના પરિસરમાં કાચું માંસ વેચાતું હોવાનો ખોટો દાવો બહાર આવ્યો. મંગળવાર, ૧૧ નવેમ્બરના રોજ, જ્યારે VHP અને ABVP સાથે જોડાયેલા હોવાનો દાવો કરતા લગભગ ૪૫-૫૦ લોકોનું ટોળું 'જય શ્રી રામ'ના નારા લગાવતા પ્રિન્સિપાલની ઓફિસમાં ઘૂસી ગયું ત્યારે તણાવ વધ્યો. કેથોલિક કનેક્ટ સાથે વાત કરતા, એક અધિકૃત સૂત્રએ સમજાવ્યું કે ચર્ચે માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ફૂડ મેળાનું આયોજન કર્યું હતું કારણ કે ચર્ચ પાસે આવા કાર્યક્રમો માટે પૂરતી જગ્યા નથી. કાર્યક્રમના દિવસે, રમતોના કાઉન્ટર સાથે ૧૩ શાકાહારી કાઉન્ટર અને ૩-૪ માંસાહારી કાઉન્ટર સ્થાપિત કરવામાં આવ્યા હતા. શાકાહારી ખોરાક અને માંસાહારી ખોરાકના કાઉન્ટર ૧૦૦ મીટરના અંતરે હતા. માંસાહારી વસ્તુઓમાં પ્રોન બિરયાની, ચિકન બિરયાની, મટન બિરયાની અને બ્રેડ ઓમેલેટનો સમાવેશ થાય છે. ફૂડ મેળામાં ૨૦થી વધુ શાકાહારી વસ્તુઓ પણ વેચાઈ હતી. સૂત્રએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કાર્યક્રમના દિવસે કોઈ સમસ્યા નહોતી. સોમવાર, ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, એક સ્થાનિક અખબારના અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે જે શાળા 'વિદ્યા મંદિર' તરીકે માનવામાં આવતી હતી તેમાં માંસ વેચાઈ રહ્યું હતું. અખબારના અહેવાલમાં કાચું માંસ વેચાઈ રહ્યું હોવાનું બહાર આવ્યું હતું. જોકે, સૂત્રએ સ્પષ્ટતા કરી હતી કે ફૂડ મેળામાં વિવિધ લોકો દ્વારા તેમના ઘરોમાં તૈયાર કરાયેલ પ્રોન બિરયાની, ચિકન બિરયાની, મટન બિરયાની અને બ્રેડ ઓમેલેટ જેવા રાંધેલા ખોરાક જ વેચાણ માટે રાખવામાં આવ્યા હતા. સૂત્રએ એક મીડિયા માધ્યમને જણાવ્યું હતું કે, જિલ્લાના નિયમિત ખાણીપીણીના સ્થળોએ માંસાહારી ખોરાક સામાન્ય રીતે ઉપલબ્ધ હોય છે. તેમણે ઉમેર્યું હતું કે મેળામાં લોકોની વિનંતી પર શાકાહારી અને માંસાહારી બંને વિકલ્પોનો સમાવેશ કરવાનો હેતુ હતો, અને કોઈપણ મૂંઝવણ ટાળવા માટે પ્રવેશદ્વાર પર સંપૂર્ણ મેનુ સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવામાં આવ્યું હતું, જેમાં કિંમતો અને દરેક કાઉન્ટરની વિગતો હતી. સૂત્રના જણાવ્યા અનુસાર, 'કેટલાક લોકો એવું માનતા હતા કે 'ફૂડ મેળા' શબ્દનો અર્થ સંપૂર્ણપણે શાકાહારી હશે, અને તે જ જગ્યાએ ગેરસમજ ઊભી થઈ.' VHP અને ABVPના સભ્યો મંગળવાર, ૧૧ નવેમ્બરના રોજ શાળામાં આવ્યા હતા અને વિરોધ કર્યો હતો અને કેમ્પસમાં માંસાહારી ખોરાક કેમ પીરસવામાં આવ્યો છે તે અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. ટોળાએ પ્રતિકૂળ અને ડરાવનારૂં વર્તન કર્યું હતું અને પ્રિન્સિપાલ, એક સાધ્વી, ને ઘેરી લીધા હતા અને તેમને શાળાના કોઈપણ શિક્ષક સાથે વાત કરવા દીધી ન હતી. પ્રિન્સિપાલ દ્વારા તેમની ચિંતાઓનો એક પછી એક ઉકેલ લાવવા માટે વારંવાર વિનંતી કરવા છતાં, ટોળાએ સાંભળ્યું નહીં અને ખૂબ જ આક્રમક રહ્યા જેના કારણે શાળાના અધિકારીઓને પોલીસની મદદ લેવી પડી. પ્રદર્શનકારીઓએ શાળાના પ્રિન્સિપાલ અને સ્ટાફ પર શાળાના ઓફિસમાં ત્રણથી ચાર કલાકથી વધુ સમય સુધી દબાણ કર્યું. જોકે આચાર્યએ સમાજના અમુક વર્ગોની લાગણીઓને ઠેસ પહોંચી હોય તો તેમણે દિલગીરી વ્યક્ત કરી હતી, પરંતુ લોકોના ટોળાએ માંગ કરી હતી કે શાળાના આચાર્ય માફી પત્ર જારી કરે અને તેમના પદ પરથી રાજીનામું આપે. દબાણ હેઠળ, આચાર્યને આખરે લોકોના ટોળા દ્વારા ગુજરાતીમાં લખાયેલ લેખિત માફી પત્ર જારી કરવાની ફરજ પડી હતી. આચાર્યને માફી પત્ર સોંપતી વખતે લોકોના ટોળા સાથે ફોટો પડાવવાની પણ ફરજ પડી હતી.

આ લાંબા સંઘર્ષ દરમિયાન, પરિસ્થિતિના તણાવને કારણે પ્રિન્સિપાલ બીમાર પડી ગયા અને બાદમાં તેમને તાવ આવ્યો, જેના કારણે તેમને આરામ અને સંભાળની જરૂર પડી. પરિસ્થિતિ હવે શાંત થઈ ગઈ છે, અને સંબંધિત લોકો સાથે વાતચીત દ્વારા ગેરસમજ દૂર કરવામાં આવી છે. ચર્ચ ધીરજ અને સ્પષ્ટતા સાથે તેની સેવા ચાલુ રાખે છે, તેના પર લાવવામાં આવેલી ચિંતાઓનો શાંતિથી જવાબ આપે છે.

ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો : પ્રક્રિયાગત ભૂલ છતાં પ્રતિભાશાળી વિદ્યાર્થિનીના MBBS પ્રવેશને નિયમિત કરવા આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ અને વિદ્યાર્થિનીના હિતમાં ચુકાદો આપતાં, માત્ર પ્રોસિજરલ ભૂલના કારણે પ્રતિભાશાળી ૧૮ વર્ષની વિદ્યાર્થિનીનો MBBS પ્રવેશ રદ ન થવા દેવાનો નિર્ણય કર્યો છે. જસ્ટિસ નિર્જર એસ. દેસાઈએ આપેલા આ નિર્દેશ મુજબ, વિદ્યાર્થિનીની ભૂલ 'બોનાફાઈડ મિસ્ટેક' ગણાતાં તેના પ્રવેશને નિયમિત (રીગ્યુલરાઈઝ) કરવા આદેશ આપવામાં આવ્યો છે, પરંતુ સાથે સાથે તેને વધારાના છ મહિનાના ગ્રામ્ય સેવાના બાંહેધરી આપવા પણ કહેવામાં આવ્યું છે. પિટિશનર, જેઓ શૈક્ષણિક રીતે અત્યંત પ્રતિભાશાળી છે, શરૂઆતમાં ડો.એન.ડી.દેસાઈ ફેકલ્ટી ઓફ મેડિકલ સાઈન્સ એન્ડ રિસર્ચ, નડિયાદ ખાતે MBBSમાં પ્રવેશ મેળવ્યા હતા. ત્રીજા રાઉન્ડમાં તેમણે અપગ્રેડ પસંદગી કરીને નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ (પ્રતિસાદી નંબર ૬) પસંદ કરી હતી. તેમણે અલોટમેન્ટ ઓર્ડર ડાઉનલોડ કર્યો હતો અને લગભગ રૂા.૧,૬૩,૦૦૦ જેટલી ફરક રકમ પણ જમા કરી દીધી હતી. ACPUGMECની પ્રક્રિયા મુજબ, ફી ભર્યા પછી વિદ્યાર્થીએ પ્રોવિઝિનલ એડમિશન ઓર્ડર હેલ્પ ડેસ્ક પર જમા કરાવવો જરૂરી છે જેથી સિસ્ટમમાં સીટ ભરાઈ ગયેલ તરીકે દર્શાય. પરંતુ પિટિશનરની ભૂલ, ગેરસમજ અથવા કોલેજ સ્ટાફની ખોટી સલાહને કારણે આ ઓર્ડર જમા ન થયો. પરિણામે તેમની સીટ સિસ્ટમમાં 'વેકન્ટ/નોટ રિપોર્ટેડ' દેખાતાં તેમની એડમિશન રદ થઈ ગઈ અને કારકિર્દી જોખમમાં મુકાઈ ગઈ હતી. એડમિશન કમિટીએ દલીલ કરી કે, પિટિશનરને નિયમોની સંપૂર્ણ માહિતી હતી અને પ્રથમ રાઉન્ડમાં તેમણે જ એ જ પ્રક્રિયા અનુસરેલી હતી. તેથી પ્રોસિજરની અવગણના બદલ તેમને રાહત આપવામાં ન આવે. પરંતુ કોર્ટએ કહ્યું કે, વિદ્યાર્થિનીની પ્રતિભા અંગે કોઈ વિવાદ નથી અને તેની નાની લાપરવાહીને કારણે તેના ડોક્ટર બનવાના સપના તૂટી ન જવા જોઈએ. કોર્ટએ સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું. "માત્ર વિદ્યાર્થિનીએ નાની ભૂલ કરી હોવા છતાં, શું તેનો પ્રવેશ રદ કરીને તેની કારકિર્દી બગાડવી જોઈએ ? શું ઓછા મેરિટના વિદ્યાર્થીને સીટ જતી રહે તે યોગ્ય રહેશે ?" કોર્ટએ સૂચવ્યું કે, જો વિદ્યાર્થિની વધારાના છ મહિના ગ્રામ્ય વિસ્તારમાં સેવા આપવા તૈયાર હોય, તો પ્રવેશ નિયમિત કરી શકાય. પિટિશનરે તરત જ આ પ્રસ્તાવ સ્વીકારી લીધો. કોર્ટના મુખ્ય આદેશો હતા કે, પિટિશનરની MBBS પ્રવેશને નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજમાં નિયમિત કરવાની મંજૂરી, વિદ્યાર્થિનીએ MBBS પૂર્ણ થયા પછી વધારાના છ મહિના ગ્રામ્ય વિસ્તારમાં ડૉક્ટર તરીકે સેવા આપવાની બાંહેધરી આપવી ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે માટે વિદ્યાર્થિની પર રૂા.૫,૦૦૦નો ટોકન ખર્ચ ફટકારવામાં આવ્યો, જે ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીઝ ઑથોરિટી ખાતે જમા થશે. વિદ્યાર્થિનીને આજે જ જરૂરી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની સૂચના પણ આપવામાં આવી હતી. આ ચુકાદામાં કોર્ટએ સ્પષ્ટ કર્યું કે, ૧૮ વર્ષની વિદ્યાર્થિનીની નાની પ્રોસિજરલ ભૂલને કારણે તેની સમગ્ર કારકિર્દી જોખમમાં મુકવી ન્યાયસંગત નથી. સાથે સાથે ગ્રામ્ય આરોગ્ય સેવાઓને પણ લાભ મળે તે રીતે વધારાની સેવા ફરજ મૂકીને કોર્ટએ સંતુલિત ન્યાય આપવામાં આવ્યો છે.

વર્લ્ડ હેરિટેજ વીક-૨૦૨૫ની શરૂઆત, વિવિધ કાર્યક્રમોનું આયોજન

અમદાવાદમાં વૈશ્વિક સ્તરે પર્યટનને પ્રોત્સાહન માટે હેરિટેજનું થશે બ્રાન્ડિંગ

એએમસી દ્વારા અત્યારસુધીમાં ૫૫૦૦થી વધુ હેરિટેજ વોક યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

અમદાવાદમાં વર્લ્ડ હેરિટેજ વીકની શરૂઆત થતા શહેરમાં ફરી એકવાર તેના ગૌરવશાળી હેરિટેજની ઉજવણી થઈ રહી છે. ૨૦૧૭માં યુનેસ્કો દ્વારા ભારતનું પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે માન્યતા મેળવનાર અમદાવાદ શહેરનો ઈતિહાસ, સ્થાપત્ય અને સંસ્કૃતિના અમૂલ્ય વારસાને ઉજાગર કરવા આ સપ્તાહમાં વિશેષ આયોજનો થયા છે. જેની શરૂઆત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં હેરિટેજ વિભાગ દ્વારા હેરિટેજ વીકનાં અંતર્ગત ટૂર ઓપરેટર્સ અને એજન્સીઓ સાથે મળીને અમદાવાદને વૈશ્વિક સ્તરે પ્રવાસનનું સ્થળ તરીકે ઓળખ મળે તે માટેના પ્રયત્નો થાય તે માટેની વિવિધ પ્રવૃત્તિઓનું હાથ ધરવામાં આવી છે. અમદાવાદમાં પર્યટનને પ્રોત્સાહન મળે તે માટે AMC દ્વારા શહેરને 'ટુરીઝમ ગેટવે' તરીકે વિકસાવવાની દિશામાં અનેક પગલાં હાથ ધરવામાં આવ્યા છે. અમદાવાદનાં હેરિટેજને પ્રોમોટ કરીને અમદાવાદ શહેરનું અલગ પ્રકારનું બ્રાન્ડિંગ કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે માટે શહેરમાં અનેક જાગૃતિનાં કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત શહેરના કોટ વિસ્તારમાં આવેલાં હેરિટેજ ઘરોના રિપેરિંગ રિસ્ટરેશન અને ઐતિહાસિક સ્થળોના સંરક્ષણ માટે હેરિટેજ કન્ઝર્વેશન કમિટી અને હેરિટેજ વિભાગ દ્વારા સાથે મળીને સક્રિય રીતે કામગીરી કરવામાં છે. AMC દ્વારા આયોજિત હેરિટેજ વૉક વર્ષનાં ૩૬૫ દિવસ ચાલુ રહે છે અને ખાસ કરીને વિદેશી પ્રવાસીઓમાં તેનો વિશાળ પ્રતિસાદ જોવા મળે છે. કાલુપુર સ્વામિનારાયણ મંદિરથી લઈને જામા મસ્જિદ સુધી ચાલતા આ વૉક રૂટને હવે વધુ સુંદર અને સંગઠિત બનાવવા વૉકવે અપગ્રેડની કામગીરી હાથ ધરવામાં આવી છે. માર્ગ પર આવેલી દુકાનોના ફસાડને પણ એકસમાન ડિઝાઈનમાં રિસ્ટોરેશન કરીને સમગ્ર રૂટને એકરૂપ આધુનિક-પરંપરાગત રૂપ આપવાનું આયોજન કર્યું છે.

ફરિયાદ નિવારણના "સ્વાગત"માં મુખ્યમંત્રીએ અધિકારીઓને કરી તાકીદ

ખેડૂતો સહિત લોકોના પ્રશ્નો-રજૂઆતોને તાકીદે નિવારવા મુખ્યમંત્રીની સૂચના

રાજ્ય કક્ષાએ ૭૦ તથા જિલ્લામાં ૧૧૫૬ રજૂઆતોનું નિરાકરણ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલા નવેમ્બર માસના રાજ્ય સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણમાં આવેલી રજૂઆતો સંદર્ભમાં સંબંધિત અધિકારીઓને સ્પષ્ટપણે જણાવ્યું કે, ખેડૂતો સહિત લોકોની સમસ્યાઓ-રજૂઆતોની ઉંડાણપૂર્વક સમજ કેળવીને તથા સ્થળ મુલાકાત લઈને તેનું તાકિદે નિવારણ લાવવામાં આવે તે જરૂરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોની સમસ્યાઓને હંમેશાં પ્રાથમિકતા આપી તેમના ત્વરિત નિવારણ માટે પ્રતિબદ્ધતા દાખવી છે તેના ઉદાહરણો નવેમ્બર માસના રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં ગુરૂવાર તા.૨૦ નવેમ્બરે જોવા મળ્યા હતા. આ રાજ્ય સ્વાગતમાં ૭૦થી વધુ નાગરિકો પોતાની સમસ્યાની રજૂઆત માટે આવ્યા હતા તેમાંથી ૪ જેટલા અરજદારોની રજૂઆતો મુખ્યમંત્રીએ રૂબરૂ સાંભળી હતી. આ ઉપરાંત બાકિની રજૂઆતો મુખ્યમંત્રી જનસંપર્ક એકમના અધિકારીઓ દ્વારા સાંભળીને સંબંધિત વિભાગો તથા જિલ્લા સ્તરના અધિકારીઓને કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા યોજાયેલા નવેમ્બર માસના જિલ્લા સ્વાગતની ૧૧૫૬ જેટલી રજૂઆતોની નિરાકરણ કાર્યવાહી જિલ્લા કક્ષાએ કરવા માટે જરૂરી પગલા લેવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ સ્થાનિક કક્ષાએ તાલુકા અને જિલ્લા સ્વાગતની રજૂઆતો અંગે લેવાયેલા નિર્ણયનું અમલીકરણ અને સઘન મોનિટરીંગ થાય તે માટે જિલ્લા કલેક્ટરોને સૂચના આપી હતી. એટલું જ નહીં, જે તાલુકા અને જિલ્લાઓમાં રજૂઆતોની પડતર સંખ્યા વધુ છે તેવા જિલ્લાઓમાં રજૂઆતોનો તાત્કાલિક નિકાલ કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરના અસાધારણ કમોસમી વરસાદને પગલે ખેડૂતોને થયેલા નુકસાન અંગે રાજ્ય સરકારે જાહેર કરેલી કૃષિ પેકેજ સહાય મેળવવામાં કોઈ ખેડૂતોને મુશ્કેલી ન પડે તે માટે વિશેષ કાળજી રાખવા રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને દિશાનિર્દેશ આપ્યા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પના પુત્રનું જામનગરમાં આગમન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર જુનિયર ટ્રમ્પ ગુરૂવારે સાંજે જામનગર એરપોર્ટ પર પહોંચ્યા હતા. જામનગરમાં જુનિયર ટ્રમ્પનું આગમન થયું છે, ત્યારે એરપોર્ટથી ઉતર્યા બાદ તેઓ સડક માર્ગે મોટી ખાવડી સ્થિત રિલાયન્સ ખાતે જવા રવાના થયા હતા. જુનિયર ટ્રમ્પ વનતારાની મુલાકાત લે તેવી શક્યતા છે.

જામનગરની જિલ્લાની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને વનતારામાં સમયાંતરે અનેક મહાનિભાવોનું આગમન થતું રહે છે. ત્યારે ગુરૂવારે યુએસ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર જુનિયર ટ્રમ્પનું જામનગરમાં આગમન થયું. જુનિયર ટ્રમ્પ જામનગર એરપોર્ટથી રોડ માર્ગે ખાવડી જવા રવાના થયા, ત્યારે પોલીસે યોગ્ય સુરક્ષા વ્યવસ્થા જાળવી હતી.

નામ બદલેલ છે

મારું નામ **શેખ ફીરોઝ મહેબુબભાઈથી** બદલીને

૩૫૦ ટકા વેરાની ધમકી આપી તો પીએમ મોદીએ મને ફોન કરીને કહ્યું, અમે યુદ્ધ નહીં કરીએ : ટ્રમ્પ

અમેરિકાના પ્રમુખે એવો દાવો કર્યો છે કે મેં જ્યારે ભારતને ૩૫૦ ટકા વેરાની ચેતવણી આપી તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મને ફોન કરીને કહ્યું કે અમે યુદ્ધ કરીશું નહીં, ટ્રમ્પ અત્યારસુધીમાં ભારત અને પાકિસ્તાન યુદ્ધ રોકવાનો દાવો ૬૦ વખત કરી ચૂક્યા છે

(એજન્સી) તા.૨૦

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવનું સમાધાન આ બંને દેશોને ૩૫૦ ટકા ટેરિફની ધમકી આપીને કર્યું હતું અને અને દાવો કર્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ફોન કરીને કહ્યું હતું કે 'અમે યુદ્ધ કરવાના નથી.' ટ્રમ્પે ૬૦થી વધુ વખત આ દાવો પુનરાવર્તિત કર્યો છે કે તેમણે આ વર્ષે મે મહિનામાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવમાં 'સમાધાન કરવામાં મદદ' કરી હતી, જ્યારે ભારતે સતત કોઈપણ તૃતીય પક્ષના હસ્તક્ષેપનો ઈન્કાર કર્યો છે. સઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની હાજરીમાં યુએસ-સઉદી રોકાણ ફોરમમાં બોલતા, ટ્રમ્પે કહ્યું કે તેમણે બે પરમાણુ સશસ્ત્ર પડોશીઓને કહ્યું હતું કે તેઓ 'તે યુદ્ધ કરી શકે છે, પરંતુ હું દરેક દેશ પર ૩૫૦ ટકા ટેરિફ લાદી રહ્યો છું. યુનાઈટેડ સ્ટેટ્સ સાથે હવે વેપાર થશે નહીં.' ભારત અને પાકિસ્તાન બંનેએ તેમને એવું ન કરવાનું કહ્યું હોવાનો દાવો કરતા, ટ્રમ્પે કહ્યું કે તેમણે તેમને કહ્યું હતું કે, હું તમને એકબીજા પર પરમાણુ શસ્ત્રો ફેંકવા, લાખો લોકો મારવા દઈશ નહીં. ટ્રમ્પે પછી કહ્યું કે તેઓ 'બધી રીતે તૈયાર' છે અને ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટને કહ્યું કે તેઓ સંઘર્ષના સમાધાન માટે ૩૫૦ ટકા ટેરિફ લગાવશે અને જો આ દેશો યુદ્ધ બંધ કરે, તો આપણે એક સરસ વેપાર સોદો કરીશું. કોઈ અન્ય રાષ્ટ્રપતિએ એવું ન કર્યું હોત... મેં આ બધા યુદ્ધોનો ઉકેલ લાવવા માટે ટેરિફનો ઉપયોગ કર્યો હતો, આઠમાંથી પાંચ યુદ્ધો અર્થતંત્રને કારણે, વેપારને કારણે, ટેરિફને કારણે રોકાઈ ગયા હતા. ટ્રમ્પે કહ્યું કે પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે તેમને ફોન કર્યો અને લાખો લોકોના જીવ બચાવવા બદલ વ્હાઈટ હાઉસના ચીફ ઓફ સ્ટાફ સુસી વિલ્સ સમક્ષ તેમનો આભાર માન્યો હતો. ટ્રમ્પે એવો દાવો કર્યો કે તેમને 'વડાપ્રધાન મોદીનો ફોન આવ્યો કે 'અમારૂં કામ પૂરું થયું'. મેં કહ્યું, 'તમારું કામ પૂરું થયું'?'' ટ્રમ્પે કહ્યું કે, મોદીએ જવાબ આપ્યોઃ 'અમે યુદ્ધમાં કરવાના નથી. ટ્રમ્પે તે પછી મોદીનો આભાર માન્યો

અને કહ્યું, 'ચાલો સોદો કરીએ.' અમેરિકન રાષ્ટ્રપતિએ એમ પણ ઉમેર્યું હતું કે તેમણે ઘણા અન્ય યુદ્ધોમાં ઘણા લોકો, લાખો લોકોને બચાવ્યા છે. ટ્રમ્પે એક દિવસ પહેલા પણ ઓવલ ઓફિસમાં સઉદી ક્રાઉન પ્રિન્સ સાથેની દ્વિપક્ષીય મુલાકાત દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ બંધ કરવાનો દાવો પુનરાવર્તિત કર્યો હતો. ૧૦ મેના રોજ, જ્યારે ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે ભારત અને પાકિસ્તાન વોશિંગ્ટન દ્વારા મધ્યસ્થી સાથે વાટાઘાટો પછી 'સંપૂર્ણ અને તાત્કાલિક' યુદ્ધવિરામ માટે સંમત થયા છે, ત્યારથી તેમણે ૬૦થી વધુ વખત પોતાના દાવાને પુનરાવર્તિત કર્યો છે. ભારતે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેમાં પહેલગામ હુમલાનો બદલો લેવા માટે પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યા હતા. ભારતે કોઈપણ તૃતીય પક્ષના હસ્તક્ષેપનો સતત ઈન્કાર કર્યો છે અને કહ્યું છે કે પાકિસ્તાન સાથે દુશ્મનાવટ રોકવા અંગેની સમજૂતી ૧૦ મેના રોજ બંને સૈન્યના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (DGMOs) વચ્ચે સીધી વાતચીત બાદ થઈ હતી.

'દેશ વિરુદ્ધની પ્રવૃત્તિઓ' કરવા બદલ જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા કાશ્મીર ટાઈમ્સની ઓફિસ પર દરોડા પાડવામાં આવ્યા બાદ કાશ્મીર ટાઈમ્સની પ્રતિક્રિયા : અમે ચૂપ રહીશું નહીં

કાશ્મીર ટાઈમ્સે આ દરોડા પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, આ 'અમને ચૂપ કરવાનો' અન્ય એક પ્રયાસ છે

(એજન્સી) તા.૨૦

જમ્મુ અને કાશ્મીર પોલીસની રાજ્ય તપાસ એજન્સી (SIA)એ ગુરૂવારે કાશ્મીર ટાઈમ્સ અખબારના જમ્મુ કાર્યાલય પર દરોડો પાડ્યો છે, જેમાં એકે રાઈફલના કારતૂસ, પિસ્તોલના રાઉન્ડ અને હેન્ડ ગ્રેનેડ પિન મળી આવ્યા છે. દેશ વિરૂદ્ધ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા બદલ પ્રકાશન અને તેના પ્રમોટરો સામે નોંધાયેલા કેસ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે SIA ટીમોએ તપાસના ભાગ રૂપે કમ્પ્યુટર સહિત પરિસરની સંપૂર્ણ તપાસ હાથ ધરી હતી. આગામી દિવસોમાં અખબારના પ્રમોટરોની પૂછપરછ થવાની અપેક્ષા છે. નાયબ મુખ્યમંત્રી સુરિન્દર સિંહ ચૌધરીએ સાવધાનીપૂર્વક પ્રતિક્રિયા આપતા કહ્યું કે જ્યાં ખોટું કામ સાબિત થાય ત્યાં જ કાર્યવાહી થવી જોઈએ. જો તેઓએ કંઈક ખોટું કર્યું

જમ્મુ પોલીસના 'કાશ્મીર ટાઈમ્સ'ની ઓફિસો પર દરોડા; સંપાદકોએ પ્રેસ સ્વતંત્રતા પર હુમલો ગણાવ્યો

જમ્મુ પોલીસે કાશ્મીર ટાઈમ્સના કાર્યાલય પર દરોડો પાડ્યો છે, અખબારના સંપાદકોએ આ કાર્યવાહીને પ્રેસ સ્વતંત્રતા પર સીધો હુમલો ગણાવ્યો છે, આ કાર્યવાહીથી મીડિયા સંગઠનોમાં ચિંતા છે

કાશ્મીર ટાઈમ્સની ઓફિસ પર દરોડા : પોલીસે એકે રાઈફલના કારતૂસ અને ગોળીઓ જપ્ત કરવાનો દાવો કર્યો; સંપાદકોએ આ આરોપોને 'સ્વતંત્ર પત્રકારત્વને શાંત કરવાનો' પ્રયાસ ગણાવ્યો

હોય, તો કાર્યવાહી કરવી જોઈએ. ૧૯૫૪માં અનુભવી પત્રકાર વેદભસીન દ્વારા સ્થાપિત, કાશ્મીર ટાઈમ્સને લાંબા સમયથી અલગતાવાદી તરફી માનવામાં આવે છે. જમ્મુ પ્રેસ ક્લબના પ્રમુખ તરીકે પણ સેવા આપી ચૂકેલા વેદભસીનનું તાજેતરના વર્ષોમાં અવસાન થયું હતું, ત્યારબાદ તેમની પુત્રી, અનુરાધા ભસીન જામવાલ, તેમના પતિ પ્રબોધ જામવાલ સાથે, મેનેજમેન્ટ અને સંપાદકીય જવાબદારીઓ સંભાળી હતી. અનુરાધા ભાસીન અને પ્રબોધ જામવાલ હાલમાં વિદેશમાં છે. આ અખબાર ૨૦૨૧-૨૨થી જમ્મુથી તેની પ્રિન્ટ આવૃત્તિ પ્રકાશિત કરી રહ્યું નથી, જોકે તેની ઓનલાઈન આવૃત્તિ સક્રિય છે. એક સંયુક્ત નિવેદનમાં, સંપાદકો અનુરાધા ભાસીન જામવાલ અને પ્રબોધ જામવાલે આ દરોડાની નિંદા કરી, તેને ''સ્વતંત્ર પત્રકારત્વને ચૂપ કરવાનો સંકલિત પ્રયાસ'' ગણાવ્યો. તેઓએ કહ્યું, ''સરકારની ટીકા કરવી એ રાજ્ય માટે દુશ્મનાવટ સમાન નથી. એક મજબૂત, પ્રશ્નાર્થ પ્રેસ સ્વસ્થ લોકશાહી માટે આવશ્યક છે. અમારી સામે લગાવવામાં આવેલા આરોપો ડરાવવા, ગેરકાયદેસર બનાવવા અને ચૂપ કરવા માટે છે. અમે ચૂપ રહીશું નહીં. સંપાદકોએ અધિકારીઓને આરોપો પાછા ખેંચવા અને આ કનડગત બંધ કરવા વિનંતી કરી અને મીડિયા સાથીદારો, નાગરિક સમાજ અને નાગરિકોને એકતામાં ઉભા રહેવા અપીલ કરી છે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે પત્રકારત્વ ગુનો નથી અને આવા દરોડા છતાં સત્ય પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા ચાલુ રહેશે. પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના નેતા અને સ્વર્ગસ્થ મહેબૂબા મુફ્તીની પુત્રી, ઇલ્તિજા મુફ્તીએ આ દરોડાની ટીકા કરી અને કહ્યું કે કાશ્મીર ટાઈમ્સ એ પ્રદેશના એવા થોડા અખબારોમાંનો એક છે જે ''સત્તા સમક્ષ સત્ય બોલે છે અને દબાણ અને ધાકધમકી હેઠળ ઝૂકવાનો ઈન્કાર કરે છે.

દાદરી લિંચિંગ કેસ : આરોપીઓ સામેનો કેસ પાછો ખેંચવાના યોગી સરકારના નિર્ણયથી આઘાતમાં રહેલો અખલાકનો પરિવાર હાઈકોર્ટમાં અપીલ કરશે

(એજન્સી) તા.૨૦

૨૦૧૫માં દાદરી લિંચિંગ ઘટનાના ભોગ બનેલા મોહમ્મદ અખલાકનો પરિવાર ઘેરા આઘાતમાં છે. ઉત્તરપ્રદેશ સરકારે કોર્ટમાં અરજી દાખલ કરીને ૧૮ આરોપીઓ સામેના તમામ ગુનાહિત આરોપો પાછા ખેંચવાની માગણી કરી છે. યુપી સરકારે 'સામાજિક સૌહાર્દ'ને પ્રોત્સાહન આપવાની જરૂરિયાતને તેનું કારણ ગણાવી છે. પરિવારે આને 'ન્યાયનું અપમાન' ગણાવ્યું છે અને કહ્યું છે કે, જો કેસ પાછો ખેંચવામાં આવે છે, તો તેઓ તેને અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકારશે. ટ્રાયલ કોર્ટ આ અરજી પર ૧૨ ડિસેમ્બરે સુનાવણી કરશે. આ ઘટના ૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૫ના રોજ બની હતી, જ્યારે દિલ્હીથી માત્ર ૪૯ કિલોમીટર દૂર બિસાડા ગામ (દાદરી)માં ગાયની કતલ અને ગૌમાંસ રાખવાની અફવાઓથી પ્રેરિત એક ઉન્મત્ત ટોળાએ અખલાક (૫૨)ને તેના ઘરેથી ખેંચી લીધો અને લાકડીઓ, સળિયા અને ઈંટોથી માર માર્યો. તેના નાના પુત્ર દાનિશને ગંભીર ઈજાઓ થઈ હતી અને બે મગજની સર્જરી કરવામાં આવી હતી અને તે હજુ પણ સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાય છે. ત્રણ મહિના પછી ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, પરંતુ ૨૦૨૧માં આરોપો ઘડવામાં આવ્યા હતા. મૂળ ૧૯ આરોપીઓ (એક સગીર અને સ્થાનિક નેતાના પુત્ર) હતા. ૨૦૧૬માં એકનું મૃત્યુ થયું હતું અને બાકીના ૧૮ જામીન પર બહાર છે. ૨૫ સાક્ષીઓમાંથી ૨૦૨ રથી પાંચ સાક્ષીઓ જુબાની આપી ચૂક્યા છે, જેમાં અખલાકની પુત્રીનો સમાવેશ થાય છે; દાનિશની જુબાની આગામી તારીખે થવાની છે. કોર્ટમાં સરકારની અરજીમાં સાક્ષીઓના નિવેદનોમાં વિરોધાભાસનો દાવો કરવામાં આવ્યો છે. વધુમાં જપ્ત કરાયેલા હથિયારો તલવારો કે પિસ્તોલ ન હતા, પરંતુ ફક્ત લાકડીઓ, સળિયા અને ઈંટો હતા. અરજીમાં ગૌમાંસની રિકવરી અને પરિવાર સામે પેન્ડિંગ ગૌહત્યા કેસનો પણ ઉલ્લેખ છે. સરકારી વકીલે આને 'સામાજિક સંવાદિતા' માટે જરૂરી ગણાવ્યું છે. અખલાકનો પરિવાર આ ઘટનાથી આઘાતમાં છે. અખલાકના પરિવારે યુપી સરકારના પગલાની સખત નિંદા કરી છે. અખલાકની પત્ની ઇકરામન બેગમ જે ઘટના પછી બિસાડા ગામમાં પાછી ફરી નથી અને આગ્રામાં તેના મોટા પુત્ર સાથે એક નાના ફ્લેટમાં રહે છે, તેણે કહ્યું, મેં બધું ગુમાવ્યું : મારા પતિ, મારૂં ઘર, મારા લોકો. દુનિયાએ તેને મરતા જોયા, ખૂનીઓને જોયા. તો પછી ન્યાય ક્યાં છે? અમારા દુઃખ માટે કોઈ સાંત્વના મળતી નથી. અમને કોર્ટની ભાષા ખબર ન હતી, કે અમને ખબર નહોતી કે શું અપેક્ષા રાખવી જોઈએ. પરંતુ અમે દરેક સુનાવણીમાં ન્યાયની રાહ જોતા હતા. એવું લાગતું હતું કે, તે અમારી એકમાત્ર ફરજ છે. બધું ત્યાં જ સમાપ્ત થઈ ગયું. પાછા

જવાનો કોઈ પ્રશ્ન જ ન હતો. અખલાકના પરિવારનું કહેવું છે કે, અમે સતત ધમકીઓ હેઠળ જીવીએ છીએ. સુરક્ષા વિના અમે બહાર જઈ શકતા નથી. અમને પોલીસ સુરક્ષા આપવામાં આવનાર હતી, પરંતુ ઘણી વખત અમે અમારા નિવેદનો પણ નોંધી શક્યા નહીં. અમને લાકડીઓ અને સળિયાથી સજ્જ ટોળાએ ઘેરી લીધા હતા, તેથી અમને કેટલા લોકો માર મારી રહ્યા હતા તે જાણવું અશક્ય હતું. દાનિશે સાક્ષીઓ સાથે વાત કરી અને નામ ઉમેર્યા, જે સ્વાભાવિક હતું. અખલાકની વૃદ્ધ માતા અસગરી બેગમ અને પુત્રી શૈસ્તાએ કહ્યું કે, સુરક્ષાના અભાવે, તેઓ ઘણી વખત કોર્ટમાં જુબાની આપી શક્યા નહીં. કેસને નબળો પાડવા માટે ઇરાદાપૂર્વક અવરોધો ઊભા કરવામાં આવ્યા. એક દાયકા પછી પણ ન્યાયની આશા હતી, પરંતુ હવે પરિવારને ડર છે કે, આ અંતિમ ફટકો સાબિત થશે.

પરિવારના વકીલ યુસુફ સૈફીએ કેસને 'કાયદેસર રીતે ખોટો' ગણાવ્યો. તેમણે કહ્યું કે, આ ટોળાની હિંસાનો કેસ છે. સાક્ષીઓએ જુબાની આપી છે. સામાન્ય ઉદાહરણ અહીં લાગુ પડી શકતા નથી. જો કેસ પાછો ખેંચવાની મંજૂરી આપવામાં આવે તો, એક જ આદેશથી ૧૦ વર્ષની કાનૂની લડાઈ ખતમ થઈ જશે. સૈફીએ ચેતવણી આપી હતી કે, જો ટ્રાયલ કોર્ટ પરવાનગી આપે છે, તો તેઓ અલ્હાબાદ હાઈકોર્ટમાં અપીલ કરશે. પરિવારને હજુ સુધી પ્રમાણિત નકલ મળી નથી, પરંતુ તેમના વકીલ દ્વારા જાણવા મળ્યું છે. દાદરી લિંચિંગ કેસ ગૌરક્ષાના નામે હિંસાનું પ્રતીક બની ગયો છે. નિષ્ણાતો કહે છે કે, સરકારી દખલગીરી ન્યાયિક પ્રક્રિયા પર પ્રશ્નો ઊભા કરે છે. ૧૨ ડિસેમ્બરે દાદરી ટ્રાયલ કોર્ટમાં સુનાવણી કેસનો માર્ગ નક્કી કરશે. દાયકા લાંબા સંઘર્ષ પછી પરિવારને હજુ પણ ન્યાયની આશા છે, પરંતુ તેમની પાસે હવે માત્ર હાઈકોર્ટ દ્વારા આગળ વધવાનો એક માર્ગ બાકી છે.

અલ-ફલાહ યુનિવર્સિટીની આગળ વધતી ઝીણવટભરી તપાસ, ૨૦૦ તબીબો અને સ્ટાફ ઉપર નજર

હરિયાણાના નૂહમાં ડોક્ટર ઉમરને રૂમ ભાડે આપનાર આંગણવાડી કાર્યકર અફસાનાની ગોલપુરી ગામમાંથી અટકાયત કરવામાં આવી હતી, વિસ્ફોટ પછી એ ફરાર હતી અને તેની અને તેના પરિવારની પૂછપરછ થઈ રહી છે

(એજન્સી) ચંદીગઢ, તા.૨૦

અલ ફલાહ યુનિવર્સિટી સામેની ઝીણવટભરી તપાસ આગળ વધી રહી છે ત્યારે યુનિવર્સિટીના લગભગ ૨૦૦ જેટલા તબીબો અને કર્મચારીઓ અંગે તપાસની એજન્સીઓ દ્વારા ચકાસણી અને તપાસની કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે. સુસાઈડ બોમ્બર ડોક્ટર ઉમર નબી સાથેના સંપર્કોની શંકાને આધારે આ તમામ સામે તપાસ થઈ રહી છે. દરમિયાન હરિયાણાના નુહમાં પોતાના પિતાના મકાનમાં ડોક્ટર ઉમરને એક રૂમ ભાડે આપનાર આંગણવાડી કાર્યકર અફસાનાની ગોલપુરી ગામમાંથી અટકાયત કરવામાં આવી હતી તેમ જાહેર થયું છે. તેણે પોતાના સગા શોએબની ભલામણથી ડોક્ટર ઉમરને રૂમ ભાડે આપ્યું હતું. સોએબ યુનિવર્સિટીમાં ઇલેક્ટ્રિશિયન તરીકે કામ કરતો હતો. દિલ્હીના વિસ્ફોટ પછી અફસાના પલાયન થઈ ગઈ હતી. તેના પરિવારને પણ પૂછપરછ થઈ રહી છે. દરમિયાન સુત્રોના જણાવ્યા અનુસાર વિસ્ફોટ પછી કેટલા લોકો યુનિવર્સિટી છોડી ગયા તેની ઓળખ અને તપાસ એજન્સીઓ કરી રહી છે. એ પૈકીના કેટલાકને એ પૈકીના કેટલાકને આતંકવાદીઓ સાથે સંપર્કો હોવાની શંકા છે અને સંખ્યાબંધ લોકો હોય તો એમના મોબાઈલના ડેટા પણ કાઢી રાખે છે. ૧૦૦૦ લોકોની એજન્સીઓ દ્વારા પૂછપરછ કરવામાં આવી છે અને કેમ્પસની

બહાર હોટલોમાં તથા રૂમ ભાડે રાખીને રહેતા વિદ્યાર્થીઓની હોસ્ટેલો અને રૂમની પણ ચકાસણી થઈ રહી છે.

વારંવાર યુનિવર્સિટીમાં તપાસ થઈ રહ્યું હોવાથી વિદ્યાર્થીઓને સ્ટાફમાં ચિંતા અને ઉચ્ચાટનું વાતાવરણ છે. બુધવારે પણ યુનિવર્સિટીમાંથી ઘણા બધા કર્મચારીઓ એમના બિસ્તરાં પોટલા લઈને નીકળી જતા દેખાયા હતા. એ બધા ઘરે પાછા ફરી રહ્યા છે તેમ યુનિવર્સિટીના સુત્રોએ જણાવ્યું હતું.

અલ ફલાહ યુનિવર્સિટીની અંદર ડોક્ટર ઉમરનો કોઈ હેન્ડલર હતો કે કેમ એ વિશે પણ તપાસ થઈ રહી છે કેમ કે યુનિવર્સિટીમાં ઉમરને ખાસ સુવિધા મળતી હતી અને તેની સાથે સૌથી વધુ સારું અને વ્યવસ્થિત વર્તન કરવામાં આવતું હતું. ૨૦૨૩માં કોઈ રજા લીધા વિના ડોક્ટર ઉમર છ મહિના સુધી ગેરહાજર રહ્યો હતો પરંતુ કોઈ પગલાં લેવાયો નહોતા. તેને હોસ્પિટલમાં મોટાભાગે સાંજે કે રાતની સિફ્ટમાં જ ફરજ આપવામાં આવતી હતી અને લેક્ચરમાં પણ એ ૧૫થી ૨૦ મિનિટ જ રોકાતો હતો અને તેના રૂમમાં પાછો ચાલ્યો જતો હતો. લેક્ચર આપનારા પ્રોફેસર હોય એ સામે પણ વાંધો લીધો હતો.

હરિયાણાના નુહ ખાતે અન્ય સાત લોકોની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે જેમને ઉમર સાથે સંપર્ક હોવાની શંકા છે. આ વિવાદને કારણે અલ ફલાહ હોસ્પિટલમાં આવનારા દર્દીઓની સંખ્યામાં પણ ભારે ઘટાડો થયો છે અને દરરોજ ઓપીડીમાં ૨૦૦ દર્દી આવતા હતા હવે એક સુધી પણ ઓછા આવે છે.

અમેરિકી કોંગ્રેસે એપ્સટિન ફાઈલો જાહેર કરવા માટે બિલ પસાર કર્યું : આ બિલ હસ્તાક્ષર માટે ટ્રમ્પને મોકલ્યું

૧૮ નવેમ્બરના રોજ અમેરિકી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે એપ્સટિન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટને ૪૨૭-૧ના જંગી માર્જિનથી પસાર કર્યો છે

(એજન્સી) તા.૨૦

યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે એપ્સટિન ફાઈલ્સ ટ્રાન્સપરન્સી એક્ટને ૪૨૭-૧ના જંગી માર્જિનથી પસાર કર્યો, જેનાથી ન્યાય વિભાગ (DOJ)ને સ્વર્ગસ્થ દોષિત બાળ લૈંગિક અપરાધી જેફરી એપ્સટિન સાથે જોડાયેલા અવર્ગીકૃત રેકોર્ડ, સંદેશાવ્યવહાર અને તપાસ સામગ્રી પ્રકાશિત કરવાની ફરજ પડશે. સેનેટે સર્વસંમતિ આપી અને આ બિલને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ડેસ્ક પર સહી માટે ટ્રાન્સમિશન કરવાની ખાતરી આપી છે. કાયદામાં એવી જોગવાઈ છે કે, DOJએ અમલમાં આવ્યાના ૩૦ દિવસની અંદર દસ્તાવેજોને શોધી શકાય તેવા અને ડાઉનલોડ કરી શકાય તેવા ફોર્મેટમાં ઉપલબ્ધ કરાવવા પડશે.

તે ફક્ત એવા કિસ્સાઓમાં જ સંપાદન કરવાની મંજૂરી આપે છે જ્યાં પીડિતોની ઓળખ સુરક્ષિત રાખવી જરૂરી હોય અથવા ચાલુ તપાસ જોખમમાં મૂકાઈ શકે અને શરમ, પ્રતિષ્ઠાને નુકસાન અથવા રાજકીય સંવેદનશીલતા માટે સામગ્રી છૂપાવવા પર સ્પષ્ટપણે પ્રતિબંધ મૂકે છે. આ બિલ પસાર થવાથી વિભાજિત કોંગ્રેસમાં દુર્લભ દ્વિપક્ષીય સર્વસંમતિની ક્ષણ છે. ઘણા કાયદા નિર્માતાઓ અને એપ્સટિનના દુર્વ્યવહારથી બચી ગયેલા લોકોએ લાંબા સમયથી સંપૂર્ણ પારદર્શિતાની માંગ કરી હતી, દલીલ કરી હતી કે, કેસનો જાહેર રેકોર્ડ અપૂર્ણ અને રહસ્યમય રહ્યો છે.

વરિષ્ઠ રિપબ્લિકન નેતૃત્વ અને રાષ્ટ્રપતિ ટ્રમ્પે પોતે આ મામલાને ફ્લોર પર લેવાનો વિરોધ કર્યો હતો. આ વર્ષની શરૂઆતમાં વ્હાઈટ હાઉસે 'ડેમોક્રેટ એપ્સટિન છેતરપિંડી'ના દબાણને ફગાવી દીધું હતું. પરંતુ જેમ જેમ બિલનો ટેકો વધતો ગયો અને રિપબ્લિકન રેન્કમાંથી પક્ષપલટો વધતો ગયો, રાષ્ટ્રપતિએ માર્ગ બદલ્યો અને સંકેત આપ્યો કે, તેઓ આ પગલાં પર હસ્તાક્ષર કરશે. આ કાયદાકીય પરિવર્તનથી તાજેતરના અમેરિકન રાજકીય ઈતિહાસમાં સૌથી વિવાદાસ્પદ ટ્રમ્પ અને એપ્સટિન વચ્ચેનો સંબંધ સામે આવ્યો છે.

સામાજિક અને ભૌગોલિક રીતે બંને પુરૂષો ઓવરલેપિંગ વર્તુળોમાં ફરતા હતા. ૧૯૯૦ અને ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં એપ્સટિન અને ટ્રમ્પ એક જ પામ બીચ અને ન્યૂયોર્કના ઉચ્ચ કક્ષાના સ્થળોએ વારંવાર જતા હતા. ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં ટ્રમ્પને કહેવામાં આવ્યું હતું કે, એપ્સટિન 'એક શાનદાર વ્યક્તિ છે. સાથે રહેવાની ખૂબ મજા આવે છે', જો કે, તેમણે પાછળથી દાવો કર્યો હતો કે, એપ્સટિન ગુનાહિત તપાસનો વિષય બન્યા પછી તેમણે સંબંધો તોડી નાખ્યા હતા.

દરમિયાન તપાસકર્તાઓ અને પત્રકારોએ અહેવાલ આપ્યો છે કે, ફ્લાઈટ-લોગ અને અન્ય સામગ્રીઓ ૧૯૯૦ના દાયકાના મધ્યમાં ટ્રમ્પને એપ્સટિન સાથે સંકળાયેલી ખાનગી ફ્લાઈટ્સ પર દર્શાવે છે, જો કે, એવા કોઈ ચકાસાયેલ પુરાવા નથી કે જાહેરમાં ટ્રમ્પે એપ્સટિનના કુખ્યાત ખાનગી ટાપુની મુલાકાત લીધી હોય અથવા તેમના પર ટ્રાફિકિંગના આરોપો સાથે જોડાયેલા કોઈપણ ખોટા કામનો આરોપ મૂકવામાં આવ્યો હોય.

જુલાઈમાં DOJએ એક મેમો બહાર પાડ્યો જેમાં જણાવાયું હતું કે, એપ્સટિનને બ્લેક-મેઈલ કરી શકાય તેવા શક્તિશાળી વ્યક્તિઓ સાથે જોડતી કોઈ વિશ્વસનીય 'ક્લાયન્ટ સૂચિ' નથી અને પુષ્ટિ આપી હતી કે, એપ્સટિનનું ૨૦૧૯માં કસ્ટડીમાં આત્મહત્યા દ્વારા મૃત્યુ થયું હતું.

વર્ષોથી બચી ગયેલા લોકો અને તપાસ પત્રકારોના વકીલોએ ચિંતા વ્યક્ત કરી છે કે, મહત્ત્વપૂર્ણ પુરાવા દૂર કરવામાં આવ્યા હશે અથવા નાશ કરવામાં આવ્યા હશે - ખાસ કરીને એપ્સટિનના ૨૦૧૯ના મૃત્યુ પછી. કેટલાક પૂર્વ અધિકારીઓએ ખાનગી રીતે સૂચવ્યું છે કે, ટ્રમ્પ વહીવટ દરમિયાન અથવા તે પહેલાં પણ ડેમોક્રેટિક અને રિપબ્લિકન નેતૃત્વ હેઠળ રાજકીય રીતે સંવેદનશીલ નામો અથવા સંદેશાવ્યવહારને દૂર કરવામાં આવ્યા હશે. આ બિલ ભૂતકાળમાં ગુમ થયેલ સામગ્રીને પુનઃસ્થાપિત કરી શકતું નથી, પરંતુ તેના સમર્થકો દલીલ કરે છે કે, હવે પ્રકાશન માટે દબાણ કરવું એ મૂલ્યાંકન કરવાનો એકમાત્ર રસ્તો છે કે, હવે શું બાકી રહ્યું છે અને શું અદૃશ્ય થઈ ગયું છે.

ટ્રમ્પ અને એપ્સટિન વચ્ચેનું જોડાણ મહત્ત્વનું છે કારણ કે, તે ભદ્ર નેટવર્ક્સ, સત્તા, ગુપ્તતા અને જવાબદારી વિશે વ્યાપક પ્રશ્નો છે. એપ્સટિનને નાણાકીય, રાજકારણ અને સેલિબ્રિટીનું વૈશ્વિક વર્તુળ ઊભું કર્યું હતું. ટ્રમ્પના એપ્સટિન સાથેના ભૂતકાળના સામાજિક સંબંધો અંગે અનેક પ્રશ્ન છે. શું હિતોનું જોડાણ હતું? જો કે, ટ્રમ્પ પર ક્યારેય એપ્સટિન સંબંધિત કોઈ ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો નથી.

ટ્રમ્પનું રેટિંગ તેમના કાર્યકાળના સૌથી નીચા સ્તરે : રોઈટર્સ પોલ મુજબ તાજેતરમાં આ ઘટાડો એપ્સટિનને લગતા ખુલાસાઓ પર વધતા રાજકીય દબાણ અને ભાવોમાં સતત વધારા સાથે સુસંગત છે

અમેરિકનોમાં જીવનનિર્વાહના સતત ખર્ચના દબાણ અને સ્વર્ગસ્થ દોષિત જાતીય ગુનેગાર જેફરી એપ્સટિન અંગે નવા રાજકીય તોફાન એ વહીવટીતંત્ર અંગે વધતો જતો અસંતોષ દર્શાવે છે.

ચાર દિવસથી વધુ સમય સુધી હાથ ધરવામાં આવેલા અને સોમવારે સમાપ્ત થયેલા રાષ્ટ્રીય ઓનલાઈન પોલમાં ૧૦૧૭ યુએસ પુખ્ત વયના લોકોનો સર્વે કરવામાં આવ્યો હતો અને તેમાં લગભગ ત્રણ ટકા પોઈન્ટની ભૂલનો માર્જિન છે. રોઈટર્સે અહેવાલ આપ્યો છે કે, નવેમ્બરની શરૂઆતમાં રોઈટર્સ/ઈપ્સોસના સમાન મતદાન પછી ટ્રમ્પનું રેટિંગ બે પોઈન્ટ ઘટી ગયું છે. જ્યારે તેમણે પોતાનો બીજો કાર્યકાળ શરૂ કર્યો, ત્યારે ટ્રમ્પને ૪૭ ટકા મંજૂરી રેટિંગ મળ્યું હતું. જાન્યુઆરીથી નવ-પોઈન્ટનો ઘટાડો તેમને તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન નોંધાયેલા સૌથી નીચા સ્તરની નજીક છે અને તેમનો ટેકો ઘટીને ૩૩ ટકા થયો હતો. આ તાજેતરનો ઘટાડો એપ્સટિન સંબંધિત ખુલાસાઓ પર વધતા રાજકીય દબાણ સાથે સુસંગત છે. મંગળવારે રિપબ્લિકન-નિયંત્રિત હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે જબરદસ્ત મતદાન (૪૨૭-૧) દ્વારા ન્યાય વિભાગને એપ્સટિન સાથે જોડાયેલી હજારો ફાઈલો જાહેર કરવાની ફરજ પાડતો કાયદો પસાર કરવા માટે મતદાન કર્યું હતું.

સુરત કોંગ્રેસના પ્રવક્તાને પ્રોટોકોલનો ભંગ અને પક્ષ વિરોધી પ્રવૃત્તિ માટે શહેર પ્રમુખની નોટિસ

પ્રવક્તા કલ્પેશ બારોટે ત્રણ પાનાનો પત્ર લખ્યો, પક્ષ વિરોધી પ્રવૃત્તિ કઈ છે તે જણાવવા પણ પત્રમાં ઉલ્લેખ કરાયો

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૨૦

સુરતમાં પાલિકા અને ગુજરાત સરકાર સામે અનેક વિરોધ કરનારા સુરત શહેર કોંગ્રેસ પ્રવક્તાને શહેર પ્રમુખ દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ શિષ્ટભંગની નોટિસ ફટકારતા સુરત કોંગ્રેસના રાજકારણમાં ગરમાટો આવ્યો છે. હાલમાં સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ કોંગ્રેસના પ્રવક્તા કલ્પેશ બારોટને એક નોટિસ ફટકારી છે. આ નોટિસમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા લાગુ નિયમો અને પ્રોટોકોલના માપદંડનું ઉલ્લંઘન કરવા સાથે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ શિષ્ટભંગની નોટિસ આપવામાં આવી છે. છેલ્લા કેટલાક વખતથી બારોટ રેલવે તથા અન્ય જગ્યાએ શાસકો સામે વિરોધ કરી રહયા છે તેમ છતાં તેમને આપેલી નોટિસ કોંગ્રેસમાં ચર્ચાનો વિષય બની છે. કોંગ્રેસમાં ચાલતી ચર્ચા પ્રમાણે અમિત ચાવડા અને તુષાર ચૌધરીની નિમણુંક થઈ ત્યારે આ ગ્રુપ દ્વારા અભિનંદન આપતા બેનરો લગાવ્યા હતા જેમાં શહેર કોંગ્રેસ પ્રમુખનો ફોટો ન હતો. આ ઉપરાંત છઠ પૂજામાં ઉત્તર ભારત જતા મુસાફરોને સુવિધા આપવામાં આવી હતી તે કાર્યક્રમ પણ કોંગ્રેસના પ્રમુખ વિના થયો હતો. જેના કારણે આ વિવાદ ઊભો થયો હોવાનું જાણવા મળ્યુ છે. આ નોટિસ સામે પ્રવક્તા કલ્પેશ બારોટે ત્રણ પાનાનો પત્ર લખ્યો છે જેમાં તેમની નિમણુંક પ્રદેશે કરી છે તેથી નોટિસ આપી ન શકાય. તેમજ પક્ષ વિરોધી પ્રવૃત્તિ કઈ છે તે જણાવવા પણ પત્રમાં લખ્યું છે. આમ કોંગ્રેસના નવા નેતાઓ જ એકબીજા સામે બાંયો ચઢાવી જુથબંધીને વધુ વકરાવી રહ્યા હોવાની ચર્ચા કોંગ્રેસમાં શરૂ થઈ છે. જોકે આ વિવાદ પ્રદેશ લેવવ સુધી જશે તેવી પણ ચર્ચા ચાલી રહી છે.

૨૪ વર્ષની ઉંમરમાં લૂંટેરી દુલ્હને ૧૫ લગ્ન કર્યા! : બનાસકાંઠાથી લઈ ગીર સોમનાથ સુધી ૧૦ જિલ્લાના યુવકો પાસેથી ૫૨ લાખ પડાવ્યા

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૦

ગુજરાતના અલગ-અલગ જિલ્લામાં યુવકો સાથે લગ્ન કરી પૈસા પડાવનાર લૂંટેરી દુલ્હન ટોળકીને મહેસાણા પોલીસે ઝડપી પાડી છે. આરોપીની પૂછપરછ દરમિયાન પોલીસ પણ ચોકી ઉઠી હતી. ગેંગમાં જે ચાંદની નામની યુવતી ઝડપાઈ છે. તેણે માત્ર ૨૪ વર્ષની ઉંમરમાં ૧૫ લગ્ન કર્યા હોવાનો ખુલાસો થયો છે. તમામ લોકો પાસેથી રોકડ અને દાગીના મળી ૫૨ લાખ રૂપિયા પડાવાયા હતા. મહેસાણા પોલીસે ચાંદનીની સાથે અન્ય એક યુવતીને પણ ઝડપી પાડી છે તેને પણ ચાર લગ્ન કર્યા હોવાની વિગતો મળી છે. લગ્ન માટે કન્યાની તલાશ કરતા યુવકોને આ ટોળકી શોધી કાઢતી હતી. ત્યારબાદ ચોક્કસ રકમ લઈ યુવતીના તેની સાથે લગ્ન કરવામાં આવતા. લગ્નના થોડા જ દિવસોમાં યુવતી ત્યાંથી રફુચક્કર થઈ જતી. યુવક દ્વારા જ્યારે આ મામલે ફોન કરવામાં આવે અને પૈસા પરત માગવામાં આવે તો દુષ્કર્મ કેસમાં ફીટ કરવાની ધમકી આપતા. આ ગેંગનો ભોગ બનેલા યુવકોમાં બહુચરાજીનાં આદીવાડાનો એક યુવાન પણ સામેલ છે. જેની ફરિયાદનાં આધારે પોલીસે આ ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ દિવાડાના મહેશ (નામ બદલેલ છે)નામના યુવકના ૧૨ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ અમદાવાદની ચાંદની રમેશભાઈ રાઠોડ સાથે લગ્ન થયા હતા. લગ્ન પહેલાં અને લગ્ન વખતે આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂપિયા પાંચ લાખ, સોના-ચાંદીના દાગીના, કપડાં અને મોબાઈલ ફોન મેળવ્યા હતા. લગ્નના માત્ર ચાર દિવસ બાદ જ ચાંદનીના કથિત બનેવી રાજુભાઈ ઠક્કર આદીવાડા ગામે આવ્યા અને ચાંદનીના પિતા બીમાર હોવાનું કહી તેણીને પોતાની સાથે લઈ ગયા હતા.

સુરત મનપાના ટેક્નિકલ આસિ.ને ફોન કરી લાજપોર જેલમાં દીકરાની સુવિધા માટે ૧૫ હજારની માંગણી

પૈસા નહીં આપતા દીકરાને કાળ કોટડીમાં પુરી સમયસર જમવાનું નહીં આપવાની ધમકી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૦

શહેરના કતારગામ વિસ્તારમાં રહેતા અને સુરત મહાનગર પાલિકામાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કર્મીએ જહાંગીરપુરા પોલીસ મથકમાં અજાણ્યા વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે અજાણ્યા વ્યક્તિએ તેમને ફોન કરી તેમનો દીકરો લાજપોર જેલમાં આવ્યો છે અને તેમને ટિફિન તથા બિસ્તરની વ્યવસ્થા કરવા માટે રૂપિયા ૧૫,૦૦૦ ની માંગણી કરી હતી અને જો પૈસા નહી આપે તો તેના છોકરાને કાળ કોટરીમાં નાખી દઈશ તેવી ધમકી આપી હતી. જેથી આખરે પોલીસે તેમની ફરિયાદના આધારે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૂળ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના વતની અને સુરતના કતારગામ વિસ્તારમાં ચીકુવાડી ત્રણ રસ્તા પાસે આવેલ સહજાનંદ સોસાયટીમાં રહેતા ૬૧ વર્ષીય કરશનભાઈ મળુભાઈ ડાંગર સુરત મહાનગરપાલિકામાં ટેકનીકલ આસિસ્ટન્ટ તરીકે નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તારીખ ૮/૧૧/૨૦૨૫ના રોજ સાંજે તેઓ જહાંગીરપુરા આસારામ બાપુના આશ્રમમાં બેઠા હતા ત્યારે એક અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો અને ફોન કરનાર વ્યક્તિએ તમારો છોકરો અહીયા લાજપોર જેલ ખાતે આવેલ છે. જેથી તેના ટિફિન અને બીસ્તરની હું વ્યવસ્થા કરી આપીશ એટલે તમને હું ગૂગલ પે નંબર આપું છું તેમાં ૧૫૦૦૦ રૂપિયા મોકલી આપો અને કરસનભાઈએ પૈસા નહીં મોકલતા અજાણ્યા વ્યક્તિએ ફોન કરી એકદમ ઉશ્કેરાઈ જઈ તારા છોકરાને કાળ કોટરીમાં નાખી દઈશ અને તારા છોકરાને ટાઈમ પર ખાવાનું નહીં આપું તેમ કહીને ધમકી આપી હતી. જેથી આખરે ભોગ બનનાર કરસનભાઈએ ગતરોજ જહાંગીરપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા વ્યક્તિ સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લસકાણામાં વેપારીના આપઘાત કેસમાં, પાર્ટનરે ગાંજો વેચવા માટે દબાણ કરી માર મારતા વેપારીએ જીવન ટૂંકાવ્યું

પોલીસે માથાભારે વિજય સામંત સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી મોડી રાત્રે ધરપકડ કરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૦

શહેરના લસકાણા વિસ્તારમાં રહેતો અને પાનનો ગલ્લો પાર્ટનરમાં ચલાવતા યુવકને તેના જ પાર્ટનરે ગાંજો વેચવા માટે દબાણ કરતો હતો પરંતુ તેમણે ગાંજો વેચવાની ના પાડતા પાર્ટનરે તેને માનસિક ત્રાસ આપી હેરાન પરેશાન કરવાનું ચાલુ કર્યું હતું. એટલું જ નહી પરંતુ એટલી હદ સુધી હેરાન કર્યો હતો કે તેમને આત્મહત્યા કરવા મજબૂર કરી દીધો હતો. જેના કારણે વેપારીએ ઘરમાં અનાજમાં નાખવાની દવા ગટગટાવી લઈ આપઘાત કરી લેતા તેની માતાએ લસકાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મૃતક યુવકના પાર્ટનર સામે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે મૂળ અમરેલી જિલ્લાનાસાવરકુંડલા તાલુકાના વતની અને સુરતમાં લસકાણા ખાતે આવેલ શ્યામધામ મંદિર પાસે આવેલ પંચવટી સોસાયટીમાં રહેતા ગોવિંદભાઈ બોરડનો પુત્ર જગદીશ લસકાણા વિસ્તારમાં આવેલ શુભમ ઈન્ડસ્ટ્રીમાં પાનનો ગલ્લો ચલાવતો હતો. જગદીશ આ પાનના ગલ્લામાં માત્ર ૨૫%નો પાર્ટનર હતો પરંતુ તેમની સાથે કામરેજના ખડસદમાં રહેતો અને માથાભારે તરીકે છાપ ધરાવતો વિજય સામત ૭૫%નો પાર્ટનર હતો. વિજય સામત અવારનવાર જગદીશને પાનના ગલ્લા પર ગાંજો વેચવા માટે દબાણ કરી માનસિક ત્રાસ આપતો હતો પરંતુ જગદીશએ વાત નહીં માનતા માથાભારે વિજય સામતે તેને માર પણ માર્યો હતો અને એલફેલ ગાળો આપી મરવા માટે મજબૂર કર્યો હતો. જેથી આખરે ભોગ બનનાર જગદીશએ તારીખ ૧૯/૧૧/ ૨૦૨૫ના રોજ ઘરે આવી અનાજમાં નાખવાની દવા ગટગટાવી લઈ આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે તેમની માતા રસીલાબેને લસકાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વિજય સામત સામે આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી મોડી રાત્રે પોલીસે તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા નજીક દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર સતત બીજા દિવસે અકસ્માત : બેનાં મોત, બે ઘાયલ

અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ વળી ગયો

(સંવાદદાતા દ્વારા) વડોદરા તા.૨૦

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર છેલ્લા બે દિવસમાં સતત બે અકસ્માતના બનાવ નોંધાયા છે. તાજેતરમાં રોડ પર કામગીરી કરતા શ્રમિકોને કાર ચાલકે અડફેટે લેતા ૨નાં મોત નિપજયાં હતાં. જ્યારે બીજા અકસ્માતમાં ટ્રક પાછળ કાર ઘૂસી જતા કારમાં સવાર ચાર પૈકી બે લોકોના ઘટના સ્થળ પર મોત નિપજયાં હતાં. જ્યારે અન્ય બેને ઈજાઓ થતા પાદરા સીએસસીમાં સારવાર માટે ખસેડાયાં છે. અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. મૃતકોના પીએમ પાદરા સીએચસી ખાતે કરાવવામાં આવ્યા છે. તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

તાજેતરમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર ગોઝારો અકસ્માત સર્જાતા ૨ શ્રમિકોનાં મોત થયાં હતા. પાદરાના સરસવણી ગામ નજીક હાઈવે પર ૫ શ્રમિકો કામ કરતા હતા. તે દરમિયાન કારચાલક ડ્રેક્ટરે ૫ શ્રમિકને અડફેટે લેતાં બેના ઘટના સ્થળ પર મોત થયાં છે. જ્યારે ૩ લોકોનો આબાદ બચાવ થયો છે. જ્યારે આ અકસ્માતની વાતો લોકોના મોઢા પરથી સુકાઈ નથી ત્યાં તો દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ફરી અકસ્માત સર્જાયો છે. લક્ષ્મીપુરા ગામ પાસે ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં આગળ ચાલતી ટ્રકમાં કાર પાછળથી ઘુસી ગઈ હતી. જેના પગલે હાઈવે પર લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા. દરમિયાન કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા ડોક્ટર તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી આવ્યાં હતા. બીજી તરફ અકસ્માતની જાણ થતા તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ પણ દોડી ગઈ હતી અને કાર્યવાહી શરૂ કરી છે. અકસ્માતના પગલે કારનો કચ્ચર ઘાણ નીકળી ગયો હતો. કારમાં સવાર બે લોકોના ગંભીર ઈજાઓ થવાના કારણે ઘટના સ્થળ પર મોત નિપજયાં હતાં. ત્યારે બંને મૃતકોને હાલ પાદરા સીએસસી ખાતે પોસ્ટમોર્ટમ ખાતે લઈ જવામાં આવ્યા છે. જ્યારે અન્ય બે ઈજાગ્રસ્ત લોકોની સારવાર પણ કરવામાં આવી રહી છે. સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ સુરતના કતારગામ રહેતા મેહુલભાઈ જંયતિભાઈ ગલાણી, અશ્વિન પુરૂષોત્તમભાઈ પટેલ (રહે. સુરત) પ્રશાંતભાઈ પ્રવીણચંદ્ર ઘામેચા (રહે. અમરોલી, સુરત) તથા ઉમેશભાઈ નારાયણભાઈ વિરાણી (રહે. વેલેન્ઝા, ઉમરા, સુરત) કારમાં બેસીને હાઈવે પરથી પસાર થતા હતા ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો અને બે લોકો ગંભીર ઈજાના પગલે સ્થળ પર મોતને ભેટ્યાં હતાં.

(તસવીર : અતિક શેખ, વડોદરા)

ડિજિટલ એરેસ્ટમાંથી વૃદ્ધને બચાવવા સુરત સાયબર ક્રાઈમનું રેસ્ક્યું ઓપરેશન

૭૨ કલાકથી કેદ સુરત મનપાના નિવૃત્ત એન્જિ.ને ૪૬ લાખ ટ્રાન્સફર કરાવતા બચાવ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૦

સુરતમાં પોતાના જ ઘરમાં ૭૨ કલાક સુધી વીડિયો કોલ પર 'ડિજિટલ અરેસ્ટ'માં રહેલા સુરત મનપાના નિવૃત્ત એક્ઝિક્યુટિવ એન્જિનિયર અમિત દેસાઈને સુરત સાયબર ક્રાઈમ પોલીસે ફિલ્મી અંદાજમાં રેસ્ક્યુ કરી તેમની જીવનભરની કમાણીના ૪૬ લાખ બચાવી લીધા. આ ઘટનાની શરૂઆત સોમવારે બપોરે થઈ હતી. વર્ષ ૨૦૨૨માં નિવૃત્ત થયેલા અમિત દેસાઈ મે મહિનામાં જ કેનેડાથી પરત ફર્યા હતા. તેમને એક અજાણ્યા લોકલ નંબર પરથી ફોન આવ્યો. ફોન કરનારે પોતાની ઓળખ પોલીસ અને CBI અધિકારી તરીકે આપી હતી અને વૃદ્ધને કહ્યું કે, ''તમારા આધાર કાર્ડ અને બેન્ક એકાઉન્ટનો ઉપયોગ મની લોન્ડરિંગમાં થયો છે. કુખ્યાત આરોપી નરેશ ગોયલ સામે જે રેડ કોર્નર નોટિસ જાહેર થઈ છે, તેમાં ૪૫ કરોડના ફ્રોડમાં તમારા દસ્તાવેજો વપરાયા છે. અમિત દેસાઈ આ અંગે કઈ પ્રતિક્રિયા આપે કે કઈ સમજે તે પહેલાં જ તેમના મોબાઈલ પર SBI અને CBIના લેટરપેડ પર લખેલા બોગસ ડોક્યુમેન્ટ્સ અને વોરંટનો મારો ચલાવવામાં આવ્યો હતો. એક નિવૃત્ત અને સન્માનિત અધિકારી માટે આ આઘાતજનક હતું. સાયબર ઠગાઈ કરનારાઓએ એટલી સિફતથી જાળ બિછાવી હતી કે, અમિતભાઈને વિશ્વાસ આવી ગયો કે, તે ખરેખર મુસીબતમાં ફસાયા છે. સોમવાર બપોરથી શરૂ થયેલું આ નાટક સતત ૭૨ કલાક સુધી ચાલ્યું. આ દરમિયાન અમિત દેસાઈને 'ડિજિટલ અરેસ્ટ' પણ કરવામાં આવ્યા. સાયબર માફિયાઓ દ્વારા તેમને વીડિયો કોલ ચાલુ રાખીને જ રહેવાની ફરજ પાડવામાં આવી હતી. પીડિત વૃદ્ધને ડરાવવા માટે એક વર્ચ્યુઅલ કોર્ટ રૂમનું વાતાવરણ ઊભું કર્યું હતું. વીડિયો કોલ પર અમિતભાઈને દેખાતુ હતુ કે, સામે જજ બેઠા છે, બે વકીલો દલીલ કરી રહ્યા છે, બેંકના મેનેજર હાજર છે અને CBIના અધિકારીઓ પણ કોર્ટ રૂમમાં છે. આ બધું જ નાટક હતું પરંતુ, તે એટલું વાસ્તવિક લાગતું હતું કે અમિતભાઈ ડરી ગયા. આ ડરને વધારવા માટે સાયબર માફિયાઓએ નકલી કોર્ટમાં એક અન્ય આરોપીને ૯૦ દિવસની જેલની સજા ફટકારી અને વૃદ્ધને કહેવામાં આવ્યું કે, ''જો તમારે જેલ નથી જવું, તો સહકાર આપવો પડશે.'' આ દૃશ્યો જોઈને અમિત દેસાઈ ફફડી ઉઠ્યા હતા. જ્યારે બુધવારે સાયબર માફિયાઓએ અમિત દેસાઈ પાસે તેમની તમામ પ્રોપર્ટી અને બેંક બેલેન્સ ખાલી કરીને ૪૬ લાખ રૂપિયા RBIના નામે આપેલા એકાઉન્ટમાં જમા કરાવવાનું દબાણ કર્યું. આ સમયે અમિતભાઈને શંકા ગઈ અને હિંમત કરીને પોતાના ભાઈને જાણ કરી અને તેમના ભાઈએ તુરંત જ સુરત સાયબર સેલનો સંપર્ક કર્યો. સાયબર સેલના ડીસીપી નિશાપ્પા જૈનની સૂચનાથી પોલીસની એક ટીમ તાત્કાલિક અમિત દેસાઈના ઘરે પહોંચી. જ્યારે પોલીસ દરવાજામાં પ્રવેશી ત્યારે અમિત દેસાઈ તે જ 'વિજય ખન્ના' નામના સાયબર માફિયા સાથે વીડિયો કોલ પર હતા. પોલીસ અધિકારીઓએ ધીમેથી રૂમમાં પ્રવેશ કર્યો અને આખી બાજી પલટી નાખી. પોલીસ અધિકારી જ્યારે અમિતભાઈની બાજુમાં પહોંચ્યા ત્યારે સાયબર માફિયા (વિજય ખન્ના)ને કંઈક અજુગતું લાગ્યું. તેણે અમિતભાઈને પૂછ્યું, ''તમારી આજુબાજુ કોણ છે?'' આ સાંભળતા જ સાયબર સેલના અધિકારીએ અમિતભાઈના હાથમાંથી મોબાઈલ આંચકી લીધો અને કેમેરો પોતાની તરફ ફેરવી દીધો. પોલીસની કામગીરીથી રાહત અનુભવતા અમિત દેસાઈએ પોતાની આપવીતી વર્ણવી હતી.

લાલ કિલ્લા વિસ્ફોટની તપાસ : અલ-ફલાહ યુનિવર્સિટીના વધુ ત્રણ ડોક્ટર અને એક મૌલવીની અટકાયત કરતી NIA

(એજેન્સી) નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીના લાલ કિલ્લા પાસેના મેટ્રો સ્ટેશનના દરવાજે થયેલા વિસ્ફોટની તપાસ આગળ વધી રહી છે અને ગુરૂવારે NIA દ્વારા વધુ ચાર આરોપીઓને દિલ્હી કોર્ટમાં રજૂ કર્યા હતા અને એવી દલીલ કરી હતી કે, આ ચારેય આરોપીઓએ ધડાકામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પુલવામાના ડૉ.મુઝમ્મિલ શકીલ ગનઈ, અનંતનાગના ડૉ.અદીલ અહેમદ રાથર, જમ્મુ અને કાશ્મીરના શોપિયાં વિસ્તારના મુફ્તી ઈરફાન અહેમદ વાગે તથા યુપીના લખનૌના ડૉ.શાહીન સઈદને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ચારેય આરોપીઓને NIA દ્વારા ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અંજુ બજાજ ચાંદનાની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને પૂછપરછ માટે વધુ રિમાન્ડની માગણી કરવામાં આવે તેવી શક્યતા છે. ગુરૂવારે NIA દ્વારા દિલ્હી વિસ્ફોટ બારામાં એક મૌલવી અને ત્રણ તબીબની ધરપકડ કરવામાં આવી હતી અને આજે જ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અગાઉ પોલીસે એમની ધરપકડ કરી અને પછી એમનો કબજો સોંપવામાં આવ્યો હતો.

ગાંધીધામમાં ફૂડ મેળાના વિરોધ બાદ કેથોલિક સ્કૂલને માફી માંગવાની ફરજ પડી

● શાળાના પરિસરમાં કાચું માંસ વેચાતું હોવાનો દાવો ખોટો ● સામાન્ય રીતે નિયમિત ખાણી પીણીના સ્થળોએ માંસાહારી ખોરાક ઉપલબ્ધ હોય છે, ત્યારે મેળામાં લોકોની વિનંતી પર શાકાહારી અને માંસાહારી બંને વિકલ્પોનો સમાવેશ કરવાનો હેતુ હતો : સુત્ર

અમદાવાદ, તા.૨૦

કચ્છ જિલ્લાના ગાંધીધામની માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં રવિવારે, ૯ નવેમ્બરના રોજ સેન્ટ થોમસ કેથોલિક ચર્ચ દ્વારા આયોજિત ફૂડ મેળાની તપાસ કરવામાં આવી, જેમાં ૧૦ નવેમ્બર, સોમવારના રોજ શાળાના પરિસરમાં કાચું માંસ વેચાતું હોવાનો ખોટો દાવો બહાર આવ્યો. મંગળવાર, ૧૧ નવેમ્બરના રોજ, જ્યારે VHP અને ABVP સાથે જોડાયેલા હોવાનો દાવો કરતા લગભગ ૪૫-૫૦ લોકોનું ટોળું 'જય શ્રી રામ'ના નારા લગાવતા પ્રિન્સિપાલની ઓફિસમાં ઘૂસી ગયું ત્યારે તણાવ વધ્યો. કેથોલિક કનેક્ટ સાથે વાત કરતા, એક અધિકૃત સૂત્રએ સમજાવ્યું કે ચર્ચે માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ફૂડ મેળાનું આયોજન કર્યું હતું કારણ કે ચર્ચ પાસે આવા કાર્યક્રમો માટે પૂરતી જગ્યા નથી. કાર્યક્રમના દિવસે, રમતોના કાઉન્ટર સાથે ૧૩ શાકાહારી કાઉન્ટર અને ૩-૪ માંસાહારી કાઉન્ટર સ્થાપિત કરવામાં આવ્યા હતા. શાકાહારી ખોરાક અને માંસાહારી ખોરાકના કાઉન્ટર ૧૦૦ મીટરના અંતરે હતા. માંસાહારી વસ્તુઓમાં પ્રોન બિરયાની, ચિકન બિરયાની, મટન બિરયાની અને બ્રેડ ઓમેલેટનો સમાવેશ થાય છે. ફૂડ મેળામાં ૨૦થી વધુ શાકાહારી વસ્તુઓ પણ વેચાઈ હતી. સૂત્રએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કાર્યક્રમના દિવસે કોઈ સમસ્યા નહોતી. સોમવાર, ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, એક સ્થાનિક અખબારના અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે જે શાળા 'વિદ્યા મંદિર' તરીકે માનવામાં આવતી હતી તેમાં માંસ વેચાઈ રહ્યું હતું. અખબારના અહેવાલમાં કાચું માંસ વેચાઈ રહ્યું હોવાનું બહાર આવ્યું હતું. જોકે, સૂત્રએ સ્પષ્ટતા કરી હતી કે ફૂડ મેળામાં વિવિધ લોકો દ્વારા તેમના ઘરોમાં તૈયાર કરાયેલ પ્રોન બિરયાની, ચિકન બિરયાની, મટન બિરયાની અને બ્રેડ ઓમેલેટ જેવા રાંધેલા ખોરાક જ વેચાણ માટે રાખવામાં આવ્યા હતા. સૂત્રએ એક મીડિયા માધ્યમને જણાવ્યું હતું કે, જિલ્લાના નિયમિત ખાણીપીણીના સ્થળોએ માંસાહારી ખોરાક સામાન્ય રીતે ઉપલબ્ધ હોય છે. તેમણે ઉમેર્યું હતું કે મેળામાં લોકોની વિનંતી પર શાકાહારી અને માંસાહારી બંને વિકલ્પોનો સમાવેશ કરવાનો હેતુ હતો, અને કોઈપણ મૂંઝવણ ટાળવા માટે પ્રવેશદ્વાર પર સંપૂર્ણ મેનુ સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવામાં આવ્યું હતું, જેમાં કિંમતો અને દરેક કાઉન્ટરની વિગતો હતી. સૂત્રના જણાવ્યા અનુસાર, 'કેટલાક લોકો એવું માનતા હતા કે 'ફૂડ મેળા' શબ્દનો અર્થ સંપૂર્ણપણે શાકાહારી હશે, અને તે જ જગ્યાએ ગેરસમજ ઊભી થઈ.' VHP અને ABVPના સભ્યો મંગળવાર, ૧૧ નવેમ્બરના રોજ શાળામાં આવ્યા હતા અને વિરોધ કર્યો હતો અને કેમ્પસમાં માંસાહારી ખોરાક કેમ પીરસવામાં આવ્યો છે તે અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. ટોળાએ પ્રતિકૂળ અને ડરાવનારૂં વર્તન કર્યું હતું અને પ્રિન્સિપાલ, એક સાધ્વી, ને ઘેરી લીધા હતા અને તેમને શાળાના કોઈપણ શિક્ષક સાથે વાત કરવા દીધી ન હતી. પ્રિન્સિપાલ દ્વારા તેમની ચિંતાઓનો એક પછી એક ઉકેલ લાવવા માટે વારંવાર વિનંતી કરવા છતાં, ટોળાએ સાંભળ્યું નહીં અને ખૂબ જ આક્રમક રહ્યા જેના કારણે શાળાના અધિકારીઓને પોલીસની મદદ લેવી પડી. પ્રદર્શનકારીઓએ શાળાના પ્રિન્સિપાલ અને સ્ટાફ પર શાળાના ઓફિસમાં ત્રણથી ચાર કલાકથી વધુ સમય સુધી દબાણ કર્યું. જોકે આચાર્યએ સમાજના અમુક વર્ગોની લાગણીઓને ઠેસ પહોંચી હોય તો તેમણે દિલગીરી વ્યક્ત કરી હતી, પરંતુ લોકોના ટોળાએ માંગ કરી હતી કે શાળાના આચાર્ય માફી પત્ર જારી કરે અને તેમના પદ પરથી રાજીનામું આપે. દબાણ હેઠળ, આચાર્યને આખરે લોકોના ટોળા દ્વારા ગુજરાતીમાં લખાયેલ લેખિત માફી પત્ર જારી કરવાની ફરજ પડી હતી. આચાર્યને માફી પત્ર સોંપતી વખતે લોકોના ટોળા સાથે ફોટો પડાવવાની પણ ફરજ પડી હતી.

એસ.બી.આઈ. રાજપીપળામાં રૂા.૧.૯૩ કરોડનું મહાકૌભાંડ : પૂર્વ કેશ ઓફિસરે એટીએમમાં રોકડ જમા ન કરાવી, બદલી થતાં ભાંડો ફૂટ્યો!

સિસ્ટમમાં રૂા.૧.૯૩ કરોડનો રેકોર્ડ પણ તિજોરી ખાલી; મેનેજરે ચોખવટ માટે ફોન કર્યો તો અધિકારીએ મોબાઈલ સ્વિચ ઓફ કરી દીધો

(સંવાદદાતા દ્વારા) રાજપીપળા, તા.૨૦

રાજપીપળા એસ.બી.આઈ.ની મુખ્ય બ્રાન્ચમાં ફરજ બજાવતા એક પૂર્વ કેસ ઓફિસર સામે બેંક મેનેજરે કરોડો રૂપિયાની ઉચાપતની ગંભીર ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. આ અધિકારીની બદલી છોટાઉદેપુર જિલ્લાના નસવાડી શાખામાં થતાં જ રાજપીપળાના વિવિધ એટીએમમાંથી કુલ રૂા.૧,૯૩,૫૫,૩૦૦ની રોકડ ગાયબ હોવાનો મોટો ભાંડો ફૂટ્યો છે. ફરિયાદમાં જણાવાયા મુજબ, રાજપીપળા એસ.બી.આઈ.ની મુખ્ય શાખામાં મેનેજર તરીકે ફરજ બજાવતા વિશાલ કૈલાશ સોનીએ પોલીસ સમક્ષ સમગ્ર મામલો રજૂ કર્યો હતો. કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે એસ.બી.આઈ.ના આંતરિક વોટ્સએપ ગ્રુપમાં સંતોષ ચાર રસ્તા ખાતેનું એટીએમ 'આઉટ ઓફ સર્વિસ' હોવાનો મેસેજ આવ્યો. હાલના કેસ ઓફિસરે તપાસ કરતા આ એટીએમમાં સિસ્ટમમાં રૂા.૨૩,૨૭,૮૬૦ બતાવતા હતા, જ્યારે વાસ્તવિકતામાં માત્ર રૂા.૪,૩૮,૦૦૦ જ મળી આવ્યા હતા. આ અસામાન્ય તફાવતને પગલે જ્યારે અન્ય એટીએમની ચકાસણી કરવામાં આવી, ત્યારે આંખો પહોળી કરી દે તેવા તથ્યો સામે આવ્યા. એક અન્ય એટીએમમાં સિસ્ટમ મુજબ રૂા.૪૦,૮૮,૩૦૦ હોવા છતાં રૂા. ૯,૫૩,૮૦૦ જ મળ્યા હતા. વધુમાં, સ્ટેશન રોડના એટીએમમાં સિસ્ટમમાં રૂા.૩૯,૯૮,૫૦૦ હોવા સામે માત્ર રૂા.૨,૬૦૦ અને પોઇચા ખાતેના એટીએમમાં સિસ્ટમમાં રૂા.૫૧,૬૪,૪૦૦ સામે માત્ર રૂા.૩,૭૦૦ની રોકડ મળી હતી. તમામ એટીએમની આ વિસંગતતા જોતાં મેનેજર વિશાલ સોનીએ ૧૪/૧૧/૨૦૨૫ સુધીના તમામ વ્યવહારોની ઊંડાણપૂર્વક તપાસ કરી. આ તપાસમાં એ સ્પષ્ટ થયું કે સિસ્ટમમાં કુલ રૂા.૧,૯૩,૫૫,૩૦૦ બતાવવા છતાં ભૌતિક રીતે આટલી રોકડ ઉપલબ્ધ નહોતી. મેનેજરે આ મામલે અગાઉના કેસ ઓફિસર બાંગબોય દેબદાસ ચક્રવર્તી (જેમની બદલી ૨૭/૧૦/૨૦૨૫ના રોજ નસવાડી થઈ હતી)નો સંપર્ક સાધ્યો હતો. ચક્રવર્તીએ શરૂઆતમાં 'ટેકનિકલ પ્રોબ્લેમ' હોવાનું જણાવી વાત ટાળી હતી. જો કે, જ્યારે મેનેજરે વધુ ચોખવટ માટે ફોન કર્યો ત્યારે ચક્રવર્તીએ પોતાનો મોબાઈલ સ્વિચ ઓફ કરી દીધો હતો અને તેઓ રાજપીપળા બ્રાન્ચ પર ખુલાસો આપવા પણ આવ્યા નહોતા. બાંગબોય દેબદાસ ચક્રવર્તીએ ૨૫/૭/૨૦૨૨ થી ૨૭/૧૦/૨૦૨૫ દરમિયાન રાજપીપળા એસબીઆઈમાં કેસ ઓફિસર તરીકેની ફરજ દરમિયાન આ આર્થિક ગેરરીતિ આચરી હોવાનું સામે આવ્યું છે. સિસ્ટમમાં ખોટા રેકોર્ડ ઊભા કરીને રૂા.૧.૯૩ કરોડથી વધુની ઉચાપત કરવા બદલ બેંક મેનેજરે તેમની વિરૂદ્ધ રાજપીપળા પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે, જેના પગલે પોલીસે હ

ભાજપે મમતા બેનરજી પર બંગાળમાં 'છેતરપિંડી સાથે બોગસ મતદાર આધાર'ને બચાવવા માટે SIRને રોકવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૨૦

ભાજપે આરોપ લગાવ્યો છે કે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા સામે ફરિયાદ કરી રહ્યા છે અને તે અંગે નાટકનો આશરો લઈ રહ્યા છે કારણ કે, તેમનું રાજકીય અસ્તિત્વ 'છેતરપિંડીથી બનાવેલા' મતદાર આધારને 'રક્ષણ' આપવા પર આધારિત છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સુપ્રીમો બેનરજીએ મુખ્ય

ભાજપના પ્રદીપ ભંડારીએ CECને લખેલા મમતા બેનરજીના પત્રને હતાશાની નિશાની ગણાવી અને આરોપ લગાવ્યો કે, તેઓ TMCના આધારને બચાવવા માટે મતદાર યાદીને યોગ્ય કરવાનું રોકવા માંગે છે

ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને પત્ર લખીને આરોપ લગાવ્યો હતો કે, રાજ્યમાં ચાલી રહેલી ખાસ સઘન સુધારણા (SIR) કવાયત 'અનિયોજિત અને બળજબરીપૂર્વક' હાથ ધરવામાં આવી રહી છે, જેનાથી નાગરિકો અને અધિકારીઓ જોખમમાં મૂકાઈ રહ્યા છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, આ SIR કવાયત 'ચિંતાજનક' અને 'ખતરનાક' તબક્કામાં પહોંચી ગઈ છે અને તેઓએ 'તાત્કાલિક સુધારાત્મક કાર્યવાહી'ની માંગ કરી હતી. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ મુખ્ય ચૂંટણી કમિશનરને લખેલા બેનરજીના પત્રને 'નિરાશાના સંકેતો' ગણાવ્યા હતા અને તેમના પર તેને સત્તામાં રાખનાર ઈકોસિસ્ટમને બચાવવા માટે મતદાર યાદી કવાયતને રોકવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે, SIR કવાયત અટકાવવા માટે મમતા બેનરજીએ ચૂંટણી પંચને પત્ર લખ્યો તે એ સ્વીકાર છે કે, TMCનું ટોચનું નેતૃત્વ ગભરાઈ ગયું છે. વર્ષોથી TMC ગેરકાયદેસર ઘૂસણખોરી અને બોગસ મતદારોથી લાભ મેળવતો હતો. હવે જ્યારે SIR દ્વારા મતદાર યાદી નવી કરવામાં આવી રહી છે અને નકલી એન્ટ્રીઓ દૂર કરવામાં આવી રહી છે, ત્યારે મમતા ગભરાઈ રહી છે. તે નર્વસ છે અને TMC તે જ ઈકોસિસ્ટમને બચાવવાનો પ્રયાસ કરી રહી છે જેણે તેને સત્તામાં રાખી હતી. પશ્ચિમ બંગાળ માટે ભાજપના સહ-પ્રભારી અમિત માલવિયાએ દાવો કર્યો હતો કે, બેનરજી SIR પ્રક્રિયાની ફરિયાદ કરવાનું ચાલુ રાખશે કારણ કે તે જાણે છે કે હવે 'ફાંસો કડક થઈ રહ્યો છે' અને ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં તેણીને હારનો ભય છે. તેમનું રાજકીય અસ્તિત્વ કપટપૂર્ણ અને ગેરકાયદેસર માધ્યમો દ્વારા આવેલા મતદાતા આધારને બચાવવા પર આધારિત છે. ૨૦૨૬માં પશ્ચિમ બંગાળ રાજ્ય માટે મુખ્યમંત્રી પસંદ કરશે. માલવિયાએ જણાવ્યું હતું કે, ભારત સાત દેશો સાથે તેની આંતરરાષ્ટ્રીય જમીન સરહદો ધરાવે છે, જે કુલ ૧૫,૧૦૬.૭ કિ.મી. સુધી ફેલાયેલી છે. આમાંની સૌથી લાંબી સરહદ બાંગ્લાદેશ સાથે છે, જે ૪૦૮૬.૭ કિ.મી. સુધી ફેલાયેલી છે, જે પશ્ચિમ બંગાળ, આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમને સ્પર્શે છે. બીએસએફ આ સમગ્ર વિસ્તારનું રક્ષણ કરે છે, છતાં પશ્ચિમ બંગાળમાં 'ગેરકાયદેસર ઘૂસણખોરીનું ઉચ્ચતમ સ્તર' જોવા મળ્યું છે. માલવિયાએ દાવો કર્યો હતો કે, શાસક ટીએમસીનો આધાર કોલકાતા પ્રેસિડેન્સી ક્ષેત્રમાં જીતેલી બેઠકો પર રહે છે, જેમાં કોલકાતા અને દક્ષિણ અને ઉત્તર ૨૪ પરગણાના ભાગોનો સમાવેશ થાય છે. તેમણે દાવો કર્યો હતો કે, આ એવા વિસ્તારો પણ છે જ્યાં 'મહત્તમ ઘૂસણખોરી અને નકલી મતદારોનું સૌથી વધુ પ્રમાણ' જોવા મળ્યું છે. આ પ્રદેશ સતત ચૂંટણી દરમિયાન વ્યાપક હિંસાનો સાક્ષી છે અને કુખ્યાત ડાયમંડ હાર્બર તેનો એક ભાગ છે.

રાજસ્થાનમાં SIRની કામગીરી કરી રહેલા ચૂંટણી પંચના બે કર્મચારીઓનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ, પરિવારજનોએ કામના દબાણનું કારણ દર્શાવ્યું

મળતા અહેવાલો અનુસાર SIR સુપરવાઈઝર સંતરામ (ઉંમર ૪૫)નું બુધવારે મોડી રાત્રે છાતીમાં દુઃખાવો થયા પછી હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું, તેઓ કરૌલી જિલ્લામાં શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે, SIRની ફરજને કારણે એમના ઉપર કામનું ખૂબ જ દબાણ હતું અને ત્રણ દિવસ પહેલા એમને નોટિસ પણ મળી હતી

(એજન્સી) જયપુર, તા.૨૦

એક અત્યંત આઘાતજનક ઘટનામાં રાજસ્થાનમાં મતદારયાદી સઘન રિવિઝન કવાયતની કામગીરી બજાવી રહેલા એક બીએલઓ અને એક SIR સુપરવાઈઝરનું મૃત્યુ હૃદયરોગના હુમલાથી થયું હોવાનું જાહેર થયું હતું. બીએલઓને હૃદયરોગનો હુમલો આવ્યો તેના પાંચ મિનિટ પહેલા એમને એમના સુપરવાઈઝર તરફથી ફોન આવ્યો હતો. જ્યારે SIR સુપરવાઈઝરને ત્રણ દિવસ પહેલાં નોટિસ મળી હતી.

અહેવાલો અનુસાર એસઆઈઆર સુપરવાઈઝર સંતરામ (ઉંમર ૪૫)નું બુધવારે રાત્રે છાતીમાં દુખાવો થયા પછી હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું હતું. તેઓ કરૌલી જિલ્લામાં એક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે SIRની ફરજને કારણે એમના ઉપર કામનું જબરદસ્ત દબાણ હતું અને ત્રણ દિવસ પહેલા એમને નોટિસ પણ મળી હતી. સંતરામના ભાઈ રાજેન્દ્રસિંહ જણાવ્યું હતું કે, સંતરામને ૧૭મી નવેમ્બરે એમના સુપરવાઈઝર અધિકારી તરફથી નોટિસ મળી હતી અને કામની ગતિ કેમ નથી આવી એ અંગે એમનો ખુલાસો પૂછ્યો હતો. એક તરફથી પરિવારની જવાબદારી અને બીજી તરફ SIRના બોજાને કારણે મારા ભાઈ અત્યંત માનસિક રીતે તનાવવામાં હતા. જ્યારે હરિરામ નામના ૩૪ વર્ષના બીએલઓનું સવાઈ માધો પુરમાં મૃત્યુ થયું હતું. તેઓ પણ શિક્ષક હતા અને પરિવારજનોએ કહ્યું છે કે, એમના મૃત્યુ પહેલા પાંચ મિનિટ પહેલા એમને તહેસીલદારનો ફોન આવ્યો હતો અને તેઓ તરત જ ઢળી પડ્યા હતા. પરિવારજનો એમને હોસ્પિટલ લઈ ગયા હતા પણ તબીબોએ એમને મૃત જાહેર કર્યા હતા. તેમના પિતાએ આક્ષેપ કર્યો હતો કે, SIRની કામગીરી અંગે તહેસીલદાર જયપ્રકાશ રોલન તેમના ઉપર ખૂબ જ દબાણ કરી રહ્યો હતો અને જેના કારણે તેઓ છ દિવસથી માનસિક રીતે હતાશામાં જોવા મળ્યા હતા અને ઘરમાં પણ કોઈની સાથે વાત કરતા નહોતા. તહેસીલદારે કોઈપણ બીએલઓ ઉપર દબાણ હોવાનો આક્ષેપને નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે હરિરામ પણ ખૂબ જ સારી રીતે કામ કરતો હતો. આજે તમામ બિલ બીએલઓને ઉચ્ચ સત્તાવાળાઓ તરફથી કંઈક સૂચનાઓ મળી હતી. અત્રે એ નોંધવું પડે કે ત્રણ દિવસ પહેલા પણ રાજસ્થાનમાં મુકેશકુમાર નામના બીએલઓએ SIR ફરજના દબાણથી આત્મહત્યા કરી લીધી હતી.

નેપાળના વડાપ્રધાન કાર્કીએ તાજેતરની GenZ અને UML કાર્યકરો વચ્ચે અથડામણો પછી રાજકીય ઉશ્કેરણી અંગે ચેતવણી આપી; બારા જિલ્લામાં કર્ફ્યુ લંબાવવામાં આવ્યો

વડાપ્રધાને ૧૧૦થી વધુ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી અને નેપાળના નેતૃત્વમાં પેઢીગત પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, UML કાર્યકરો અને Gen-Z જૂથ વચ્ચે અથડામણ બાદ નેપાળના બારા જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે

(એજન્સી) તા.૨૦

જનરેશન Z ચળવળ અને પૂર્વ શાસક કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ-યુનિફાઈડ માર્ક્સિસ્ટ લેનિનિસ્ટ (CPN-UML) સાથે સંકળાયેલા યુવા વિરોધીઓ વચ્ચે અથડામણ બાદ નેપાળના બારા જિલ્લાના કેટલાક ભાગોમાં બુધવારે લાદવામાં આવેલ કર્ફ્યુ ગુરૂવારે રાત્રે ૮ વાગ્યા સુધી લંબાવવામાં આવ્યો હતો. જિલ્લા વહીવટીતંત્રે જણાવ્યું હતું કે પરિસ્થિતિ વધુ ખરાબ થતી અટકાવવા અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે પ્રતિબંધો અમલમાં રહેશે.

આ બંને જૂથોએ જિલ્લા એરપોર્ટ નજીકના સિમારામાં સમાંતર રેલીઓ યોજી ત્યારે આ તણાવ વધ્યો. ત્યારબાદ તરત જ હિંસા શરૂ થઈ ગઈ, સુરક્ષા દળોએ ભીડને વિખેરી નાખી અને વિસ્તારના મુખ્ય ભાગોમાં કર્ફ્યુ લાગુ કર્યો. પોલીસે બાદમાં જણાવ્યું કે પરિસ્થિતિ સ્થિર છે અને કોઈ ગંભીર ઈજાના અહેવાલ નથી.

સપ્ટેમ્બરમાં યુવા આગેવાની હેઠળના બળવા પછી કેપી શર્મા ઓલી સરકારને ઉથલાવી દીધી હતી. "જનરેશન ઝેડ બળવા" તરીકે ઓળખાતું આ આંદોલન સોશિયલ મીડિયા પર ટૂંકા પ્રતિબંધ પછી ફાટી નીકળ્યું હતું પરંતુ ઝડપથી આર્થિક સ્થિરતા અને ભ્રષ્ટાચારને લઈને મોટા પાયે વિરોધ પ્રદર્શનોમાં વિસ્તર્યું હતું. ૮ અને ૯ સપ્ટેમ્બરના રોજ હિંસક પ્રદર્શનોમાં ઓછામાં ઓછા ૭૬ લોકો માર્યા ગયા હતા, જે દરમિયાન ૭૩ વર્ષીય ઓલીને હાંકી કાઢવામાં આવ્યા અને સરકારી ઈમારતો, અદાલતો અને સંસદ પર હુમલો કરવામાં આવ્યો હતો.

ઓલીની હકાલપટ્ટી પછી નિયુક્ત થયેલા પૂર્વ મુખ્ય ન્યાયાધીશ, વચગાળાના વડાપ્રધાન સુશીલા કાર્કીએ બુધવારે સંયમ રાખવાની અપીલ કરી હતી. રાજકીય નેતાઓને "અનિચ્છનીય ઉશ્કેરણી" સામે ચેતવણી આપતા, તેમણે તમામ પક્ષોને ૫ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાનારી રાષ્ટ્રીય ચૂંટણીઓ પહેલા લોકશાહી પ્રક્રિયાઓનું સન્માન કરવા વિનંતી કરી છે. તેમણે કહ્યું કે, મેં ગૃહ વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓને શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે અત્યંત સંયમ અને તૈયારી સાથે કામ કરવાનો નિર્દેશ આપ્યો છે. કાર્કીએ ૧૧૦થી વધુ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે પણ ચર્ચા કરી, નેપાળના નેતૃત્વમાં પેઢીગત પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે, અમે ઇચ્છીએ છીએ કે આ દેશ નવી પેઢીના હાથમાં હોય અને તેનું સંચાલન દૃષ્ટિ ધરાવતા લોકો દ્વારા કરવામાં આવે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, ગુરૂવારે સવારે સિમારા ચોક ખાતે ભીડ એકઠી થઈ ત્યારે વિરોધ ફરી શરૂ થયો, જેના કારણે પોલીસ કાર્યવાહી અને કર્ફ્યુના આદેશો ચાલુ રાખવા પડ્યા હતા. ૭૩ વર્ષીય કાર્કી હવે આ રાષ્ટ્રમાં જાહેર ગુસ્સો, રાજકીય વિભાજન અને રાજ્ય સંસ્થાઓમાં વ્યાપક અવિશ્વાસના અસ્થિર સંક્રમણમાંથી પસાર કરવાના પડકારનો સામનો કરી રહ્યા છે. આ દરમિયાન, હ્યુમન રાઈટ્સ વોચ (HRW)એ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ યુવા આગેવાની હેઠળના "જનરલ ઝેડ" વિરોધ પ્રદર્શન દરમિયાન નેપાળના સુરક્ષા દળો પર અપ્રમાણસર અને ગેરકાયદેસર બળનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો છે અને સુશીલા કાર્કીના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારને બે દિવસથી વધુ સમય સુધી ચાલેલી હિંસાની સ્વતંત્ર અને સમયમર્યાદા સાથે તપાસ કરવા હાકલ કરી છે.

HRWના એક વિગતવાર અહેવાલમાં, પોલીસે ૮ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨:૩૦થી ૪ વાગ્યાની વચ્ચે કાઠમંડુમાં યુવા પ્રદર્શનકારીઓ પર વારંવાર ગોળીબાર કર્યો, જેમાં એકલા રાજધાનીમાં ઓછામાં ઓછા ૧૭ લોકો માર્યા ગયા હતા. HRWના જણાવ્યા મુજબ, અધિકારીઓએ ચેતવણી વિના ગોળીબાર કર્યો અને ટીયર ગેસથી વિરોધીઓને વિખેર્યા પછી પણ ભારે બળનો ઉપયોગ કર્યો. તે સમયે ભીડ મોટાભાગે શાંતિપૂર્ણ હતી અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ તરીકે ઓળખાતી પોલીસ યુનિટ દ્વારા ડઝનબંધ અટકાયતીઓને કથિત રીતે કસ્ટડીમાં માર મારવામાં આવ્યો હતો. ૯ સપ્ટેમ્બરના રોજ હિંસા વધુ તીવ્ર બની હતી, જ્યારે ટોળાએ પોલીસ સ્ટેશનો પર હુમલો કર્યો, સંસદ અને સુપ્રીમ કોર્ટ સહિત સરકારી ઈમારતોને આગ ચાંપી દીધી અને રાજકારણીઓ અને પત્રકારો પર હુમલો કર્યો હતો. અશાંતિની તપાસ કરી રહેલા ન્યાયિક કમિશનને દેશભરમાં ઓછામાં ઓછા ૭૬ લોકોના મૃત્યુની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે.

લાલ કિલ્લા વિસ્ફોટની તપાસ : અલ-ફલાહ યુનિવર્સિટીના વધુ ત્રણ ડોક્ટર અને એક મૌલવીની અટકાયત કરતી NIA

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીના લાલ કિલ્લા પાસેના મેટ્રો સ્ટેશનના દરવાજે થયેલા વિસ્ફોટની તપાસ આગળ વધી રહી છે અને ગુરૂવારે NIA દ્વારા વધુ ચાર આરોપીઓને દિલ્હી કોર્ટમાં રજૂ કર્યા હતા અને એવી દલીલ કરી હતી કે, આ ચારેય આરોપીઓએ ધડાકામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પુલવામાના ડૉ.મુઝમ્મિલ શકીલ ગનઈ, અનંતનાગના ડૉ.અદીલ અહેમદ રાથર, જમ્મુ અને કાશ્મીરના શોપિયાં વિસ્તારના મુફ્તી ઈરફાન અહેમદ વાગે તથા યુપીના લખનૌના ડૉ.શાહીન સઈદને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ચારેય આરોપીઓને NIA દ્વારા ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અંજુ બજાજ ચાંદનાની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને પૂછપરછ માટે વધુ રિમાન્ડની માગણી કરવામાં આવે તેવી શક્યતા છે. ગુરૂવારે NIA દ્વારા દિલ્હી વિસ્ફોટ બારામાં એક મૌલવી અને ત્રણ તબીબની ધરપકડ કરવામાં આવી હતી અને આજે જ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અગાઉ પોલીસે એમની ધરપકડ કરી અને પછી એમનો કબજો સોંપવામાં આવ્યો હતો.

લાલ કિલ્લા વિસ્ફોટ પછી કાશ્મીરી વેપારીઓ અને વિદ્યાર્થીઓને દેશભરમાં અલગ ચીતરવાની અને ધાકધમકીઓ અપાઈ રહ્યાની સમસ્યાની વણઝાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીના લાલ કિલ્લાના વિસ્ફોટની તપાસ આગળ વધી રહી છે અને અનેક ચાવીરૂપ મુદ્દાઓ જાહેરમાં આવી રહ્યા છે ત્યારે દેશના અનેક વિસ્તારોમાંથી એવા ચિત્રો અને વીડિયો આવી રહ્યા છે જ્યાં કાશ્મીરીઓને હેરાનગતિ અને સતામણી કરવામાં આવી રહ્યા અને દેખાય છે અને એમને ચોક્કસ રીતે આતંકવાદી તરીકે જ ચીતરવામાં આવી રહ્યા છે અને એવી અનેક ફરિયાદો અને અહેવાલો આવી રહ્યા છે. હિમાચલપ્રદેશમાંથી એક નવો વીડિયો આવ્યો છે જેમાં શિયાળા માટેની ગરમ શાલ વેચવા ગયેલા બે કાશ્મીરી વેપારીઓને એક સ્થાનિક વ્યક્તિ ખૂબ જ ખરાબ ભાષામાં અને ઉદ્દન્ડ ભાષામાં વાત કરતો દેખાઈ રહ્યો છે અને કાશ્મીરી વેપારીઓનું અપમાન કરી રહ્યો છે. એ સ્થાનિક નાગરિક કાશ્મીરીઓ સામે ખૂબ જ આકરા શબ્દોનો ઉપયોગ કરતો દેખાય છે અને એમને એવો પૂછી રહેલો દેખાય છે કે, તમને હિમાચલમાં આવવાની પરવાનગી કોણે આપી. સ્થાનિક નાગરિકે પોતે આ વીડિયો ઉતારેલો છે જેમાં એ અહીં વેપાર કરવા આવેલા કાશ્મીરી વેપારીઓને ધમકી આપતો દેખાય છે અને એવી ચેતવણી આપતો દેખાય છે કે, જો તમે અમારી પંચાયતમાં આવવાની હિંમત કરશો તો તમારી બધી ચીજ વસ્તુઓ અમે જપ્ત કરી લેશું. કાશ્મીરીઓ ઉપર આરોપો મૂકતા આ વ્યક્તિ શાલ વેચનારાઓને ધમકાવે છે અને ઉપરથી કહે છે કે, કોઈ મોટો અકસ્માત પણ થઈ શકે છે. આવા લોકોને પોલીસની ચકાસણી વિના રાજ્યમાં આવવા દેવા જોઈએ નહીં.

આ કોઈ એકલદોકલ કે છૂટી છવાઈ ઘટના નથી. સંખ્યાબંધ કાશ્મીરીઓ સતત હેરાનગતિ સહન કરી રહ્યા છે અને ત્રાસવાદી હોવાના આક્ષેપો સહન કરી રહ્યા છે. અનેક કાશ્મીરી વેપારીઓએ ફરિયાદ કરી છે કે, સ્થાનિક નાગરિકો અને અમને મળતા લોકો પણ અમારા સામાનના થેલાની એવી શંકા રાખીને ચકાસણી કરે છે કે, અમારા થેલામાં વિસ્ફોટકો હશે અથવા તો હથિયારો હશે. બળજબરીથી એમના સામાન્ય ચકાસવામાં આવે છે એવી વેપારીઓની ફરિયાદ છે અને ઘણા કાશ્મીરી વેપારીઓએ એવો દાવો પણ કરે છે કે, એમને પંચાયત અને સ્થાનિક પોલીસની પૂર્વ ચકાસણી અને પૂર્વ મંજૂરી વિના છૂટથી હરવા-ફરવા દેવાતા નથી તેના કારણે ભયનું વાતાવરણ ઊભું થાય છે અને એમની હાલત પ્રતિબંધિત થઈ જાય છે. આ પ્રકારે કાશ્મીરીઓને શંકાની નજરે જોવામાં આવી રહ્યાની અને એમની હેરાનગતિ થઈ રહ્યાની દેશભરમાંથી અનેક ફરિયાદો મળ્યા બાદ જમ્મુ અને કાશ્મીર વિદ્યાર્થી સંઘ દ્વારા કાશ્મીરી વિદ્યાર્થીઓ માટે એક તાકીદની એડવાઈઝરી બહાર પાડવામાં આવી છે. કાશ્મીરી વિદ્યાર્થીઓને અચાનક તેમની હોસ્ટેલમાંથી કાઢી મૂકવામાં આવે છે અને ભાડે રાખેલા મકાનોથી પણ કાઢી મૂકવામાં આવી રહ્યા છે. અંગે વિદ્યાર્થી સંઘ દ્વારા ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે અને નિવેદનમાં જણાવ્યું છે કે, દિલ્હી વિસ્ફોટથી થયેલી જાનહાનિનું અમને ખૂબ દુઃખ છે. કાશ્મીરીઓ દ્વારા હંમેશા આતંકવાદ સામે મજબૂતીથી પ્રતિકાર કરવામાં આવ્યો છે. અમે દિલ્હી વિસ્ફોટના મૃતકોના પરિજનો અને ઈજા પામેલાને અમારો સમર્થન વ્યક્ત કરીએ છીએ. ઘણા કાશ્મીરી વિદ્યાર્થીઓને અન્ય રાજ્યોમાં ખૂબ જ આક્રમક રીતે ચકાસણી અભિયાનનો સામનો કરવો પડી રહ્યો છે અને એમને ધમકી ભર્યા સવાલો પૂછવામાં આવે છે અને એમની હોસ્ટેલોમાં પણ જઈને અશાંતિ ઊભી કરવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં તો અગાઉથી નોટિસ અપાયા વિના એમની પાસેથી ભાડેરા રૂમ ખાલી કરી દેવાયા છે જેના કારણે ઘરથી દૂર રહેતા એ વિદ્યાર્થીઓમાં ઊંડી ચિંતા અને ભયની લાગણી પ્રસરી છે. વર્તમાન હવામાનમાં કાશ્મીરી વિદ્યાર્થીઓને એકદમ સતર્ક રહેવા માટે એસોસિએશનને અનુરોધ કર્યો છે.

ગાંધીધામમાં ફૂડ મેળાના વિરોધ બાદ કેથોલિક સ્કૂલને માફી માંગવાની ફરજ પડી

● શાળાના પરિસરમાં કાચું માંસ વેચાતું હોવાનો દાવો ખોટો ● સામાન્ય રીતે નિયમિત ખાણી પીણીના સ્થળોએ માંસાહારી ખોરાક ઉપલબ્ધ હોય છે, ત્યારે મેળામાં લોકોની વિનંતી પર શાકાહારી અને માંસાહારી બંને વિકલ્પોનો સમાવેશ કરવાનો હેતુ હતો : સૂત્ર

અમદાવાદ, તા.૨૦

કચ્છ જિલ્લાના ગાંધીધામની માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં રવિવારે, ૯ નવેમ્બરના રોજ સેન્ટ થોમસ કેથોલિક ચર્ચ દ્વારા આયોજિત ફૂડ મેળાની તપાસ કરવામાં આવી, જેમાં ૧૦ નવેમ્બર, સોમવારના રોજ શાળાના પરિસરમાં કાચું માંસ વેચાતું હોવાનો ખોટો દાવો બહાર આવ્યો. મંગળવાર, ૧૧ નવેમ્બરના રોજ, જ્યારે VHP અને ABVP સાથે જોડાયેલા હોવાનો દાવો કરતા લગભગ ૪૫-૫૦ લોકોનું ટોળું 'જય શ્રી રામ'ના નારા લગાવતા પ્રિન્સિપાલની ઓફિસમાં ઘૂસી ગયું ત્યારે તણાવ વધ્યો. કેથોલિક કનેક્ટ સાથે વાત કરતા, એક અધિકૃત સૂત્રએ સમજાવ્યું કે ચર્ચે માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ફૂડ મેળાનું આયોજન કર્યું હતું કારણ કે ચર્ચ પાસે આવા કાર્યક્રમો માટે પૂરતી જગ્યા નથી. કાર્યક્રમના દિવસે, રમતોના કાઉન્ટર સાથે ૧૩ શાકાહારી કાઉન્ટર અને ૩-૪ માંસાહારી કાઉન્ટર સ્થાપિત કરવામાં આવ્યા હતા. શાકાહારી ખોરાક અને માંસાહારી ખોરાકના કાઉન્ટર ૧૦૦ મીટરના અંતરે હતા. માંસાહારી વસ્તુઓમાં પ્રોન બિરયાની, ચિકન બિરયાની, મટન બિરયાની અને બ્રેડ ઓમેલેટનો સમાવેશ થાય છે. ફૂડ મેળામાં ૨૦થી વધુ શાકાહારી વસ્તુઓ પણ વેચાઈ હતી. સૂત્રએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કાર્યક્રમના દિવસે કોઈ સમસ્યા નહોતી. સોમવાર, ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, એક સ્થાનિક અખબારના અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે જે શાળા 'વિદ્યા મંદિર' તરીકે માનવામાં આવતી હતી તેમાં માંસ વેચાઈ રહ્યું હતું. અખબારના અહેવાલમાં કાચું માંસ વેચાઈ રહ્યું હોવાનું બહાર આવ્યું હતું. જોકે, સૂત્રએ સ્પષ્ટતા કરી હતી કે ફૂડ મેળામાં વિવિધ લોકો દ્વારા તેમના ઘરોમાં તૈયાર કરાયેલ પ્રોન બિરયાની, ચિકન બિરયાની, મટન બિરયાની અને બ્રેડ ઓમેલેટ જેવા રાંધેલા ખોરાક જ વેચાણ માટે રાખવામાં આવ્યા હતા. સૂત્રએ એક મીડિયા માધ્યમને જણાવ્યું હતું કે, જિલ્લાના નિયમિત ખાણીપીણીના સ્થળોએ માંસાહારી ખોરાક સામાન્ય રીતે ઉપલબ્ધ હોય છે. તેમણે ઉમેર્યું હતું કે મેળામાં લોકોની વિનંતી પર શાકાહારી અને માંસાહારી બંને વિકલ્પોનો સમાવેશ કરવાનો હેતુ હતો, અને કોઈપણ મૂંઝવણ ટાળવા માટે પ્રવેશદ્વાર પર સંપૂર્ણ મેનુ સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવામાં આવ્યું હતું, જેમાં કિંમતો અને દરેક કાઉન્ટરની વિગતો હતી. સૂત્રના જણાવ્યા અનુસાર, 'કેટલાક લોકો એવું માનતા હતા કે 'ફૂડ મેળા' શબ્દનો અર્થ સંપૂર્ણપણે શાકાહારી હશે, અને તે જ જગ્યાએ ગેરસમજ ઊભી થઈ.' VHP અને ABVPના સભ્યો મંગળવાર, ૧૧ નવેમ્બરના રોજ શાળામાં આવ્યા હતા અને વિરોધ કર્યો હતો અને કેમ્પસમાં માંસાહારી ખોરાક કેમ પીરસવામાં આવ્યો છે તે અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. ટોળાએ પ્રતિકૂળ અને ડરાવનારૂં વર્તન કર્યું હતું અને પ્રિન્સિપાલ, એક સાધ્વી, ને ઘેરી લીધા હતા અને તેમને શાળાના કોઈપણ શિક્ષક સાથે વાત કરવા દીધી ન હતી. પ્રિન્સિપાલ દ્વારા તેમની ચિંતાઓનો એક પછી એક ઉકેલ લાવવા માટે વારંવાર વિનંતી કરવા છતાં, ટોળાએ સાંભળ્યું નહીં અને ખૂબ જ આક્રમક રહ્યા જેના કારણે શાળાના અધિકારીઓને પોલીસની મદદ લેવી પડી. પ્રદર્શનકારીઓએ શાળાના પ્રિન્સિપાલ અને સ્ટાફ પર શાળાના ઓફિસમાં ત્રણથી ચાર કલાકથી વધુ સમય સુધી દબાણ કર્યું. જોકે આચાર્યએ સમાજના અમુક વર્ગોની લાગણીઓને ઠેસ પહોંચી હોય તો તેમણે દિલગીરી વ્યક્ત કરી હતી, પરંતુ લોકોના ટોળાએ માંગ કરી હતી કે શાળાના આચાર્ય માફી પત્ર જારી કરે અને તેમના પદ પરથી રાજીનામું આપે. દબાણ હેઠળ, આચાર્યને આખરે લોકોના ટોળા દ્વારા ગુજરાતીમાં લખાયેલ લેખિત માફી પત્ર જારી કરવાની ફરજ પડી હતી. આચાર્યને માફી પત્ર સોંપતી વખતે લોકોના ટોળા સાથે ફોટો પડાવવાની પણ ફરજ પડી હતી.

આ લાંબા સંઘર્ષ દરમિયાન, પરિસ્થિતિના તણાવને કારણે પ્રિન્સિપાલ બીમાર પડી ગયા અને બાદમાં તેમને તાવ આવ્યો, જેના કારણે તેમને આરામ અને સંભાળની જરૂર પડી. પરિસ્થિતિ હવે શાંત થઈ ગઈ છે, અને સંબંધિત લોકો સાથે વાતચીત દ્વારા ગેરસમજ દૂર કરવામાં આવી છે. ચર્ચ ધીરજ અને સ્પષ્ટતા સાથે તેની સેવા ચાલુ રાખે છે, તેના પર લાવવામાં આવેલી ચિંતાઓનો શાંતિથી જવાબ આપે છે.

૨૪ વર્ષની ઉંમરમાં લૂંટેરી દુલ્હને ૧૫ લગ્ન કર્યા ! : બનાસકાંઠાથી લઈ ગીર સોમનાથ સુધી ૧૦ જિલ્લાના યુવકો પાસેથી ૫૨ લાખ પડાવ્યા

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૦

ગુજરાતના અલગ-અલગ જિલ્લામાં યુવકો સાથે લગ્ન કરી પૈસા પડાવનાર લૂંટેરી દુલ્હન ટોળકીને મહેસાણા પોલીસે ઝડપી પાડી છે. આરોપીની પૂછપરછ દરમિયાન પોલીસ પણ ચોકી ઉઠી હતી. ગેંગમાં જે ચાંદની નામની યુવતી ઝડપાઈ છે. તેણે માત્ર ૨૪ વર્ષની ઉંમરમાં ૧૫ લગ્ન કર્યા હોવાનો ખુલાસો થયો છે. તમામ લોકો પાસેથી રોકડ અને દાગીના મળી ૫૨ લાખ રૂપિયા પડાવાયા હતા. મહેસાણા પોલીસે ચાંદનીની સાથે અન્ય એક યુવતીને પણ ઝડપી પાડી છે તેને પણ ચાર લગ્ન કર્યા હોવાની વિગતો મળી છે. લગ્ન માટે કન્યાની તલાશ કરતા યુવકોને આ ટોળકી શોધી કાઢતી હતી. ત્યારબાદ ચોક્કસ રકમ લઈ યુવતીના તેની સાથે લગ્ન કરવામાં આવતા. લગ્નના થોડા જ દિવસોમાં યુવતી ત્યાંથી રફુચક્કર થઈ જતી. યુવક દ્વારા જ્યારે આ મામલે ફોન કરવામાં આવે અને પૈસા પરત માગવામાં આવે તો દુષ્કર્મ કેસમાં ફીટ કરવાની ધમકી આપતા. આ ગેંગનો ભોગ બનેલા યુવકોમાં બહુચરાજીનાં આદીવાડાનો એક યુવાન પણ સામેલ છે. જેની ફરિયાદનાં આધારે પોલીસે આ ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ દિવાડાના મહેશ (નામ બદલેલ છે)નામના યુવકના ૧૨ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ અમદાવાદની ચાંદની રમેશભાઈ રાઠોડ સાથે લગ્ન થયા હતા. લગ્ન પહેલાં અને લગ્ન વખતે આરોપીઓએ ફરિયાદી પાસેથી રૂપિયા પાંચ લાખ, સોના-ચાંદીના દાગીના, કપડાં અને મોબાઈલ ફોન મેળવ્યા હતા. લગ્નના માત્ર ચાર દિવસ બાદ જ ચાંદનીના કથિત બનેવી રાજુભાઈ ઠક્કર આદીવાડા ગામે આવ્યા અને ચાંદનીના પિતા બીમાર હોવાનું કહી તેણીને પોતાની સાથે લઈ ગયા હતા.

ત્યાર બાદ ચાંદની ઘરે પરત ન આવતા અને મોબાઈલ બંધ આવતા ફરિયાદી

ભાજપે મમતા બેનરજી પર બંગાળમાં 'છેતરપિંડી સાથે બોગસ મતદાર આધાર'ને બચાવવા માટે SIRને રોકવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૨૦

ભાજપે આરોપ લગાવ્યો છે કે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા સામે ફરિયાદ કરી રહ્યા છે અને તે અંગે નાટકનો આશરો લઈ રહ્યા છે કારણ કે, તેમનું રાજકીય અસ્તિત્વ 'છેતરપિંડીથી બનાવેલા' મતદાર આધારને 'રક્ષણ' આપવા પર આધારિત છે. તૃણમૂલ કોંગ્રેસ

ભાજપના પ્રદીપ ભંડારીએ CECને લખેલા મમતા બેનરજીના પત્રને હતાશાની નિશાની ગણાવી અને આરોપ લગાવ્યો કે, તેઓ TMCના આધારને બચાવવા માટે મતદાર યાદીને યોગ્ય કરવાનું રોકવા માંગે છે

(TMC)ના સુપ્રીમો બેનરજીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને પત્ર લખીને આરોપ લગાવ્યો હતો કે, રાજ્યમાં ચાલી રહેલી ખાસ સઘન સુધારણા (SIR) કવાયત 'અનિયોજિત અને બળજબરીપૂર્વક' હાથ ધરવામાં આવી રહી છે, જેનાથી નાગરિકો અને અધિકારીઓ જોખમમાં મૂકાઈ રહ્યા છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, આ SIR કવાયત 'ચિંતાજનક' અને 'ખતરનાક' તબક્કામાં પહોંચી ગઈ છે અને તેઓએ 'તાત્કાલિક સુધારાત્મક કાર્યવાહી'ની માંગ કરી હતી. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ મુખ્ય ચૂંટણી કમિશનરને લખેલા બેનરજીના પત્રને 'નિરાશાના સંકેતો' ગણાવ્યા હતા અને તેમના પર તેને સત્તામાં રાખનાર ઈકોસિસ્ટમને બચાવવા માટે મતદાર યાદી કવાયતને રોકવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે, SIR કવાયત અટકાવવા માટે મમતા બેનરજીએ ચૂંટણી પંચને પત્ર લખ્યો તે એ સ્વીકાર છે કે, TMCનું ટોચનું નેતૃત્વ ગભરાઈ ગયું છે. વર્ષોથી TMC ગેરકાયદેસર ઘૂસણખોરી અને બોગસ મતદારોથી લાભ મેળવતો હતો. હવે જ્યારે SIR દ્વારા મતદાર યાદી નવી કરવામાં આવી રહી છે અને નકલી એન્ટ્રીઓ દૂર કરવામાં આવી રહી છે, ત્યારે મમતા ગભરાઈ રહી છે. તે નર્વસ છે અને TMC તે જ ઈકોસિસ્ટમને બચાવવાનો પ્રયાસ કરી રહી છે જેણે તેને સત્તામાં રાખી હતી. પશ્ચિમ બંગાળ માટે ભાજપના સહ-પ્રભારી અમિત માલવિયાએ દાવો કર્યો હતો કે, બેનરજી SIR પ્રક્રિયાની ફરિયાદ કરવાનું ચાલુ રાખશે કારણ કે તે જાણે છે કે હવે 'ફાંસો કડક થઈ રહ્યો છે' અને ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં તેણીને હારનો ભય છે. તેમનું રાજકીય અસ્તિત્વ કપટપૂર્ણ અને ગેરકાયદેસર માધ્યમો દ્વારા આવેલા મતદાતા આધારને બચાવવા પર આધારિત છે. ૨૦૨૬માં પશ્ચિમ બંગાળ રાજ્ય માટે મુખ્યમંત્રી પસંદ કરશે. માલવિયાએ જણાવ્યું હતું કે, ભારત સાત દેશો સાથે તેની આંતરરાષ્ટ્રીય જમીન સરહદો ધરાવે છે, જે કુલ ૧૫,૧૦૬.૭ કિ.મી. સુધી ફેલાયેલી છે. આમાંની સૌથી લાંબી સરહદ બાંગ્લાદેશ સાથે છે, જે ૪૦૮૬.૭ કિ.મી. સુધી ફેલાયેલી છે, જે પશ્ચિમ બંગાળ, આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમને સ્પર્શે છે. બીએસએફ આ સમગ્ર વિસ્તારનું રક્ષણ કરે છે, છતાં પશ્ચિમ બંગાળમાં 'ગેરકાયદેસર ઘૂસણખોરીનું ઉચ્ચતમ સ્તર' જોવા મળ્યું છે. માલવિયાએ દાવો કર્યો હતો કે, શાસક ટીએમસીનો આધાર કોલકાતા પ્રેસિડેન્સી ક્ષેત્રમાં જીતેલી બેઠકો પર રહે છે, જેમાં કોલકાતા અને દક્ષિણ અને ઉત્તર ૨૪ પરગણાના ભાગોનો સમાવેશ થાય છે. તેમણે દાવો કર્યો હતો કે, આ એવા વિસ્તારો પણ છે જ્યાં 'મહત્તમ ઘૂસણખોરી અને નકલી મતદારોનું સૌથી વધુ પ્રમાણ' જોવા મળ્યું છે. આ પ્રદેશ સતત ચૂંટણી દરમિયાન વ્યાપક હિંસાનો સાક્ષી છે અને કુખ્યાત ડાયમંડ હાર્બર તેનો એક ભાગ છે.

રાજસ્થાનમાં SIRની કામગીરી કરી રહેલા ચૂંટણી પંચના બે કર્મચારીઓનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ, પરિવારજનોએ કામના દબાણનું કારણ દર્શાવ્યું

મળતા અહેવાલો અનુસાર SIR સુપરવાઈઝર સંતરામ (ઉંમર ૪૫)નું બુધવારે મોડી રાત્રે છાતીમાં દુઃખાવો થયા પછી હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું, તેઓ કરૌલી જિલ્લામાં શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે, SIRની ફરજને કારણે એમના ઉપર કામનું ખૂબ જ દબાણ હતું અને ત્રણ દિવસ પહેલા એમને નોટિસ પણ મળી હતી

(એજન્સી) જયપુર, તા.૨૦

એક અત્યંત આઘાતજનક ઘટનામાં રાજસ્થાનમાં મતદારયાદી સઘન રિવિઝન કવાયતની કામગીરી બજાવી રહેલા એક બીએલઓ અને એક SIR સુપરવાઈઝરનું મૃત્યુ હૃદયરોગના હુમલાથી થયું હોવાનું જાહેર થયું હતું. બીએલઓને હૃદયરોગનો હુમલો આવ્યો તેના પાંચ મિનિટ પહેલા એમને એમના સુપરવાઈઝર તરફથી ફોન આવ્યો હતો. જ્યારે SIR સુપરવાઈઝરને ત્રણ દિવસ પહેલાં નોટિસ મળી હતી. અહેવાલો અનુસાર એસઆઈઆર સુપરવાઈઝર સંતરામ (ઉંમર ૪૫)નું બુધવારે રાત્રે છાતીમાં દુખાવો થયા પછી હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું હતું. તેઓ કરોલી જિલ્લામાં એક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કેઅ SIRની ફરજને કારણે એમના ઉપર કામનું જબરદસ્ત દબાણ હતું અને ત્રણ દિવસ પહેલા એમને નોટિસ પણ મળી હતી. સંતરામના ભાઈ રાજેન્દ્રસિંહ જણાવ્યું હતું કે, સંતરામને ૧૭મી નવેમ્બરે એમના સુપરવાઈઝર અધિકારી તરફથી નોટિસ મળી હતી અને કામની ગતિ કેમ નથી આવી એ અંગે એમનો ખુલાસો પૂછ્યો હતો. એક તરફથી પરિવારની જવાબદારી અને બીજી તરફ SIRના બોજાને કારણે મારા ભાઈ અત્યંત માનસિક રીતે તનાવવામાં હતા. જ્યારે હરિરામ નામના ૩૪ વર્ષના બીએલઓનું સવાઈ માધો પુરમાં મૃત્યુ થયું હતું. તેઓ પણ શિક્ષક હતા અને પરિવારજનોએ કહ્યું છે કે, એમના મૃત્યુ પહેલા પાંચ મિનિટ પહેલા એમને તહેસીલદારનો ફોન આવ્યો હતો અને તેઓ તરત જ ઢળી પડ્યા હતા. પરિવારજનો એમને હોસ્પિટલ લઈ ગયા હતા પણ તબીબોએ એમને મૃત જાહેર કર્યા હતા. તેમના પિતાએ આક્ષેપ કર્યો હતો કે, SIRની કામગીરી અંગે તહેસીલદાર જયપ્રકાશ રોલન તેમના ઉપર ખૂબ જ દબાણ કરી રહ્યો હતો અને જેના કારણે તેઓ છ દિવસથી માનસિક રીતે હતાશામાં જોવા મળ્યા હતા અને ઘરમાં પણ કોઈની સાથે વાત કરતા નહોતા. તહેસીલદારે કોઈપણ બીએલઓ ઉપર દબાણ હોવાનો આક્ષેપને નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે હરિરામ પણ ખૂબ જ સારી રીતે કામ કરતો હતો. આજે તમામ બિલ બીએલઓ ને ઉચ્ચ સત્તાવાળાઓ તરફથી કંઈક સૂચનાઓ મળી હતી. અત્રે એ નોંધવું પડે કે ત્રણ દિવસ પહેલા પણ રાજસ્થાનમાં મુકેશકુમાર નામના બીએલઓએ SIR ફરજના દબાણથી આત્મહત્યા કરી લીધી હતી.

નેપાળના વડાપ્રધાન કાર્કીએ તાજેતરની GenZ અને UML કાર્યકરો વચ્ચે અથડામણો પછી રાજકીય ઉશ્કેરણી અંગે ચેતવણી આપી; બારા જિલ્લામાં કર્ફ્યુ લંબાવવામાં આવ્યો

વડાપ્રધાને ૧૧૦થી વધુ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી અને નેપાળના નેતૃત્વમાં પેઢીગત પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, UML કાર્યકરો અને Gen-Z જૂથ વચ્ચે અથડામણ બાદ નેપાળના બારા જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે

(એજન્સી) તા.૨૦

જનરેશન Z ચળવળ અને પૂર્વ શાસક કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ-યુનિફાઈડ માર્ક્સિસ્ટ લેનિનિસ્ટ (CPN-UML) સાથે સંકળાયેલા યુવા વિરોધીઓ વચ્ચે અથડામણ બાદ નેપાળના બારા જિલ્લાના કેટલાક ભાગોમાં બુધવારે લાદવામાં આવેલ કર્ફ્યુ ગુરૂવારે રાત્રે ૮ વાગ્યા સુધી લંબાવવામાં આવ્યો હતો. જિલ્લા વહીવટીતંત્રે જણાવ્યું હતું કે પરિસ્થિતિ વધુ ખરાબ થતી અટકાવવા અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે પ્રતિબંધો અમલમાં રહેશે. આ બંને જૂથોએ જિલ્લા એરપોર્ટ નજીકના સિમારામાં સમાંતર રેલીઓ યોજી ત્યારે આ તણાવ વધ્યો. ત્યારબાદ તરત જ હિંસા શરૂ થઈ ગઈ, સુરક્ષા દળોએ ભીડને વિખેરી નાખી અને વિસ્તારના મુખ્ય ભાગોમાં કર્ફ્યુ લાગુ કર્યો. પોલીસે બાદમાં જણાવ્યું કે પરિસ્થિતિ સ્થિર છે અને કોઈ ગંભીર ઈજાના અહેવાલ નથી. સપ્ટેમ્બરમાં યુવા આગેવાની હેઠળના બળવા પછી કેપી શર્મા ઓલી સરકારને ઉથલાવી દીધી હતી. "જનરેશન ઝેડ બળવા" તરીકે ઓળખાતું આ આંદોલન સોશિયલ મીડિયા પર ટૂંકા પ્રતિબંધ પછી ફાટી નીકળ્યું હતું પરંતુ ઝડપથી આર્થિક સ્થિરતા અને ભ્રષ્ટાચારને લઈને મોટા પાયે વિરોધ પ્રદર્શનોમાં વિસ્તર્યું હતું. ૮ અને ૯ સપ્ટેમ્બરના રોજ હિંસક પ્રદર્શનોમાં ઓછામાં ઓછા ૭૬ લોકો માર્યા ગયા હતા, જે દરમિયાન ૭૩ વર્ષીય ઓલીને હાંકી કાઢવામાં આવ્યા અને સરકારી ઈમારતો, અદાલતો અને સંસદ પર હુમલો કરવામાં આવ્યો હતો. ઓલીની હકાલપટ્ટી પછી નિયુક્ત થયેલા પૂર્વ મુખ્ય ન્યાયાધીશ, વચગાળાના વડાપ્રધાન સુશીલા કાર્કીએ બુધવારે રાત્રે સંયમ રાખવાની અપીલ કરી હતી. રાજકીય નેતાઓને "અનિચ્છનીય ઉશ્કેરણી" સામે ચેતવણી આપતા, તેમણે તમામ પક્ષોને ૫ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાનારી રાષ્ટ્રીય ચૂંટણીઓ પહેલા લોકશાહી પ્રક્રિયાઓનું સન્માન કરવા વિનંતી કરી છે. તેમણે કહ્યું કે, મેં ગૃહ વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓને શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે અત્યંત સંયમ અને તૈયારી સાથે કામ કરવાનો નિર્દેશ આપ્યો છે. કાર્કીએ ૧૧૦થી વધુ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે પણ ચર્ચા કરી, નેપાળના નેતૃત્વમાં પેઢીગત પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે આ દેશ નવી પેઢીના હાથમાં હોય અને તેનું સંચાલન દૃષ્ટિ ધરાવતા લોકો દ્વારા કરવામાં આવે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, ગુરૂવારે સવારે સિમારા ચોક ખાતે ભીડ એકઠી થઈ ત્યારે વિરોધ ફરી શરૂ થયો, જેના કારણે પોલીસ કાર્યવાહી અને કર્ફ્યુના આદેશો ચાલુ રાખવા પડ્યા હતા. ૭૩ વર્ષીય કાર્કી હવે આ રાષ્ટ્રમાં જાહેર ગુસ્સો, રાજકીય વિભાજન અને રાજ્ય સંસ્થાઓમાં વ્યાપક અવિશ્વાસના અસ્થિર સંક્રમણમાંથી પસાર કરવાના પડકારનો સામનો કરી રહ્યા છે. આ દરમિયાન, હ્યુમન રાઈટ્સ વોચ (HRW)એ ૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ યુવા આગેવાની હેઠળના "જનરલ ઝેડ" વિરોધ પ્રદર્શન દરમિયાન નેપાળના સુરક્ષા દળો પર અપ્રમાણસર અને ગેરકાયદેસર બળનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો છે અને સુશીલા કાર્કીના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારને બે દિવસથી વધુ સમય સુધી ચાલેલી હિંસાની સ્વતંત્ર અને સમયમર્યાદા સાથે તપાસ કરવા હાકલ કરી છે. HRWના એક વિગતવાર અહેવાલમાં, પોલીસે ૮ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧૨:૩૦થી ૪ વાગ્યાની વચ્ચે કાઠમંડુમાં યુવા પ્રદર્શનકારીઓ પર વારંવાર ગોળીબાર કર્યો, જેમાં એકલા રાજધાનીમાં ઓછામાં ઓછા ૧૭ લોકો માર્યા ગયા હતા. HRWના જણાવ્યા મુજબ, અધિકારીઓએ ચેતવણી વિના ગોળીબાર કર્યો અને ટીયર ગેસથી વિરોધીઓને વિખેર્યા પછી પણ ભારે બળનો ઉપયોગ કર્યો. તે સમયે ભીડ મોટાભાગે શાંતિપૂર્ણ હતી અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ તરીકે ઓળખાતી પોલીસ યુનિટ દ્વારા ડઝનબંધ અટકાયતીઓને કથિત રીતે કસ્ટડીમાં માર મારવામાં આવ્યો હતો. ૯ સપ્ટેમ્બરના રોજ હિંસા વધુ તીવ્ર બની હતી, જ્યારે ટોળાએ પોલીસ સ્ટેશનો પર હુમલો કર્યો, સંસદ અને સુપ્રીમ કોર્ટ સહિત સરકારી ઈમારતોને આગ ચાંપી દીધી અને રાજકારણીઓ અને પત્રકારો પર હુમલો કર્યો હતો.

લાલ કિલ્લા વિસ્ફોટ પછી કાશ્મીરી વેપારીઓ અને વિદ્યાર્થીઓને દેશભરમાં અલગ ચીતરવાની અને ધાકધમકીઓ અપાઈ રહ્યાની સમસ્યાની વણઝાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીના લાલ કિલ્લાના વિસ્ફોટની તપાસ આગળ વધી રહી છે અને અનેક ચાવીરૂપ મુદ્દાઓ જાહેરમાં આવી રહ્યા છે ત્યારે દેશના અનેક વિસ્તારોમાંથી એવા ચિત્રો અને વીડિયો આવી રહ્યા છે જ્યાં કાશ્મીરીઓને હેરાનગતિ અને સતામણી કરવામાં આવી રહ્યા અને દેખાય છે અને એમને ચોક્કસ રીતે આતંકવાદી તરીકે જ ચીતરવામાં આવી રહ્યા છે અને એવી અનેક ફરિયાદો અને અહેવાલો આવી રહ્યા છે. હિમાચલપ્રદેશમાંથી એક નવો વીડિયો આવ્યો છે જેમાં શિયાળા માટેની ગરમ શાલ વેચવા ગયેલા બે કાશ્મીરી વેપારીઓને એક સ્થાનિક વ્યક્તિ ખૂબ જ ખરાબ ભાષામાં અને ઉદ્દનડ ભાષામાં વાત કરતો દેખાઈ રહ્યો છે અને કાશ્મીરી વેપારીઓનું અપમાન કરી રહ્યો છે. એ સ્થાનિક નાગરિક કાશ્મીરીઓ સામે ખૂબ જ આકરા શબ્દોનો ઉપયોગ કરતો દેખાય છે અને એમને એવો પૂછી રહેલો દેખાય છે કે, તમને હિમાચલમાં આવવાની પરવાનગી કોણે આપી. સ્થાનિક નાગરિકે પોતે આ વીડિયો ઉતારેલો છે જેમાં એ અહીં વેપાર કરવા આવેલા કાશ્મીરી વેપારીઓને ધમકી આપતો દેખાય છે અને એવી ચેતવણી આપતો દેખાય છે કે, જો તમે અમારી પંચાયતમાં આવવાની હિંમત કરશો તો તમારી બધી ચીજ વસ્તુઓ અમે જપ્ત કરી લેશું. કાશ્મીરીઓ ઉપર આરોપો મૂકતા આ વ્યક્તિ શાલ વેચનારાઓને ધમકાવે છે અને ઉપરથી કહે છે કે, કોઈ મોટો અકસ્માત પણ થઈ શકે છે. આવા લોકોને પોલીસની રક્ષણથી વિના રાજ્યમાં આવવા દેવા જોઈએ નહીં. આ કોઈ એકલદોકલ કે છૂટી છવાઈ ઘટના નથી. સંખ્યાબંધ કાશ્મીરીઓ સતત હેરાનગતિ સહન કરી રહ્યા છે અને ત્રાસવાદી હોવાના આક્ષેપો સહન કરી રહ્યા છે. અનેક કાશ્મીરી વેપારીઓએ ફરિયાદ કરી છે કે, સ્થાનિક નાગરિકો અને અમને મળતા લોકો પણ અમારા સામાનના થેલાની એવી શંકા રાખીને ચકાસણી કરે છે કે, અમારા થેલામાં વિસ્ફોટકો હશે અથવા તો હથિયારો હશે. બળજબરીથી એમના સામાન્ય ચકાસવામાં આવે છે એવી વેપારીઓની ફરિયાદ છે અને ઘણા કાશ્મીરી વેપારીઓએ એવો દાવો પણ કરે છે કે, એમને પંચાયત અને સ્થાનિક પોલીસની પૂર્વ ચકાસણી અને પૂર્વ મંજૂરી વિના છૂટથી હરવા-ફરવા દેવાતા નથી તેના કારણે ભયનું વાતાવરણ ઊભું થાય છે અને એમની હાલત પ્રતિબંધિત થઈ જાય છે. આ પ્રકારે કાશ્મીરીઓને શંકાની નજરે જોવામાં આવી રહ્યાની અને એમની હેરાનગતિ થઈ રહ્યાની દેશભરમાંથી અનેક ફરિયાદો મળ્યા બાદ જમ્મુ અને કાશ્મીર વિદ્યાર્થી સંઘ દ્વારા કાશ્મીરી વિદ્યાર્થીઓ માટે એક તાકીદની એડવાઈઝરી બહાર પાડવામાં આવી છે. કાશ્મીરી વિદ્યાર્થીઓને અચાનક તેમની હોસ્ટેલમાંથી કાઢી મૂકવામાં આવે છે અને ભાડે રાખેલા મકાનોથી પણ કાઢી મૂકવામાં આવી રહ્યા છે. અંગે વિદ્યાર્થી સંઘ દ્વારા ઊંડી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે અને નિવેદનમાં જણાવ્યું છે કે, દિલ્હી વિસ્ફોટથી થયેલી જાનહાનિનું અમને ખૂબ દુઃખ છે. કાશ્મીરીઓ દ્વારા હંમેશા આતંકવાદ સામે મજબૂતીથી પ્રતિકાર કરવામાં આવ્યો છે. અમે દિલ્હી વિસ્ફોટના મૃતકોના પરિજનો અને ઈજા પામેલાને અમારો સમર્થન વ્યક્ત કરીએ છીએ.

લાલ કિલ્લા વિસ્ફોટની તપાસ : અલ-ફલાહ યુનિવર્સિટીના વધુ ત્રણ ડોક્ટર અને એક મૌલવીની અટકાયત કરતી NIA

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીના લાલ કિલ્લા પાસેના મેટ્રો સ્ટેશનના દરવાજે થયેલા વિસ્ફોટની તપાસ આગળ વધી રહી છે અને ગુરૂવારે NIA દ્વારા વધુ ચાર આરોપીઓને દિલ્હી કોર્ટમાં રજૂ કર્યા હતા અને એવી દલીલ કરી હતી કે, આ ચારેય આરોપીઓએ ધડાકામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પુલવામાના ડૉ.મુઝમ્મિલ શકીલ ગનઈ, અનંતનાગના ડૉ.અદીલ અહેમદ રાથર, જમ્મુ અને કાશ્મીરના શોપિયાં વિસ્તારના મુફ્તી ઈરફાન અહેમદ વાગે તથા યુપીના લખનૌના ડૉ.શાહીન સઈદને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ચારેય આરોપીઓને NIA દ્વારા ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અંજુ બજાજ ચાંદનાની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને પૂછપરછ માટે વધુ રિમાન્ડની માગણી કરવામાં આવે તેવી શક્યતા છે. ગુરૂવારે NIA દ્વારા દિલ્હી વિસ્ફોટ બારામાં એક મૌલવી અને ત્રણ તબીબની ધરપકડ કરવામાં આવી હતી અને આજે જ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અગાઉ પોલીસે એમની ધરપકડ કરી અને પછી એમનો કબજો સોંપવામાં આવ્યો હતો.

દિલ્હી રમખાણોના કેસમાં દિલ્હી પોલીસની સુપ્રીમ કોર્ટમાં દલીલ : 'બુદ્ધિજીવીઓ આતંકવાદીઓ બને છે તે વધુ ખતરનાક વલણ છે'

દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે, એક એવો ટ્રેન્ડ ઉભરી આવ્યો છે, જેમાં બૌદ્ધિકો ડોક્ટર અને એન્જિનિયર બનવા માટે રાજ્યના ભંડોળનો ઉપયોગ કરી રહ્યા છે અને પછી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં જોડાઈ રહ્યા છે, સુપ્રીમ કોર્ટ કાર્યકર્તાઓ ઉમર ખાલિદ અને શરજીલ ઈમામની જામીન અરજીઓની સુનાવણી કરી રહી હતી

(એજન્સી) તા.૨૦

૨૦૨૦ના દિલ્હી રમખાણોમાં કાર્યકર્તાઓ ઉમર ખાલિદ, શરજીલ ઈમામ અને અન્ય લોકોની જામીન અરજીઓનો વિરોધ કરવા માટે દિલ્હી પોલીસે લાલ કિલ્લા વિસ્ફોટ કેસ અને સુપ્રીમ કોર્ટમાં તાજેતરમાં વ્હાઈટ કોલર આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરવાનો ઉલ્લેખ કર્યો હતો. દિલ્હી પોલીસ વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ જણાવ્યું હતું કે, એક એવો ટ્રેન્ડ ઉભરી આવ્યો છે જ્યાં બૌદ્ધિકો ડોક્ટર અને એન્જિનિયર બનવા માટે રાજ્યના ભંડોળનો ઉપયોગ કરી રહ્યા છે અને પછી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં જોડાઈ રહ્યા છે. આ કાર્યકર્તાઓની જામીન અરજીઓનો સખત વિરોધ કરતા ASGએ કહ્યું કે, જ્યારે બૌદ્ધિકો આતંકવાદી બને છે, ત્યારે તેઓ સામાન્ય લોકો કરતા વધુ ખતરનાક બની જાય છે. બુદ્ધિજીવી લોકો ડોક્ટર બનવા માટે રાજ્યના ભંડોળનો ઉપયોગ કરે છે પછી તેઓ ઘૃણાસ્પદ પ્રવૃત્તિઓ કરે છે. તેઓ વધુ ખતરનાક છે. આ ટિપ્પણીઓ સુરક્ષા એજન્સીઓ દ્વારા હરિયાણાની અલ-ફલાહ યુનિવર્સિટીમાંથી કાર્યરત જૈશ-એ-મોહમ્મદ સમર્થિત વ્હાઈટ કોલર આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યા પછી આવી છે. આ મહિનાની શરૂઆતમાં એક ડોક્ટરના પરિસરમાંથી લગભગ ૨૯૦૦ કિલોગ્રામ IED બનાવવાની સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. તેના એક દિવસ પછી, તેમના સાથી, ડૉ.ઉમર નબીએ પ્રતિષ્ઠિત લાલ કિલ્લાની બહાર એક કારમાં વિસ્ફોટ કર્યો હતો, જેમાં ૧૪ લોકો માર્યા ગયા. ત્યારથી ઘણા ડોક્ટરોની ધરપકડ અને અટકાયત કરવામાં આવી છે. દિલ્હી પોલીસે સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દો ઊઠાવ્યો હતો જ્યારે જસ્ટિસ અરવિંદકુમાર અને એન.વી. અંજારિયાની બેન્ચ ઈમામ, ખાલિદ અને અન્ય ત્રણ લોકોની જામીન અરજીઓની સુનાવણી કરી રહી હતી.

દિલ્હી રમખાણો કેસની સુનાવણી : ઈમામ અને ખાલિદ પર યુએપીએ કડક આતંકવાદ વિરોધી કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને આરોપ છે કે, તેઓ ફેબ્રુઆરી ૨૦૨૦માં નાગરિકતા સુધારો કાયદા (CAA)ને લઈને ઉત્તરપૂર્વ દિલ્હીમાં થયેલા કોમી રમખાણોનું કારણ બનેલા મોટા કાવતરાનો ભાગ હતા. આ હિંસામાં ૫૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને ૭૦૦થી વધુ ઘાયલ થયા હતા. આ સુનાવણી દરમિયાન દિલ્હી પોલીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે, હિંસા સ્વયંભૂ નહોતી, પરંતુ 'પૂર્વ-આયોજિત અને સુનિયોજિત' હુમલો હતો. એએસજીએ બિલ પસાર થવાના સમયે શરજીલ ઈમામ દ્વારા CAA વિરુદ્ધ 'ભડકાઉ ભાષણો' આપતા વીડિયો પણ બતાવ્યા. CAA અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનથી ભાગી ગયેલા ધાર્મિક લઘુમતીઓને ભારતીય નાગરિકત્વ આપે છે. એએસજી રાજુએ નિર્દેશ કર્યો કે ઈમામ એક એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ હતા. આજકાલ એક એવો ટ્રેન્ડ છે કે, ડોક્ટરો, એન્જિનિયરો તેમના વ્યવસાયો કરતા નથી પરંતુ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં જોડાય છે. ASGએ દાવો કર્યો હતો કે, કાર્યકરો દિલ્હીમાં પુરવઠો અટકાવવા અને આસામમાં 'ચિકન'સ નેક'ને આર્થિક રીતે દબાવવા માંગતા હતા (જે ઉત્તરપૂર્વને બાકીના ભારત સાથે જોડતો સાંકડો વિસ્તાર છે). તેમણે કહ્યું કે, તેમનો ઉદ્દેશ્ય શાસન પરિવર્તનનો હતો. તે એવી રીતે આયોજન કરવામાં આવ્યું હતું કે, તે ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત સાથે સુસંગત હતું. આ કોઈ સંયોગ ન હતો પરંતુ એક વિચારપૂર્વકનું કાવતરૂં હતું.

ડોનાલ્ડ ટ્રમ્પે એપ્સટિન તપાસ ફાઈલો જાહેર કરવાના આદેશ આપતા કાયદા પર હસ્તાક્ષર કર્યા

દ્વિપક્ષીય દબાણ વધતાં ન્યાય વિભાગને રેકોર્ડ જાહેર કરવા માટે ૩૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે

(એજન્સી) તા.૨૦

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે ન્યાય વિભાગને જાતીય ગુનેગાર જેફરી એપ્સટિન સામે લાંબા સમયથી ચાલી રહેલી તપાસમાંથી દસ્તાવેજો જાહેર કરવાનો નિર્દેશ આપતા કાયદા પર હસ્તાક્ષર કર્યા છે. ટ્રમ્પના રાજકીય વિરોધીઓ અને તેમના પોતાના આધારના બંને વિભાગો દ્વારા માંગવામાં આવેલી સામગ્રી, ૨૦૦૮માં વેશ્યાવૃત્તિ માટે સગીરને વિનંતી કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા તે પહેલાં એપ્સટિનના વર્તન અને સંગઠનો પર નવી માહિતી આપી શકે છે. ટ્રમ્પ અને અન્ય ઘણી અગ્રણી જાહેર હસ્તીઓ સાથે સંબંધ રાખનારા એપ્સટિનનું ૨૦૧૯માં મેનહટન જેલમાં મૃત્યુ થયું હતું. ફેડરલ સેક્સ-ટ્રાફિકિંગ આરોપો પર ટ્રાયલની રાહ જોઈ રહી હતી. ટ્રમ્પે અગાઉ રિપબ્લિકન કાયદા નિર્માતાઓને આ પગલાને અવરોધવા વિનંતી કરી હતી અને ચેતવણી આપી હતી કે, આંતરિક તપાસ રેકોર્ડ જાહેર કરવાથી રાષ્ટ્રપતિ પદ માટે હાનિકારક મિસાલ સ્થાપિત થઈ શકે છે. પરંતુ આ અઠવાડિયે તેમણે આ બિલને મજબૂત દ્વિપક્ષીય સમર્થન મળ્યું અને તે પસાર થવાનું નિશ્ચિત જણાયું હોવાથી તેમણે માર્ગ બદલી નાખ્યો હતો. સોશિયલ મીડિયા પોસ્ટમાં આ પગલાની ઉજવણી કરતા ટ્રમ્પે કહ્યું કે, આ પ્રકાશન 'ચોક્કસ ડેમોક્રેટ્સ અને જેફરી એપ્સટિન સાથેના તેમના જોડાણો વિશેની સત્યતા' ઉજાગર કરવામાં મદદ કરશે. એટર્ની જનરલ પામ બોન્ડીએ પુષ્ટિ આપી હતી કે, ન્યાય વિભાગ ૩૦ દિવસની અંદર ફાઈલો જાહેર કરશે, જો કે, ખુલાસો સંપૂર્ણ ન પણ હોય. કાયદો પીડિતોની વ્યક્તિગત વિગતો અને ચાલુ તપાસને જોખમમાં મૂકી શકે તેવી કોઈપણ માહિતીને રોકવાની મંજૂરી આપે છે. આ પારદર્શિતા માટે જાહેર દબાણ વધી રહ્યું છે. તાજેતરના રોઈટર્સ/ઈપ્સોસ પોલમાં જાણવા મળ્યું છે કે, ૪૪ ટકા રિપબ્લિકન સહિત માત્ર ૨૦ ટકા અમેરિકનો ટ્રમ્પે એપ્સટિન મામલાને કેવી રીતે હેન્ડલ કર્યો છે તે સ્વીકારે છે. ૬૦ ટકા રિપબ્લિકન સહિત ૭૦ ટકા ઉત્તરદાતાઓ માને છે કે, સરકાર એપ્સટિનના સહયોગીઓ વિશેની મુખ્ય માહિતી છૂપાવી રહી છે. ગયા અઠવાડિયે ટ્રમ્પે ફેડરલ તપાસકર્તાઓને એપ્સટિન સાથે જાહેરમાં જોડાયેલા ઘણા ડેમોક્રેટિક વ્યક્તિઓની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો, જેનાથી એવી ચિંતા વ્યક્ત થઈ હતી કે, તે વ્યક્તિઓ સાથે જોડાયેલી કેટલીક સામગ્રી છૂપાવી શકાય છે. ન્યાય વિભાગ ઘણીવાર રેકોર્ડ વિનંતીઓને નકારતી વખતે સક્રિય તપાસને સુરક્ષિત રાખવાની જરૂરિયાતનો ઉલ્લેખ કરે છે.

આ વર્ષની શરૂઆતમાં અદાલતોએ ટ્રમ્પના ન્યાય વિભાગ દ્વારા એપ્સટિન અને તેમના સહયોગી ઘિસ્લેન મેક્સવેલ, જે સગીર છોકરીઓના જાતીય શોષણમાં મદદ કરવા બદલ ૨૦ વર્ષની સજા ભોગવી રહ્યા છે, તેમની પૂછપરછમાંથી ગ્રાન્ડ જ્યુરી ટ્રાન્સક્રિપ્ટ્સ ખોલવાના પ્રયાસોને નકારી કાઢ્યા હતા.

ભાવનગરમાં ભાજપ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરતા કેન્દ્રીય મંત્રી અમિત શાહના પ્રહારો

બિહારની જેમ ભાવનગર મહાપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડાં સાફ કરી નાંખીશું

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર,તા.૨૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે(૨૦ નવેમ્બર) ભાવનગરની મુલાકાતે આવ્યા હતા. સભા સંબોધતા તેમણે કહ્યું કે, બિહારની જેમ ભાવનગરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સુપડા સાફ કરીશું. નવા કર્યાલયના ભવિષ્યના વિજય માટે અનેક અનેક શુભકામના. અમિત શાહે શહેરના નારી

(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

૨૦૨૪ પછી અનેક રેકોર્ડ કર્યા, મોદી સાહેબ સતત ત્રીજીવાર વડાપ્રધાન બન્યા, બિહારમાં ૨૦૧૦થી સતત આપણી સરકાર બનાવી, ઓડિશામાં પહેલીવાર સરકાર બની, હરિયાણામાં હેટ્રિક, મહારાષ્ટ્રમાં હેટ્રિક લગાવી, આંધ્રપ્રદેશમાં પહેલીવાર સરકાર બની. દિલ્હીમાં ૨૭ વર્ષ પછી ઝાડુથી આપની સફાઈ કરવાનું કામ કર્યું તેમણે વધુમાં જણાવ્યું હતું કે

એક બાજુ ઘૂસણખોરોને બચાવનારી કોંગ્રેસ અને બીજી તરફ તેઓને વીણીને બહાર કાઢનાર બીજેપી

ચોકડી નજીકમાં જિલ્લા ભાજપનું નવનિર્મિત ભાવ કમલમ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય કેબિનેટ મંત્રી મનસુખ માંડવિયા, કેન્દ્રીય રાજયમંત્રી નીમુબેન બાંભણીયા, ગુજરાતના કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી ભાજપ દેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા તથા ભાવનગર અને બોટાદ જિલ્લાના ધારાસભ્યો, પદાધિકારીઓ, સંગઠન તથા બુથ લેવલના પ્રમુખ અને કાર્યકરો આ સમારોહમાં ઉપસ્થિત છે. નારી ચોકડી નજીકના સભા સ્થળે પાર્કિંગ વ્યવસ્થા આ કાર્યક્રમમાં આવનાર લોકો માટે નારી ચોકડી નજીક સભા સ્થળથી દૂર બે સ્થળોએ અલાયદી પાર્કીંગ વ્યવસ્થા રાખવામાં આવી છે. સૌ પ્રથમ જિલ્લા ભાજપ કાર્યાલય 'ભાવ કમલમ'નું ઉદ્‌ઘાટન કર્યા બાદ સભા સ્થળે ખુલ્લી જીપમાં સવાર થઈ કેન્દ્રીય ગૃહમંત્રી, પ્રદેશ અધ્યક્ષ સહિતના નેતાઓ અભિવાદન ઝીલી સ્ટેજ પર પહોંચ્યા હતા. સભાને સંબોધતા અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે આપણે આપણા પક્ષને અને સંગઠનને મજબૂત બનાવવાનું છે આટલા વર્ષોમાં ઘણી ચૂંટણીઓ આપણે હાર્યા અને જીત્યા પણ છીએ આ હાર અને જીતમાંથી જ આપણે ઘણું શિખવાનું છે અને પક્ષને મજબૂત બનાવવા તેમણે હાકલ કરી હતી. કેન્દ્રીય મંત્રી અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે બિહારમાં ૧૯૨ સીટ સાથે આપણે ૫ મી વખત સરકાર બનાવી છે. ૬૦ કરોડ ગરીબોને ઘર, વીજળી, શૌચાલય, અનાજ સહિત લોકોને નરેન્દ્રભાઈ મોદીએ પુરી પાડી છે. એક બાજુ ઘૂસણખોરોને બચાવનારી કોંગ્રેસ પાર્ટી છે. દેશભરમાંથી એક એક ઘુસણખોરને વીણીવીણીને બહાર કાઢનારી આપણી ભારતીય જનતા પાર્ટી છે. આધુનિક કાર્યાલય બનવવા માટે કાર્યકરોને અભિનંદન પાઠવું છું. બધી જ પાર્ટીઓ નેતા આધારિત હતી અને આપણી પાર્ટી કાર્યકર્તા આધારિત પાર્ટી બની છે. ૨૦૧૫માં સમગ્ર દેશમાં દરેક જિલ્લામાં એક કાર્યાલય બનાવવાનું નક્કી કર્યું હતું. આજે ૭૮૭ જિલ્લામાંથી ૬૯૭ જિલ્લા કાર્યાલયનું કામ પૂરું થઈ ગયું છે. ગુજરાતમાં ૪૨ જિલ્લા કાર્યાલય બનાવવાના છે, ૨૫ પહેલેથી હતા. ૮ બની ચૂક્યા છે અને પનું કામ ચાલુ છે. હવે જગદીશભાઈ હવે બાકીનું રહ્યું સહ્યું કામ તમે પૂરું કરી નાંખો.

અમદાવાદ-રાજકોટમાં તો છેલ્લા પાંચ વર્ષનો રેકોર્ડ તૂટયો !

રાજ્યના ચાર મુખ્ય શહેરોમાં પ્રદૂષણના સ્તરમાં થયો વધારો : તબીબોની ચેતવણી

ડોક્ટરોએ સવારે-રાત્રે બહાર જવાનું ટાળવા અને માસ્ક પહેરવાની આપી સલાહ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

ગુજરાતમાં શિયાળાની શરૂઆતની સાથે છેલ્લા ૧૫ દિવસથી હવામાં પ્રદૂષણના સ્તરમાં વધારો થયો છે. ગુજરાતનાં ચાર મુખ્ય શહેર-અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં પ્રદૂષણના સ્તર ૧૮૦ને પાર થઈ જતાં તબીબોએ લોકોને ચેતવ્યા છે. આ શહેરોમાં સવારના અને સાંજના સમયે તો AQI (એર ક્વોલિટી ઈન્ડેક્સ)નો સ્તર ૨૦૦ને પાર પહોંચી જાય છે, જેને અનહેલ્થી ગણવામાં આવે છે. મહાનગરોનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૮૦ને પાર પહોંચવા લાગતાં તબીબોએ લોકોને ચેતવ્યા છે. ખાસ કરીને શ્વાસ અને હૃદયરોગના દર્દીઓને વહેલી સવારે અને રાત્રિના સમયે બહાર ન નીકળવા સલાહ આપી છે. જો બહાર નીકળવાનું થાય તો ફ્ર-૯૫ માસ્ક પહેરવા સલાહ આપવામાં આવી છે. નવેમ્બર ૨૦૨૫માં AQIની વાત કરીએ... તો અમદાવાદ અને રાજકોટમાં તો છેલ્લાં પાંચ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. ગુજરાતનાં મહાનગરોમાં નવેમ્બર મહિનામાં AQIમાં કેટલો વધારો થયો છે અને અનહેલ્થી સ્તરે પહોંચેલા આ સ્તરન કારણે દર્દીઓને અને સામાન્ય લોકોની હેલ્થને લઈ તબીબો પણ લોકોને સલાહ આપી રહ્યા છે. અમદાવાદ અને રાજકોટમાં નવેમ્બર મહિનાની શરૂઆત સાથે AQI ૧૮૦ને પાર પહોંચવા લાગ્યો છે. અમદાવાદ શહેરમાં આ વર્ષે ૧૯મી નવેમ્બરે છેલ્લાં પાંચ વર્ષમાં સૌથી વધુ ૧૯૪ અને રાજકોટમાં ૧૯૭ AQI નોંધાયો હતો. અમદાવાદ શહેરમાં છેલ્લા આઠ દિવસથી AQIમાં વધારો થયો છે અને ૨૦૦ની નજીક પહોંચ્યો છે. સવાર અને સાંજના સમયે તો ૨૦૦ને પાર પણ પહોંચી જાય છે. ૧૯ નવેમ્બરે સૌથી વધુ ૧૯૪ AQI નોંધાયો હતો. જયારે સુરત શહેરમાં પણ એર ક્વોલિટી ઈન્ડેક્સમાં વધારો થઈ રહ્યો છે, જે હવામાં પ્રદૂષણના સ્તરનો વધારો દર્શાવે છે. ૧૮ નવેમ્બરે સૌથી વધુ AQIનોંધાયો હતો. બીજી તરફ વડોદરામાં અમદાવાદ અને સુરતની સરખામણીએ AQIનો સ્તર ઓછો છે, જોકે ૧૭ નવેમ્બરે વડોદરામાં પણ ૧૮૪એ પહોંચ્યો હતો. રાજકોટમાં પણ છેલ્લા અઠવાડિયા દરમિયાન ૧૫૦ને પાર AQI પહોંચ્યો છે. ૧૯ નવેમ્બરે રાજકોટમાં સૌથી વધુ ૧૯૭ નોંધાયો હતો, જે છેલ્લાં પાંચ વર્ષમાં નવેમ્બર મહિનામાં સૌથી વધુ છે. AQIમાં થઈ રહેલા વધારાની સામાન્ય લોકો અને દર્દીઓના આરોગ્ય પર શું અસર થઈ શકે છે. એ જાણવા તબીબો સાથે વાત કરતા જનરલ ફિઝિશિયન ડોક્ટર મિતાલી સમોવાએ જણાવ્યું હતું કે દિવાળીથી લઈને અત્યારસુધીમાં અમદાવાદમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૮૦ આસપાસ નોંધાઈ રહ્યો છે. ત્યારે એનાથી બાળકો, વૃદ્ધો અને ખાસ કરીને ફેફસાના દર્દીઓને આનાથી સૌથી વધુ નુકસાન થતું હોય છે. આ એર ક્વોલિટી બગડવાને કારણે અને પ્રદૂષણને કારણે બાળકો-વડીલોમાં અસ્થમાના રોગથી પીડાતા દર્દીઓમાં ખાસ કરીને એની અસર થતી હોય છે. આવા લોકોને છાતીમાં ભાર જેવો અનુભવ થઈ શકે, એલર્જી થઈ શકે, છીંકો આવી શકે. અત્યારે શ્વાસની બીમારી ધરાવતા દર્દીઓ હોસ્પિટલમાં એડમિટ થતા જોવા મળતા હોય છે. ખૂબ નાનાં બાળકોમાં તો ન્યુમોનિયા અને અન્ય રોગના લીધે મૃત્યુ થવાના કેસ પણ વધતા જોવા મળે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપણે જવાબદારીપૂર્વક પ્રદૂષણ ઓછું થાય એને લઈને વધુમાં વધુ પ્રયત્ન કરીએ. બિનજરૂરી ધુમાડો કે એવી કોઈ વસ્તુનો ઉપયોગ ન કરીએ. ઘરે એર પ્યોરિફાયર વસાવી શકાય અને બહાર જતી વખતે N-૯૫ અથવા N-૯૯ ફેસ માસ્ક પહેરી શકાય. વહેલી સવારે અને રાત્રે મોડા બહાર નીકળવાનું ટાળવું જોઈએ. અમદાવાદ મેડિકલ એસોસિયેશનના પ્રમુખ ડો. જિજ્ઞેશ શાહે જણાવ્યું હતું કે અત્યારે અમદાવાદમાં પ્રદૂષણનું પ્રમાણ ખૂબ જ વધારે થઈ ગયું છે. શિયાળામાં હવાનું પ્રમાણ ઓછું થઈ જાય અને જે બધાં પ્રદૂષિત કરતાં તત્ત્વો, જેમ કે ધૂળના રજકણો છે, ગેસ છે કે કન્સ્ટ્રક્શનનું બધું જે મટીરિયલ છે એ હવામાં નીચલા સ્તરે રહે અને એટલે દરેક શિયાળામાં આ થવાની શક્યતા વધારે રહે, પરંતુ જ્યારે પ્રદૂષણનું પ્રમાણ વધારે હોય ત્યારે નાનાં બાળકો, વડીલો, જેમને દમની બીમારી હોય કે હૃદયની બીમારી હોય તેવા લોકો માટે આવા સમયમાં બહાર નીકળવું ઘણીવાર તબિયતને નુકસાનકારક થઈ શકે છે. તો બહાર જવાનું ટાળવું જોઈએ અને જો બહાર જવાનું થાય જ, તો શક્ય હોય તો N૯૫ માસ્ક પહેરો. ઘરમાં બારી-દરવાજા બંધ રાખો અને જો પોસિબલ હોય તો એર પ્યુરિફાયર વાપરો. આ પ્રદૂષણનું પ્રમાણ ખાલી દર્દીઓને અસર નથી કરતું, નોર્મલ તંદુરસ્ત માણસને પણ આંખમાં બળતરા થવી, ગળામાં ખીચખિચાટ થવી, શ્વાસ લેવામાં તકલીફ પડવી જેવી અસરો થઈ શકે છે.

ગુજરાતમાં પોલીસ ભરતીને હાઈકોર્ટની લીલી ઝંડી : ત્રણ વર્ષથી અટકેલી આર્મ્ડ અને રિઝર્વ PSI ભરતી પ્રક્રિયા આગળ વધી શકશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

ગુજરાતના પોલીસ તંત્ર માટે આજે એક મહત્વપૂર્ણ રાહતભર્યો દિવસ રહ્યો, કારણ કે ગુજરાત હાઈકોર્ટએ લગભગ ત્રણ વર્ષથી અટકેલી હથિયારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટર અને રિઝર્વ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર ભરતી પ્રક્રિયાને મંજૂરી આપી છે. ગુરુવારે જસ્ટિસ નિર્જર દેસાઈએ તમામ પડતર અરજીઓને ફગાવી દેતા, લાંબા સમયથી ચાલતી કાનૂની અનિશ્ચિતતાનો અંત આવ્યો છે. આ ભરતી પ્રક્રિયા શરૂઆતમાં ૨૦૨૨માં સ્પેશિયલ કોમ્પેટિટિવ એક્ઝામિનેશન દ્વારા શરૂ થઈ હતી, પરંતુ દરેક તબક્કે નિષ્ફળ રહેલા ઉમેદવારો દ્વારા નવી નવી અરજીઓ થઈ હતી, જેના કારણે આખી પ્રક્રિયા અટકતી ગઈ. જાન્યુઆરી ૨૦૨૫માં પણ એક અલગ ચેલેન્જ હાઈકોર્ટએ ફગાવી હતી, જેમાં પોલીસના મોટર ટ્રાન્સપોર્ટ વિભાગના કેટલાક કર્મચારીઓએ આ ભરતીમાં સમાવેશ કરવાની માંગ કરી હતી. પછી એપ્રિલ ૨૦૨૫માં આન્સર કી જાહેર થયા બાદ, કેટલાક ઉમેદવારોએ ફરી અરજીઓ કરીને દાવો કર્યો કે પ્રશ્નો બહારના સિલેબસના છે, ખોટા છે અથવા જવાબોમાં ગેરસુઝાવ છે. કેટલાક પિટિશનર્સે ૪૦% ક્વોલિફાઈંગ માર્ક્સની મર્યાદા ૩૫% સુધી લાવવાની માંગ પણ કરી. રાજ્ય સરકાર તરફથી જણાવાયું કે તમામ વિવાદિત પ્રશ્નો વિષય નિષ્ણાતો સમક્ષ મુકવામાં આવ્યા હતા અને વિગતવાર સમજૂતીઓ આપવામાં આવી હતી. ખામીદાર માનવામાં આવેલા પ્રશ્નો પહેલેથી જ રદ કરી દેવામાં આવ્યા હતા, જેથી કોઈ ઉમેદવારને નુકસાન ન થાય. ઘણા વાંધા ખોટી સમજ, ખોટા અભિપ્રાય અથવા સિલેબસને ગેરરીતે વાંચવાના કારણે ઉઠાવવામાં આવેલ હોવાનો સરકારનો દાવો હતો. સરકારના વકીલે કોર્ટમાં દલીલ કરી કે પિટિશનરો મૂળભૂત રીતે પોતાનો પેપર ફરીથી ચકાસાવવા માંગે છે, જે કાયદેસર શક્ય નથી. તેમણે કહ્યું કે ભરતી શરૂ થાય તે પહેલાં નક્કી કરાયેલા કટ-ઓફમાં હવે ફેરફાર કરી નિષ્ફળ ઉમેદવારોને લાભ આપી શકાતા નથી. રેકોર્ડ મુજબ, કુલ ૧૧૯૯ ઉમેદવારો પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા. લાંબી કાનૂની લડાઈથી પોલીસ દળમાં પણ મતભેદ સર્જાયા હતા—એક તરફ તે ઉમેદવારો કે જેઓ પસંદગી પરીક્ષા પાર કરીને પ્રમોશનની રાહ જોઈ રહ્યા હતા અને બીજી તરફ તેઓ કે જેઓ નિષ્ફળ થયા પછી પ્રક્રિયામાં અવરોધ ઊભો કરી રહ્યા હતા. જસ્ટિસ દેસાઈએ સ્પષ્ટ કહ્યું કે પિટિશનોમાં કોઈ વાજબી આધાર નથી અને કોર્ટએ એક્સ્પર્ટની મૂલ્યાંકન પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવો નહીં. તેથી તમામ અપીલો ફગાવી દેવામાં આવી. આ ચુકાદો એવા સમયે આવ્યો છે જ્યારે ગુજરાત આંતરરાષ્ટ્રીય રમતો, વધતી શહેરી જનસંખ્યા અને આધુનિક પોલીસિંગ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પોતાની પોલીસ દળને વધુ મજબૂત કરવા પ્રયત્નશીલ છે. રાજ્યનું ગૃહવિભાગ હાલ AI આધારિત ટ્રાફિક સિસ્ટમ્સ, સ્માર્ટ સર્વેલન્સ નેટવર્ક અને ઝડપી પ્રતિભાવ ક્ષમતાઓ જેવી આધુનિકીકરણની યોજનાઓ પર કામ કરી રહ્યું છે. દસથી વધુ રાઉન્ડની કાનૂની લડાઈ બાદ હાઈકોર્ટના આ મહત્વના ચુકાદાથી હવે PSI અને RPSIની ભરતી પ્રક્રિયા ફરી ગતિ પકડી શકશે. વર્ષો સુધી અટકેલા પ્રમોશન, પોસ્ટિંગ અને હાયરાર્કીમાં ફેરફારો હવે સરળતાથી થઈ શકશે, જે પોલીસ તંત્રમાં વહીવટી સ્થિરતા લાવશે. ગુજરાતની પોલીસ વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે આ ચુકાદો એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થવાનો છે.

ગુજરાતમાં ૬ નવી DEO કચેરીને મંજૂરી

અમદાવાદ શહેર, સુરત, રાજકોટ, ગાંધીનગર, વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજન થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેર, સુરત, રાજકોટ, ગાંધીનગર, વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજનને મંજૂરી આપી છે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વિભાજિત કરવામાં આવી છે. તેમજ રાજકોટ, વડોદરા, ગાંધીનગર અને સુરતને શહેર અને ગ્રામ્ય એમ બે ભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. તેમજ કચ્છ જિલ્લાને બે ભાગમાં વિભાજન કરીને અંજાર પૂર્વ અને કચ્છ - ભુજમાં પશ્ચિમ DEO કચેરીને મંજૂરી અપાઇ છે. ગુજરાતમાં ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં ખૂબ વધારો થયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા શહેરોમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ સ્કૂલોની સંખ્યા વધી ગઈ હતી. જેના કારણે મોટા શહેરોમાં આવેલી વર્તમાન જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ પર કામનું ભારણ વધી જતું હતું. વર્તમાન જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ પર કામનું ભારણ વધવાના કારણે ઘણી ફાઇલો પેન્ડિંગ રહેતી હતી. જેથી શાળા સંચાલક મંડળ દ્વારા શિક્ષણ વિભાગમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજન માટે રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને પગલે શિક્ષણ વિભાગ દ્વારા ૬ નવી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને મંજૂરી આપવામાં આવી છે.

કચ્છ સૌથી મોટો જિલ્લો હોવાથી એક જ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી હતી. જેથી શાળા સંચાલકોએ અને ધક્કા ખાવા પડી રહ્યા હતા. જેથી હવે કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું વિભાજન કરવામાં આવ્યું છે. અંજારમાં પૂર્વ DEO કચેરી અને કચ્છ-ભુજમાં પશ્ચિમ DEO કચેરીને મંજૂરી આપવામાં આવી છે. જેમાં પૂર્વ વિસ્તાર અંજારમાં ૨૫૮ શાળાઓને અને પશ્ચિમ વિસ્તાર કચ્છ-ભુજમાં ૩૨૯ સ્કૂલ રાખવામાં આવી છે. કચેરીનું વિભાજન થતા નવી કચેરીઓનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે.

અમદાવાદ શહેરની કચેરીનું પણ પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ શહેર પૂર્વ DEO કચેરીમાં ૧૨૪૨ સ્કૂલ અને અમદાવાદ શહેર પશ્ચિમ DEO કચેરીમાં ૬૫૦ સ્કૂલ રાખવામાં આવી છે.

વડોદરા ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને મંજૂરી આપવામાં આવી છે. જેમાં કુલ ૧૦૧૮ સ્કૂલમાંથી વડોદરા ગ્રામ્ય DEO કચેરીમાં ૨૯૮ સ્કૂલ અને વડોદરા શહેર DEO કચેરીમાં ૭૨૦ સ્કૂલને રાખવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને પણ ગ્રામ્ય અને શહેર વિસ્તારમાં વિભાજન કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૪૪૫ સ્કૂલમાંથી ગ્રામ્ય DEO કચેરીમાં ૨૭૧ સ્કૂલ અને શહેર DEO કચેરીમાં ૧૭૪ સ્કૂલ રાખવામાં આવી છે. સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું પણ શહેર અને ગ્રામ્ય એમ બે ભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૧૭૭૯ સ્કૂલમાંથી ગ્રામ્ય વિસ્તાર/ પૂર્વ વિસ્તાર DEO કચેરીમાં ૩૭૮ સ્કૂલ અને શહેર વિસ્તાર/ પશ્ચિમ DEO કચેરીમાં ૧૪૦૧ સ્કૂલ રાખવામાં આવી છે.

કોમનવેલ્થના આયોજનને લઈ હર્ષ સંઘવીની આગેવાનીમાં ગ્લાસગોમાં પ્રેઝન્ટેશન કરાશે

૨૪-૨૭ નવેમ્બર દરમિયાન યોજાનારી એસેમ્બલી માટે મ્યુનિ. કમિશનર પણ સાથે જશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૦

કોમનવેલ્થ ગેમ્સ- ૨૦૩૦ના અમદાવાદ ખાતે આયોજનને લઈને ગેમ્સ પ્રપોઝલનું પ્રેઝન્ટેશન કરવા હર્ષ સંઘવીની આગેવાનીમાં ચાર સભ્યોની ટીમ ગ્લાસગો ખાતે જશે. જેમાં અમદાવાદ મ્યુનિ. કમિશનર બંછાનિધી પાની પણ જોડાશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ૨૪ નવેમ્બરથી ૨૭ નવેમ્બર સુધી સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે કોમનવેલ્થ સ્પોર્ટસની જનરલ એસેમ્બલી મળનારી છે. જેમાં કોમનવેલ્થ ગેમ્સ- ૨૦૩૦નું અમદાવાદ ખાતે આયોજન કરવા માટે ગેમ્સ પ્રપોઝલનું પ્રેઝન્ટેશન કરવામાં આવનાર છે. પ્રેઝન્ટેશન પછી જનરલ એસેમ્બલી દ્વારા મતદાન કરવામાં આવશે અને અમદાવાદને યજમાન શહેર તરીકે પૃષ્ટી આપતો હોસ્ટ કોલબ્રેશન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. જેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા ૨૪થી ૨૭ નવેમ્બર દરમિયાન ડેપ્યુટી સી.એમ. હર્ષ સંઘવી, રાજ્યકક્ષાના રમતગમત મંત્રી જયરામ ગામીત, સ્પોર્ટસના પ્રિન્સીપાલ સેક્રેટરી અશ્વિની કુમાર અને અમદાવાદ મ્યુનિ. કમિશનર બંછાનિધી પાનીને ગ્લાસગો મોકલવા મંજુરી આપી છે. રાજ્ય સરકારની મંજુરીના પગલે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ અંગે તાકીદનું કામ મુકવામાં આવ્યું હતું. જેમાં મ્યુનિ. કમિશનરને ગ્સાસગો ખાતે મોકલવા તથા તે અંગે આનુષાંગિક ખર્ચ મ્યુનિ. કોર્પોરેશને ભોગવવા તેમજ જરૂરી કાર્યવાહી કરવા માટેની સત્તા મ્યુનિ. કમિશનરને આપવા માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજુરી આપવામાં આવી છે.

રાજ્ય સરકારમાં ફરી એકવાર બદલીઓનો દોર શરૂ

રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા વર્ગ-૨ મામલતદારોની એક સાથે કરાઈ બદલી

વિવિધ જગ્યાએ ફરજ બજાવતા ૩૯ અધિકારીઓની બદલીના હુકમો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૦

રાજ્યમાં ફરી એકવાર સરકાર દ્વારા બદલીઓનો દોર શરૂ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા ૩૯ મામલતદારની બદલી કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. મહેસૂલ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના મામલતદાર, વર્ગ-૨ સંવર્ગમાં ફરજ બજાવતા ૩૯ અધિકારીઓની તાત્કાલિક બદલી કરવામાં આવી છે. જેમાં રાજકોટ કલેક્ટર કચેરીના PRO, જમીન સંપાદન મામલતદાર, ધોરાજી, લીલીયા, મોરબી અને દ્વારકા સહિતના મામલતદારોની બદલી કરાઈ છે. રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર આદેશ મુજબ આ તમામ અધિકારીઓને તેમના હાલના કાર્યસ્થળ (કોલમ-૨) પરથી તાત્કાલિક અસરથી બદલી કરીને તેમના નામ સામે દર્શાવેલ નવા સ્થળે (કોલમ-૪) નિમણૂક આપવામાં આવી છે. આ બદલીના આદેશોનો હેતુ વહીવટી નિયંત્રણ જાળવવાનો અને રાજ્યભરમાં મહેસૂલી કામગીરીને વધુ અસરકારક બનાવવાનો છે. જે અધિકારીઓની બદલી કરવામાં આવી છે, તેમની યાદી મહેસૂલ વિભાગની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. મહેસૂલ વિભાગમાં આમ તો ઘણા અધિકારીઓની બદલીઓ પેન્ડીંગ હોવાનું જાણવા મળે ઉછે. જોકે તેમાંથી હાલ આ મામલતદારોની બદલી થતો આગામી સમયમાં ફરી વધુ બદલીઓ કરવામાં આવી શકે તેમ મનાય છે.

ગુજરાત ટુડે

હજુ ઘણા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ભારે ઉદાસીનતા જોવા મળે છે ત્યારે...

જાગો હજુ પણ સમય છે... આ કિંમતી સમય વીતી જશે અને તમે જો તમારી આળસને કારણે આગામી મતદારયાદીમાંથી બાકાત થઈ ગયા તો સંભવ છે કે તમારી આવનારી પેઢીઓ તમને માફ ન કરે. આપણા કેટલાક વડીલોએ દાખવેલી આળસ-અજ્ઞાનતા કે બેદરકારીના અમુક માઠાં પરિણામો આપણે આજે ભોગવી રહ્યા છીએ કયાંક એ પરંપરાના તમે પણ વાહક ન બની જાવ એનો ખાસ ખ્યાલ રાખજો.

જો વર્તમાન મતદારયાદી સુધારણામાં તમારૂં નામ નહીં હોય, તમારા આશ્રિતોનું નામ નહીં હોય તો એના દુષ્પરિણામો સંભવ છે કે તમારી આગામી પેઢીઓને ભોગવવા પડી શકે છે માટે જ સક્રિય બનો અને વહેલામાં વહેલી તકે 'સર'નું ફોર્મ ભરી દો.

જાતે જ જાગૃત બનો અને અન્યોને પણ જગાડો

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS